
અક્ષરનાદ.કોમ પ્રસ્તુત




# સરદાર ચંદુલાલ શાહ

હર્ષદ દવે
પ્રકાશ પંડ્યા

# બોલિવુડના બેતાજ બાદશાહ
# સરદાર ચંદુલાલ શાહ

**લેખક**

**હર્ષદ દવે અને પ્રકાશ પંડ્યા**

પ્રકાશન

અક્ષરનાદ
AksharNaad.com

Bollywood na betaaj badshah, Sardar Chandulal Shah

Book by Harshad Dave and Prakash Pandya

Published by Aksharnaad.com for Authors


Copyright © Harshad Dave & Prakash Pandya

All rights reserved.

The copyrights of this book are owned by the person(s) mentioned in the above notice. No part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means, mechanical, electronic, photocopying, recording or otherwise without the prior written permission of the copyright holder(s). Aksharnaad can identify and legally challenge any such infringement viz. illegal distribution / copies / usage of this restricted material.

First Edition May 2018

Price: NIL



ચંદુલાલભાઈ શાહના પુત્ર



ડાબેથી લેખકશ્રી હર્ષદ દવે, શ્રી ચંદુલાલભાઈ શાહના પુત્ર અને શ્રી પ્રકાશભાઈ પંડ્યા

# પેનિલેસ સરદાર

## અનુક્રમ


૧. સપનાંનો સરંજામ /3

૨. ચંદુ અને ચલચિત્ર /૮

3. શૂળીનો ઘા /૧3

૪. સુહાના સફર /૧૯

૫. અંતે હંટરવાલી મુંબઈ પહોંચી /૨૪

૬. આ મુંબઈ છે... /૨૯

૭. જીવનનાં રંગ / 3૬

૮. બદલાતાં સમીકરણો.../૪૬

૯. ફિલ્મક્ષેત્રે પદાર્પણ /૫૦

૧૦.રણજીત મૂવીટોન /૫૫

૧૧. ગુજરાતી ફિલ્મો /૫૯

૧૨. વનલતાની વસમી દશા /૬૪

૧3. ગૌહર મામાજીવાલા /૬૮

૧૪. ભારતીય સિનેમાનો સુવર્ણયુગ /૭૨

૧૫. ભૂલનો એકરાર /૭૮

૧૬. ૧૯૪૦ પછીનાં વર્ષો.../૮૩

૧૭. જિંદગીની વાસ્તવિકતા /૯૦

૧૮. દલસુખ પંચોલી અને ચંદુલાલ /૯૭

૧૯. પાણીદાર ગૌહર /૧૦૧

૨૦. કસોટીનો કાળ કે કાલની કસોટી /૧૦૫

૨૧. મજબૂરી /૧૧૦

૨૨. પેનિલેસ સરદાર /૧૧૪

પરિશિષ્ટ - ૧. ચંદુલાલ શાહની ચલચિત્ર યાત્રા/૧૨૨

પરિશિષ્ટ - ૨. ગૌહર મામાજીવાલાની ચલચિત્ર યાત્રા /૧૩૧

પરિશિષ્ટ - ૩. ફિલ્મી દુનિયાને લગતા કેટલાક રસપ્રદ સવાલ જવાબ /૧૩૪

પરિશિષ્ટ - ૪. કેટલાક ભારતીય અભિનેતાઓની પહેલી ફિલ્મ /૧૪૨

પરિશિષ્ટ - ૫. મધુબાલાની ચિત્રયાત્રા /૧૪૪

પરિશિષ્ટ - ૬. યે હૈ બમ્બઈ મેરી જાન.../૧૪૮

પરિશિષ્ટ - ૭. દાદા સાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કલાકારો /૧૫૪

૧. સપનાંનો સરંજામ.

ચંદુની બાએ જેસંગભાઈને કહ્યું, 'આજ સવારથી ચંદુ દેખાતો નથી...ક્યાં ગયો છે? તેણે તમને કાંઈ કહ્યું છે?'

'ના, ગયો હશે રમણને ત્યાં.' જેસંગભાઈએ કહ્યું.

પણ એ બંનેને ક્યાં ખબર હતી કે તેનો ચંદુ ક્યાં ગયો છે!

વધુ કાંઈ વાત થાય એ પહેલાં જેસંગભાઈએ બહાર આવી ચંદુની બાના હાથમાં એક કાગળ મૂકતાં કહ્યું, 'લે આ વાંચ, ચંદુ ઘરમાં હોય તો દેખાય ને!'

***

એ નસીબની બલિહારી કહેવાય કે જેને વિષે લોકો કાંઈપણ જાણતા ન હોવા છતાં તેને આધારે જીવન જીવવાનો પ્રયત્ન કરતાં હોય છે! પણ અહીં તો નસીબ ઊઘડે તે માટે તેને અજમાવવાની વાત હતી. અને નસીબદાર હોય તો કોઈ કોઈના નસીબનું પાંદડું ફરી પણ જાય છે! ચંદુની જ વાત કરું તો તે અહીં સાવ નવરો ધૂપ. વળી અહીં તો કશું હતું જ નહીં.

રમણ ચંદુને કહે, 'ચંદુ, ચાલને આપણે પણ મુંબઈ જઈને આપણું નસીબ અજમાવીએ. કાંઈ નહીં તો મજૂરી કરશું, અહીં તો કાંઈ કામ જ નથી મળતું.'

ચંદુએ કહ્યું, 'તારી વાત તો સાચી છે, મને ય મુંબઈ જવાનું બહુ મન થાય છે.'

રમણ ખુશ થઈને બોલ્યો, 'કર્યું તે કામ, તો ચાલો કરીએ કંકુના...!'

રમણના સામાનમાં ખાસ કાંઈ નહોતું. થીગડાં મારેલી થેલી, એક જૂની પતરાની બેગ, એક કોથળામાં થોડો પરચુરણ સામાન હતો. અને ચંદુ પાસે અભરે ભરેલાં સપનાનો સરંજામ હતો! એટલી ખબર હતી કે માંડવી થઈને મુંબઈ જવાય. તેઓ પહોંચ્યા માંડવી બંદરે. થોડી તપાસ કરી. પણ તેમના જેવા તો કેટલાય યુવકો ત્યાં હતા અને કેટલાક પાસે તો પૈસા પણ હતા. ચંદુ અને રમણ પાસે એકપણ પૈસો ન હતો. ઘરે કોઈને કહ્યું ન હતું અને નીકળી પડ્યા હતા. પણ ચંદુએ તેના બાપુના ઓશિકાં નીચે એક પત્ર લખીને રાખી દીધો હતો તેમાં તેણે લખ્યું હતું:

'પૂજ્ય બાપુ,

આમ તો તમે મને બધી છૂટ આપી છે. પરંતુ હું મુંબઈ જવા ઈચ્છું છું તે વાત કરતાં મને ડર લાગે છે કે કદાચ તમે ના પાડો તો. એ ભયે હું તમને કહ્યા વગર જ મુંબઈ જવા નીકળું છું. મારી ચિંતા ન કરશો. ત્યાં જઈ હું તમને પત્ર લખીશ. તમે બા સાથે એકવાર વાત કરતા હતા કે: 'આપણો ચંદુ અભ્યાસમાં તેજ છે, જામ સાહેબ કહેતા હતા કે, 'તેને વધુ ભણવા માટે મુંબઈ મોકલો. તમે ચિંતા ન કરશો, હું છું ને!' આ હું સાંભળી ગયો હતો. બા પણ મને જવા ન દે તેની મને ખાતરી છે. તમે તેમને સમજાવી દેજો. મારો ભાઈબંધ રમણ પણ મારી સાથે છે. તમને કહ્યા વગર નીકળી રહ્યો છું તો મને માફ કરજો. કરશો ને? મુંબઈ પહોંચીને હું તમને મારું સરનામું મોકલીશ, તમે મને જવાબ લખજો.

એજ લિ. ચંદુના પ્રણામ.'

***

માંડવી બંદર પર ચંદુ અને રમણ આમતેમ ફરતા હતા. એક ઠેકાણે ભીડ જોઈ તેઓ તે તરફ ચાલ્યા. રમણે કોઈને પૂછ્યું, 'અમારે મુંબઈ જવું છે તો શું કરવું?' એટલે ભીડમાંથી કોઈ કહે 'હંટરવાલી' તમને લઇ જશે.' તેમને થયું કે કેવી હશે આ હંટરવાલી! હંટરનો ઉપયોગ કોને મારવા માટે કરતી હશે?

રમણ કહે, 'આપણે નથી જવું, ચાલો પાછા. આપણી પાસે તો પૈસા પણ નથી.'

ત્યાં એક આગબોટ પાસે ઉભેલો ખલાસી જેવો માણસ બોલ્યો. 'ચાલો જેને મુંબઈ જવું હોય તે આ આગબોટમાં બેસી જાઓ.'

અને ચંદુ રમણનો હાથ ખેંચી સહુની સાથે ભીડમાં ધક્કામુક્કીમાં અંદર પહોંચી ગયો. રમણ કહે, 'વાહ ચંદુ! મને ખબર જ છે કે ભલે હું કાંઈ ન કરી શકું પણ તું તો જરૂર કાંઇક કરી બતાવશે. તું હિંમતવાળો છે.'

ચંદુ બોલ્યો, 'પણ પૈસા માગવા આવશે ત્યારે?' મારો પ્રશ્ન સાંભળી રમણ ચૂપ થઇ ગયો. થોડીવાર પછી ચંદુને સમજાયું કે આગબોટનું નામ હંટરવાલી છે. રમણ કહે, 'આ કાસમની આગબોટ છે.'

અને આગબોટ ચાલી કે તરત જ કાસમ બધા પાસેથી પૈસા લેવા લાગ્યો. ચંદુને થયું કે હવે શું કરશું. પૈસા તો નથી, શું કરશે આ કાસમ? આગબોટમાંથી ઉતારી મૂકશે? પાણીમાં તરવું પડશે, અને સામાન પણ જશે કે શું? ચંદુ આવી ગડમથલ કરતો હતો ત્યાં જ કાસમ ચંદુની પાસે આવ્યો અને પૈસા માગ્યા. 'એ...ય, તને કહું છું, પૈસા લાવ.' ચંદુ ચૂપચાપ ઊભો રહ્યો. કાસમ અનુભવી હતો, 'પૈસા નથી ને મુંબઈની મોજ કરવી છે કેમ! એમ નહીં ચાલે, તારે રોજ આ આગબોટની ફરસ સાફ કરવી પડશે.

નહીં તો ખાવા પીવા નહીં મળે.' ચંદુએ કહ્યું, 'ભલે.' કાસમ ફરી બોલ્યો, 'અને સાંભળ, 'આગબોટનાં ખલાસીઓને તારે જ સમયસર જમવા આપવાનું છે, સમજ્યો કે નહીં?' ચંદુએ કહ્યું, 'હા, તમે જે કહેશો તે કરીશ.' તેને મનમાં શાંતિ થઇ ગઈ કે ખાવા-પીવા મળશે અને મુંબઈ પણ પહોંચી જવાશે. ચંદુ બહુ આનંદિત થયો પણ તેણે ચહેરો ગંભીર જ રાખ્યો. ચંદુનો જવાબ સાંભળી કાસમ ખુશ થયો હોય તેમ લાગ્યું. અને કાસમ ચંદુની બાજુમાં રમણ ઊભો હતો તેની પાસે ગયો. રમણે ચંદુની વાતચીત સાંભળીને કહ્યું, 'તમે જે કહેશો તે હું કરીશ. મારે શું કરવાનું છે તે મને કહી દો.' કાસમ પોતાની બોટમાં અમારા જેવા પૈસા વગરના લોકોને બેસાડતો હતો અને આગબોટમાં કામ કરાવી બીજી રીતે ટિકિટની રકમ વસૂલી લેતો હતો.

આમ તેઓ આગબોટમાં કાંઈ સાવ મફતમાં મુસાફરી નહોતા કરતા. ખીસામાં એક પાઈ પણ નહોતી તો પણ હવે તેમના મનમાં કોઈ ચિંતા નહોતી થતી કે મુંબઈમાં ક્યાં જઈશું અને શું કરશું.

આ હંટરવાલી આગબોટની ઝડપ બહુ ઓછી હતી એવું ઘણાં મુસાફરો કહેતા હતા. પહેલી વખત આગબોટમાં બેઠા હતા તેથી ચંદુ અને રમણને તો તેમાં ખાસ ખબર પડતી ન હતી કે જો આ ઓછી ઝડપ હોય તો વધારે ઝડપ કોને કહેવાય. તેઓ રાતે ડોકનાં પાટિયાં ઉપર સૂઈ રહેતાં. ચંદુ આકાશમાં તારા ગણતો અને ખરતા તારાને જોઈ રહેતો. તેને થતું આ ખરતો તારો આગબોટ પર પડે તો શું થાય? તેણે વિચાર્યું કે હું તો તરત જ દરિયામાં કૂદી પડું. તેને ખાતરી હતી કે રમણ પણ પોતાની પાછળ દરિયામાં જરૂર કૂદી પડે. આકાશનો અંધકાર જોઈ ચંદુને થતું કે આ તારા કેવી રીતે ચમકતા હશે? ત્યાં ફાનસ કોણ સળગાવતું હશે? જો કે તેનું વાંચન ઘણું

હતું તેથી તે મનોમન સમાધાન મેળવી લેતો. સવારે ખલાસીઓના હોંકારા પડકારા સાંભળી ચંદુ જાગી જતો, તેને ઉઠીને તરત જ કામે લાગી જવું પડતું. તે મહેનતુ હતો એટલે તેને ખાસ કાંઈ વાંધો આવતો ન હતો. પણ રમણને એવી ટેવ ન હતી તેથી તે ચંદુ પાસે ફરિયાદ કરતો. ચંદુ તેને ધીરજ રાખવાનું કહેતો. બીજું તે કરી પણ શું શકે? તેમને ઘર જેવું તો નહીં પણ ચાલે તેવું અને તેટલું ખાવાનું મળતું. દિવસમાં ત્રણ વખત ભોજન મળતું પણ કામ સખત રહેતું.

રમણ પૂછતો હતો, 'આપણે મુંબઈ પહોંચીને રહેશું ક્યાં અને ખાશું શું?'

***

૨. ચંદુ અને ચલચિત્ર...

બહુ જૂની વાત નથી. સો સવાસો વર્ષ કાંઈ બહુ ન કહેવાય. અઢારમી સદીના છેલ્લા દોઢેક દાયકામાં 'કચકડું' શબ્દ વધારે પ્રચલિત બનવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ન્યૂયોર્કમાં ૧૯૦૭ માં પેટ્રોલિયમમાંથી બનેલું પ્લાસ્ટિક બાકાયદા પહેલીવાર વપરાશમાં આવ્યું અને તે ઝડપથી લોકપ્રિય બનવા લાગ્યું. સેલ્યુલોઇડમાંથી કે સરેસમાંથી બનેલી પ્લાસ્ટિકની પટ્ટીને ફિલ્મ કહે છે. (તેનો અર્થ 'ચિત્રપટ' નો પર્યાય બની ગયો!). આમ તો ૧૮૯૫ થી જ તેના પર પ્રયોગો શરુ થઇ ગયા હતા. પરિણામે ફોટો પાડવાની અને તસવીર ખેંચવાની શરુઆત થતા લોકોને હરતો-ફરતો વિચાર આવ્યો કે તસવીર હાલતી ચાલતી દેખાય તો કેવી મઝા પડે! અને સંશોધકો છેવટે એવી શોધ કરીને જ જંપ્યા. ત્યારબાદ સિનેમેટોગ્રાફ, સિનેમેટોગ્રાફર અને સિનેમા શરુ થયા અને સિને ઉદ્યોગ (ફિલ્મ ઇન્ડસ્ટ્રી) શરુ થઇ ગયો! તસવીર બનાવવાની રીતનો સો વર્ષમાં એટલો જબ્બર વિકાસ થયો કે વાત ન પૂછો. અધૂરામાં પૂરું થયું કમ્પ્યૂટર યુગ આવ્યો! અને ટેકનિકલર બની આન. કલર ફિલ્મો પણ ઓરવો, કોડક અને ઈસ્ટમેન કંપનીની રંગત જમાવવા લાગી!

આ વિકાસના તબક્કા બહુ રસપ્રદ છે. તેમાં પણ ફિલ્મ પહેલાં બાઇસ્કોપમાં શરુ થઇ 'ન  બોલ્યામાં નવ ગુણ ધરાવતી' અવાક ફિલ્મો. પણ પછી ટૂંક સમયમાં જ 'બોલે તેના બોર વેચાય' એ ન્યાયે સહુ પોતપોતાના બોર વેચવા લાગ્યા. એટલે કે બોલતી ફિલ્મોનો પ્રવાહ શરુ થયો જે ગંગાનાં બારમાસી પાણીની જેમ અવિરતપણે આજે પણ નિરંતર વહ્યા કરે છે...અને પછી એ પાણીમાં કલર ભળ્યો...અર્થાત રંગીન મૂવીઝ બનવાં લાગ્યાં!

***

રંગભૂમિનું સ્થાન રજતપટે લીધું. લોકોને કથા-વાર્તાઓમાં આદિકાળથી રસ પડતો આવ્યો છે. એમાં પણ નાટ્યગૃહમાં અને જયારે સિનેમામાં વાસ્તવિકતાને ટક્કર માટે એવો અભિનય નટ-નટી કે અભિનેતા, અભિનેત્રી દર્શાવે ત્યારે લોકો ધસારો ન કરે તો જ નવાઈ. હવે પડદાએ અને અભિનયકળાએ એવું તાદાત્મ્ય સાધ્યું કે લોકો  પડદાને ભૂલી જ ગયા. અને હળવે રહીને રૂપેરી પડદો રંગીન પણ બની ગયો એટલે હકીકત અને કલ્પનાનાં મિશ્રિત શરબત જેવી અવનવી કોકટેલ કથાઓ સહુને વધારે ભાવવા લાગી. અને ત્યારપછી મોબાઈલની મનગમતી મિરાત મળી જતા સ્ક્રીનને ટોટલ ટચ મળી ગયો! ટચ સ્ક્રીન પર ટચ કરતા નવી પેઢીને શીખવવું નથી પડતું. તેઓએ જેમ અભિમન્યુએ સાત કોઠાની વિદ્યા મેળવી હતી તેમ પ્રારંભિક અવસ્થામાં જ મોબાઈલ મૂવમેન્ટ-જ્ઞાન મેળવી લીધું હોય છે!

અને ચંદુ જેવા યુવકો ખરેખર કહી શકે કે 'હમારી તકદીર હમારી મુઠ્ઠી મેં હૈ,!' તો શું ચંદુએ તેના નસીબને પોતાના વશમાં કરી લીધું હતું?

***

ચંદુનું મૂળ નામ તો ચંદુલાલ જેસંગભાઈ શાહ. જ્ઞાતિ ભાટિયા. પૂજા કરીને પાણી પીએ. સંસ્કારી ઘરનો યુવક. તેને પણ મુંબઈનું આકર્ષણ હતું. ઘર બહારની દુનિયા જોવાનો તેનો ઉત્સાહ અદમ્ય હતો. જન્મ ગુજરાતના જામનગરમાં, ૧૮૯૮ માં. જામનગરમાં તેમના પિતાનું નામ આદર સાથે લેવાતું. ચંદુના પિતાજીને જામ સાહેબ રણજીતસિંહ સાથે બહુ સારા સંબંધો હતા. અને જામ સાહેબ સાથે સારા સંબંધો એટલે લોકોની નજરમાં માન-મરતબો અને મોભો. તેથી ઘણા લોકો તેમની સાથે બહુ જ

સારો ઘરોબો રાખવા ઈચ્છતા! અને નિશાળમાં શિક્ષકો પણ ચંદુનું ખાસ ધ્યાન રાખતા હતા. ચંદુ ભણવામાં હોંશિયાર હતો.

ચંદુને વાર્તા વાંચવાનો ખૂબ જ શોખ હતો. તેનું સામાન્ય જ્ઞાન પણ તેથી જ મબલખ હતું. વાર્તાનાં પુસ્તકોમાં તે એટલો ડૂબી જતો કે તેને ખાવા-પીવા કે સૂવાનું પણ ભાન ન રહેતું. તેના હાથમાં પુસ્તક આવે એટલે એકી બેઠકે પૂરું કરે! જામનગરના પુસ્તકાલયનો કદાચ તે જ સહુથી વધારે ઉપયોગ કરતો હશે. આથી જ તેને અનેક વિષયોનું ઘણું જ્ઞાન હતું. હૈયાઉકલત તો તેને તેના પિતા પાસેથી વારસામાં મળી હતી. રોબીન્સન ક્રૂઝો, સિંદબાદની સફર, ૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા, કોલંબસ, અરેબિયન નાઈટ્સ, લા મિઝરેબલ, યુદ્ધ અને શાંતિ, ટારઝન, રુદ્ર પ્રયાગનો માણસખાઉ દીપડો, શ્રીકાંત, ઘરેબાહિરે, ચિરકુમાર સભા, દેવદાસ, વિપ્રદાસ, ગીતાંજલિ અને એવી કેટલીયે કથાઓ ચંદુ  અત્યંત રસપૂર્વક વાંચતો. કોઈ કોઈ તો બે-ત્રણ વાર વાંચતો. તેને દરેક વિષયમાં બહુ જ રસ પડતો.

તેના મિત્રો પણ તેની પસંદગીના હતા. તેમાં રમણ તેનો સહુથી પાકો ભાઈબંધ. તે સાધારણ ઘરનો છોકરો હતો. રમણ નાટક જોવાનો બહુ રસિયો. આસપાસનાં ગામમાં ક્યાંય નાટક મંડળી આવી હોય તો તે અચૂક ત્યાં પહોંચી જતો. ચંદુ પણ તેની સાથે જતો. તેવામાં તેને ખબર પડી કે હાલતાં-ચાલતાં ચિત્રોનું ચિત્રપટ આવે છે. આમ તો તેણે વાંચ્યું હતું કે ચલચિત્રની શોધ ૧૮૯૫ માં થઇ ગઈ હતી. ૧૯૧૩ માં પૂર્ણ કક્ષાનું પ્રથમ હિન્દી ચલચિત્ર બન્યું 'રાજા હરિશચંદ્ર' અને તે તેણે જામ સાહેબની મહેરબાનીથી અમરદીપ થીએટરમાં પાટિયા પર બેસીને જોયું. ૧૫ વર્ષની ઉમરે તે આશ્ચર્યચકિત થઇ ગયો અને તે  થનગની ઉઠ્યો. તેણે મનમાં ગાંઠ વાળી કે હવે તો મુંબઈ જવું જ છે. તેને ખબર હતી કે ફ્રાન્સના લુમિયેર બ્રધર્સની ફિલ્મોનો ભારતનો પ્રથમ ફિલ્મ શો મુંબઈની વોટસન હોટેલમાં યોજાયો હતો ૧૮૯૬ ની સાતમી

જુલાઈએ. તે એકાદ મિનીટ માંડ ચાલતી. તેવી છ સાત ફિલ્મો જોવા મળતી. તો પણ લોકો એક રૂપિયા જેવી માતબર રકમ ખર્ચીને તે જોવા માટે જાણે પાગલ હોય તેમ જતા! પરંતુ ચંદુએ આ પહેલાં એકપણ હાલતી-ચાલતી ચિત્રોની ફિલ્મ જોઈ ન હતી.



પૂર્ણ કક્ષાનું પ્રથમ ચલચિત્ર રાજા હરિશચંદ્ર (1913)નું એક દૃશ્ય

***

આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પોતાની ચાંદની સમુદ્ર પર રેડી રહ્યો હતો. અને સમુદ્ર પણ તેથી આનંદમાં આવીને ઉછાળા મારતો હતો. આગબોટનાં ખલાસીઓને સુકાન અને દિશા બંને સંભાળવાના હતા. જો દિશાચૂક થઇ જાય તો...કલ્પના કરો કે તેઓ સાગરમાં ભૂલા પડ્યા હોય તો તેમની શી દશા થાય...તેમાં ય ખોરાકનો સ્ટોક ખૂટી જાય કે પીવાના પાણીનો જથ્થો પણ ન હોય અને જમીન ક્યારે દેખાશે એ પણ ખબર ન હોય તો શું થાય? જવા દો ને...કારણ કે ચંદુને દૂર દૂર પંખીઓ ઉડતાં દેખાયાં. મતલબ કે કિનારો નજીક છે. તે કાંઈ કહે તે પહેલાં ટંડેલ બોલ્યો, 'હોંશિયાર...' અને

બધા ઉત્સાહમાં આવી ગયા. બધાં ખલાસીઓ સજ્જ થઇ ગયા. અને ચંદુને થયું કે તેઓ તો જલદી મુંબઈ પહોંચી ગયા! પણ એ તેની ભૂલ હતી...!

***

૩. શૂળીનો ઘા...

કાસમ કાંઈ હિસાબમાં પડ્યો હતો. ચંદુએ જોયું કે મોટાભાગના લોકોમાં જાણે કોઈ કુતૂહલ જ નહોતું. રમણનાં કાનમાં ટંડેલનો અવાજ પહોંચ્યો નહીં હોય એમ લાગતું હતું. કારણ કે તે તેને સોંપવામાં આવેલા કામમાં વ્યસ્ત હતો.

ચંદુની ધારણા સાચી હતી...હવે દૂર દૂર સાગર કિનારો દેખાતો હતો. થોડે દૂર બીજી આગબોટો પણ દેખાતી હતી. પરંતુ તેની ભૂલ એ હતી કે એ મુંબઈનો દરિયા કિનારો નહોતો! એ હતો વેરાવળનો દરિયા કિનારો!

વેરાવળના દરિયા કિનારે આગબોટ લાંગરી ત્યારે ચંદુને માછલીની તીવ્ર વાસ આવવા લાગી. તેને બેચેની થવા લાગી. તેને આ પહેલાં એ ગંધનો અનુભવ નહોતો. તેને ઉબકા-ઉલટી જેવું થવા લાગ્યું. તેના પેટમાં ફક્ત પાણી જ હતું તેથી ઉલટી ન થઇ. તેના જેવા બીજા મુસાફરોને પણ એવું થતું હતું. ધીમે ધીમે ચંદુ એ ગંધથી ટેવાવા લાગ્યો. રમણે ચંદુને કહ્યું કે આગબોટ અહીં બે દિવસ રોકાશે.

અહીં કેટલાક મુસાફરો ઉતર્યા અને થોડા નવા મુસાફરો અંદર આવ્યા. કાસમ પણ તેના ખાસ માણસો સાથે ત્યાંની બજારમાં ગયો. પાણી, ખાવા-પીવાની વસ્તુઓ અને શાકભાજી તથા બીજી કેટલીક જરૂરી વસ્તુઓની ખરીદી કરવા માટે તે ગયો હતો. ચંદુ શાંતિથી તેની જગ્યાએ બેઠો હતો. કાસમે તેના મજૂરોને અમુક સામાન ઉતારવાનું કહ્યું અને કેટલોક માલ ચડાવવાનું કહ્યું.

ચંદુએ જોયું કે નવા આવેલા મુસાફરોમાં એક ઘરડી ડોશીમા અને તેની જુવાન દીકરી પણ હતાં. એ છોકરીની ઉંમર કદાચ ચંદુની ઉમર જેટલી જ હશે. ચંદુ તેને જોઈ જ

રહ્યો. તે દેખાવે ઘાટીલી, સુંદર, રૂપાળી અને મોહક હતી. તેના અંગ પરનાં વસ્ત્રો પરથી તેઓ બહુ ગરીબ હશે તેમ લાગ્યું. વસ્ત્રો પર મારેલાં થીગડાં પણ ફાટેલાં હતાં. તે અંગને સંકોરતી અને ઢાંકતી ચંદુની બાજુમાં આવીને બેઠી. તેની મા પણ તેની પાસે બેઠી. ચંદુને સમજાઈ ગયું કે તે લોકો પણ કામ કરવાની શરતે આગબોટમાં મફતમાં બેઠા છે. તેમણે બંનેએ મળીને રસોઈ કરવાની હતી. જમવામાં બે જ વસ્તુ મળતી. રોટલા અને શાક, બીજું કાંઈ નહીં. આગબોટમાં ચૂલો સળગાવાય નહીં. ક્યાંક આગ લાગી જાય તો? ભૂતકાળના અનુભવોને આધારે પણ આ નિયમ અમલમાં આવ્યો હશે તેમ જણાઈ આવે. સખત પવન, નીચે દરિયો અને ઉપર ઉઘાડું આકાશ.

આમ તો ચંદુને કુદરતી વાતાવરણ બહુ ગમે. પરંતુ આ મુસાફરીમાં આકાશમાં ક્યારેક વાદળ દેખાય અને મોટેભાગે સૂર્ય તપતો હોય. રાત્રે તારા અને પંદરેક દિવસ ચાંદો દેખાય ત્યારે મોજ પડતી. બાકી જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પાણી જ દેખાય. હા, ક્યારેક કોઈ મોટી માછલી ઉછળીને આઘે ભાગતી દેખાય. ડોક પરથી નીચે જોઈએ તો કેટલાક જળચરો આગબોટનાં પાણી કાપવાથી આમતેમ દૂર ભાગતાં જણાય. બસ આ જ તેમનો વૈભવ! બાકી ચંદુને કામ તો સંભાળવાનું જ રહેતું. એક રીતે એ સારું જ હતું કારણ કે અહીં પુસ્તકો મળે નહીં અને કામ ન હોય તો સમય પસાર કરવો કેવી રીતે? રમણને પણ તેઓએ કામમાં રોકી રાખ્યો હતો તેથી તે પણ ચંદુને બહુ મળી શકતો નહીં.

આગબોટમાં જેટલા મુસાફરો હતા તે બધાની દશા આમ તો ચંદુ જેવી જ હતી. જે લોકો પૈસા આપીને બેઠા હતા તેઓ સાવ અભણ અને નવરા ધૂપ હતા. તેઓ બેસીને કંટાળે એટલે ઊભા થઈને આમ તેમ આંટા મારે અને થાકીને ફરી પાછા બેસી જાય.

કાસમ ટંડેલ સાથે વાત કરતો અને ખલાસીઓને પણ સૂચના આપ્યા કરતો. કોનો કેટલો સમાન આવ્યો અને ક્યાં ઉતારવાનો છે તેની બધી વિગતનું ધ્યાન રાખતો હતો અને નવા ઉતારુઓ પાસેથી મુસાફરીના પૈસા લેવાનું પણ તેણે પોતાને હસ્તક રાખ્યું હતું. તે રમણની જેમ ઓછું ભણ્યો હતો પણ તેનો અનુભવ તેને કામે લાગતો હતો. તે ભણેલો નહીં હોય પણ ગણેલો હતો. તેની નજર બધે પહોંચી વળતી. આગબોટને ક્યારે કેવી રીતે આગળ વધારવી તેનો તેને પૂરેપૂરો ખ્યાલ હતો. ચંદુએ અનુમાન કર્યું કે તે પહેલાં મજૂર હશે, પછી ખલાસી બન્યો હશે અને ત્યારબાદ ટંડેલમાંથી કાસમ હંટરવાલીનો માલિક બન્યો હશે. તેનું શરીર ખૂબ જ કસાયેલું હતું. તેની ઊંચાઈ પણ સારી એવી હતી. તેના અવાજમાં એવી કરડાકી હતી કે તે સાંભળી કોઈ તેનો વિરોધ કરવાની હિંમત ન કરતું. તે સલાયાને બદલે માંડવીથી આગબોટ એટલે ચલાવતો કે ત્યાંથી તેને ઘણા ઉતારુઓ મળી રહેતાં અને માલ-સામાનની ખેપ પણ સારી થતી. તે પાક્કો ગણતરીબાજ હતો.

***

વેરાવળથી આવેલી છોકરીનું નામ પ્રેમા હતું. તેના પિતાનું મૃત્યુ થતા તેઓ નિરાધાર થઇ ગયા હતા અને જે મળે તે કામ કરીને જીવતાં હતા. જયારે પ્રેમાનાં પિતાનું મૃત્યુ થયું ત્યારે તે માંડ સાત-આઠ વર્ષની હશે. પરંતુ તેની માની દુબળી કાયા કમજોર થઇ ગઈ હતી. ઉપરથી પ્રેમાની ચિંતા. તે મોટી થતી જતી હતી અને તેમની પાસે ખાવાના પણ સાંસા હતા. ઘણા મહિનાથી બે ટંક પૂરતું ખાવા મળે તેટલું પણ કામ મળતું નહોતું. તેથી તેઓ કાસમને કહીને આ આગબોટમાં મુંબઈ જવા નીકળ્યા હતા.

પ્રેમાનો વ્યવહાર સારો હતો અને બોલવે ચાલવે પણ ભણેલી હોય તેવી લગતી હતી. ખરેખર તો તેની મા પહેલાં એક શાળામાં કામ કરતી હતી તેથી શિક્ષકો અને શિક્ષિકાઓ સાથે પ્રેમા વાતો કરતી અને તેમની વાતો સાંભળીને તે ઘણું શીખી ગઈ હતી. પરંતુ તેમ છતાં તે હજુ નાની હતી. પણ જયારે શાળાનું ખંડેર જેવું મકાન પાડીને તેને ઠેકાણે નવું મકાન બનાવવામાં આવ્યું ત્યારે નવા માણસો આવ્યા અને તેમને છૂટા કરવામાં આવ્યા. ત્યારબાદ માએ ઘરકામ કરીને બે-ત્રણ વર્ષ કાઢી નાખ્યા પછી તે પણ મળતું બંધ થયું. પ્રેમાએ તેની બહેનપણીઓ પાસેથી સાંભળ્યું હતું કે મુંબઈમાં બહુ પૈસાદાર માણસો રહે છે. તેથી તેણે પોતાની માને મુંબઈ જવા સમજાવી હતી. છોકરીના ભાગ્યમાં જે હશે તે ત્યાં કાંઇક મળશે, કોઈ મળશે એવી આશાએ માએ તેને સંમતિ આપી હતી.

***

આગબોટ જ્યાં લાંગરે ત્યાં પ્રેમા અને તેની માતા રસોઈ કરવા લાગી જતા. પરંતુ આગબોટમાં તેમણે વાસણ સાફ કરવા અને પાણી પાવા સિવાય ખાસ કોઈ કામ ન રહેતું. ધીમે ધીમે પ્રેમા સાથે ચંદુનો પરિચય વધવા લાગ્યો. પણ એક એવો બનાવ બન્યો કે તેમની વચ્ચે પાકી દોસ્તી થઇ ગઈ.

વાતાવરણ ખુશનુમા હતું. આગબોટ તેની એકધારી ગતિએ આગળ વધતી જતી હતી. સર્વત્ર શાંતિ હતી. સૂર્ય પણ એટલો ઉગ્ર થયો નહોતો. બધા ભોજન કરીને અળસાતા બેઠા હતા, કેટલાક આડે પડખે થવાની કોશિશ કરતા હતા. પ્રેમા અને તેની માએ તેમનું કામ પૂરું કર્યું હતું. પ્રેમાની માએ ઘડીક વિસામો લેવા લંબાવ્યું. ચંદુ ડોક પર ઊભો ઊભો દરિયો જોઈ રહ્યો હતો. ત્યાં પ્રેમા ચંદુ પાસે આવી ઊભી રહી.

'શું જુએ છે?'

'દરિયો.' ચંદુએ ટૂંકો જવાબ આપ્યો.

'દરિયામાં શું દેખાય છે?'

'પાણી જ દેખાય ને?' ચંદુએ તેને કહ્યું.

તે હસવા લાગી, 'શું તેં ક્યારેય પાણી નથી જોયું?' ચંદુએ પ્રેમાની સામે જોયું. તેની આંખોમાં મસ્તી હતી. 'પાણી તો જોયું જ હોય ને! પણ આ અનંત મહાસાગરનું ઉછાળા મારતું આટલું પાણી એકસાથે જ જોઉં છું. હું તો પહેલી વાર જ આગબોટમાં બેઠો છું.'

ચંદુનો ગંભીર જવાબ સાંભળી તેણે કહ્યું, 'હું તો તારું પાણી માપતી હતી...અને તું તો પાણીમાં ઊંડે ઊતરી ગયો.' ચંદુ તેનાં સુંદર મુખ સામે જોઈ રહ્યો.

ચંદુ કાંઈ જવાબ આપે તે પહેલા આગબોટ એકદમ આડે પડખે થઇ ગઈ અને પ્રેમા ઊછળીને બહાર ફંગોળાઈ. તે નીચે પાણીમાં પડી જશે તેમ લાગ્યું અને અચાનક ચંદુએ તેનો હાથ કસીને પકડી લીધો. બંને બહારની બાજુએ ફંગોળાયા. ચંદુએ બીજા હાથેથી ડોકનો કઠેડા પરનો હુક પકડી રાખ્યો. પ્રેમાનાં મોઢામાંથી 'ઓ...મા' ચીસ નીકળી ગઈ. ચંદુ પણ ગભરાઈ ગયો...અચાનક આ શું થયું? દરિયામાં એકાએક મોટાં મોટાં મોજાં ઉછાળવા લાગ્યાં. પણ ત્યાં જ એક વિરાટકાય વ્હેલ માછલી આગબોટ નીચેથી બહાર નીકળી, ઊંચે ઉછળી અને આગળ ડૂબકી મારીને જતી રહી. અને ચંદુ ડોકનાં હૂકને વળગી પડ્યો. ગમે તેમ કરીને તેણે પ્રેમાનો હાથ પકડી રાખ્યો. એવામાં એક બે ખલાસીઓ આ જોઈ દોડતા તેમની પાસે આવ્યા અને

તેઓએ પહેલાં પ્રેમાને પકડીને અંદર ખેંચી લીધી. પ્રેમા ઉપર જતાં ચંદુનો છુટ્ટો થયેલો હાથ બીજા એક ખલાસીએ પકડીને તેને ઉપર ખેંચ્યો અને ચંદુ પણ આગબોટમાં આવી ગયો. એટલી વારમાં તો પાણી ઉછળતાં બંધ થઇ ગયાં હતાં. જો ખલાસીઓ સમયસર ન પહોંચ્યા હોત તો તેઓ દરિયામાં પડી ગયા હોત. ચંદુના હાથમાંથી કઠેડો છૂટવામાં જ હતો. તે તરી શકતો હતો પણ પ્રેમાને તરતાં આવડતું હતું કે નહીં તેની તેને ખબર નહોતી. ખલાસીઓ ચંદુને જોઇને કહે,'તું તો બહુ બહાદુર છો છોકરા...' કાસમે પણ આ જોયું. તે આનંદિત થઇ બોલ્યો, 'શાબાસ...મારી આગબોટમાંથી હજુ સુધી કોઈ દિવસ કોઈ પડ્યું નથી!'

પ્રેમા તો એટલી ગભરાઈ ગઈ હતી કે તે કાંઈ બોલી જ શકતી નહોતી. તેના શ્વાસોચ્છવાસ બહુ વધી ગયા હતા. ઘણીવારે તે સ્વસ્થ થઇ. તો પણ તે કાંઈ બોલવાને બદલે ચંદુ સામે જ જોઈ રહી હતી. અને બીજા સહ-પ્રવાસીઓમાંથી કોઈ આગબોટમાં અંદર પડી ગયા હતા, કોઈનો સામાન પડી ગયો હતો. કેટલાકને નાની મોટી ઈજા થઇ હતી. પ્રેમાની મા પણ પાટિયા પરથી નીચે ગબડી પડી હતી. તેમને માથામાં ઈજા થઇ હતી. પણ બહુ વાગ્યું ન હતું. થોડું અમથું લોહી નીકળ્યું હતું. ચંદુ તેમને પ્રેમા પાસે લઇ આવ્યો. પ્રેમાએ કાસમનાં માણસે આપેલો પાટો તેને બાંધી દીધો અને ફરી સૂઈ જવા કહ્યું. બધું થાળે પડતા અડધો કલાક થઇ ગયો. છતાં આગબોટમાં ભરાઈ ગયેલું પાણી ઉલેચતાં ત્રણેક કલાક થયા...સહુના પડીકે બંધાયેલા જીવ હેઠા બેઠા. પ્રેમાની માએ કહ્યું, 'ઉપરવાળાની દયાથી આપણે સહુ બચી ગયા. શૂળીનો ઘા સોયથી સર્યો...'

અને આગબોટ આગળ ચાલતી રહી...

## ૪. સુહાના સફર...

અપાર જલરાશિ અને રહસ્યમય આકાશનું આકર્ષણ ચંદુને પહેલેથી જ હતું. તેના અંતરમાં અકથ્ય આનંદ સમાતો નહોતો. તે રોજ રાત પડવાની પ્રતીક્ષા કરતો. રાત્રે તેને ક્યારે ઊંઘ આવી જતી તેની તો તેને ખબર જ ન પડતી. પણ તે મોડે સુધી વિચારમાં જ રહેતો. આકાશના ઝગમગતા તારા દિવસે ક્યાં જતા હશે તે તેને માટે હવે કુતૂહલનો વિષય રહ્યો ન હતો. પણ ચંદ્ર હજુ પણ એટલો જ રહસ્યમય હતો. તેણે જીવરામ જોષીની 'ચાંદાની સફરે' પુસ્તક વાંચ્યું હતું. તે પછી તેને ચાંદા ઉપર જવાની બહુ ઈચ્છા થતી. જુલે વર્નની સાહસ કથાઓ વાંચી તેને એવા સાહસો કરવાની પણ ઈચ્છા થતી. મહાસાગરની મહારાણી પુસ્તક વાંચીને તો તેને સમુદ્રમાં મહેલ બાંધવાની ઈચ્છા થઇ જતી. પણ અત્યારે આ આગબોટમાં સૂતાં સૂતાં તેને પ્રેમાનાં જ વિચારો આવતા હતા. ચંદુને પણ ખ્યાલ નહોતો એવું સાહસ તેનાથી અનાયાસે થઇ ગયું. તેઓ બચી ગયાં તેનો આનંદ કાંઈ ઓછો નહોતો. જો ચંદુએ પ્રેમાનો હાથ ન પકડ્યો હોત તો તે બચત કે કેમ તે કહેવું મુશ્કેલ હતું. ચંદુને પહેલીવાર પોતાની હિંમત માટે માન થયું, 'હમ ભી કિસી સે કમ નહીં!'

પણ આજે ચંદુના હૃદયમાં કોઈ અકથ્ય ભાવ ઉમટતા હતા. એનાં ઉછાળાને તે રોકી શકતો ન હતો. તેણે અચાનક જે રીતે પ્રેમાનો હાથ પકડ્યો હતો તે સ્પર્શ યાદ આવી ગયો. એ સ્પર્શથી જ જાણે તેનામાં અજબની શક્તિ આવી ગઈ હતી એવો તેને અનુભવ થયો હતો. અને એ જ શક્તિએ પ્રેમાને સાગરના પાણીમાં પડતી બચાવી હતી. પ્રેમા ખરેખર સુંદર અને નમણી હતી. તેની ચીસ સાંભળીને પહેલા તો ચંદુને એમ લાગ્યું કે પોતે તેને કસીને પકડી હતી તેથી તેને પીડા થઇ હશે પરંતુ જયારે તે

ફંગોળાયો હતો અને બીજા હાથે તેણે મજબૂતપણે હુક પકડ્યું હતું ત્યારે પ્રેમા તેના સહારે લટકતી હતી તે જોઇને તેને સાચી પરિસ્થિતિનો અંદાજ આવ્યો હતો. તે વિચારમાં પડી ગયો કે તેણે પ્રેમાને શા માટે બચાવી હતી? પરંતુ એ વખતે એવું કાંઈ વિચારવાનો સમય જ ક્યાં હતો? ચંદુ વિચારવા લાગ્યો કે પ્રેમા મારા વિષે શું વિચારતી હશે? તેની આંખોમાં જે ભય હતો તે જોઇને ઘડીભર તો તે પણ ડરી ગયો હતો. ગમે તેમ પણ પ્રેમા ગમે એવી તો છે જ..

***

ચિત્રપટ અને ચલચિત્રની દુનિયા વિસ્તરવા લાગી હતી. વિશ્વમાં તેનો ફેલાવો ખૂબ ઝડપથી થતો જતો હતો. મૂંગી ફિલ્મો, બોલતી ફિલ્મો,રંગીન ફિલ્મો, પ્રાદેશિક ફિલ્મો, ઐતિહાસિક ફિલ્મો, ધાર્મિક ફિલ્મો, ફીચર ફિલ્મો...વગેરે ગુજરાતમાં, ભારતમાં અને પરદેશમાં. પોલીવુડ એટલે કે સ્વતંત્રતા પહેલાનો ભારતનો ફિલ્મી જમાનો. અને હોલીવુડ, બોલીવુડ અને ઢોલીવુડ...

પાર વગરના વિષયો, વાર્તાઓ, અભિનેતાઓ, અભિનેત્રીઓ, કલાકારો, કેમેરામેન, દિગ્દર્શકો, દર્શકો, નિર્માતાઓ, સંગીતકારો, ગીતકારો, નૃત્યકારો, કોરિયોગ્રાફરો અને લેખકો, કથાઓ અને પટકથાઓ, જ્ઞાનવર્ધક બાબતો, અઢળક જાહેરાતો... કેટકેટલું વૈવિધ્ય દર્શાવતી ટેકનિકસ અને ટેકનિકલ બાબતો ...આહાહાહા...

ચંદુ આ બધામાં ક્યારેક ડૂબકી લગાવતો રહેતો હતો. જાણે તેને એક અંજલિમાં આખો સમુદ્ર પી જવો હતો! તે હંમેશાં આંખ અને કાન ખુલ્લાં રાખતો હતો. મુંબઈમાં જવા માટે તે કાંઈપણ કરવા તૈયાર હતો. તે પણ બધાની જેમ એમ જ વિચારતો હતો કે બધું દુખ સહન કરી લઈશ, ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરીશ પણ મુંબઈ તો

જઈશ જ. તે આગળ વિચારતો કે એક દિવસ હું મુંબઈનો રાજા થઈશ. મારી પાસે પણ આવી જ આગબોટ હશે. અને તેમાં બેસીને હું માંડવી જઈશ. ત્યાંથી જામનગર જઈશ અને પરણીશ. ત્યારબાદ મારી પરણેતર સાથે માને પણ મુંબઈ લઇ આવીશ. આથી વધુ બીજું શું જોઈએ?

'ખલાસીઓ સાબદા રહેજો...' આ વખતે આવું સાંભળીને ચંદુ અધીરો ન થયો કારણ કે રમણે તેને પહેલેથી જ કહી દીધું હતું કે હવે પછી આગબોટ ખંભાત જઈને લંગર નાખશે. કૂવાથંભ પર ચડેલો માણસ દૂર સુધી જોઇને સંકેત આપતો હતો કે હવે ખંભાત બંદર આવવાની તૈયારીમાં છે.

ખંભાત ગુજરાતના આણંદ જીલ્લામાં આવેલું છે. તેને કેમ્બે પણ કહે છે. આજથી સો વર્ષ પહેલાં તે બહુજ સમૃદ્ધ શહેર હતું અને ઈ.સ. ૧૯૦૦ સુધી તે અકીક તથા કપાસની નિકાસ કરતું બંદર હતું. તે દરિયા માર્ગે ખૂબ વેપાર કરતું હતું. અને ઇ.સ. ૧૯૦૦ પછી તેને રેલ્વે માર્ગથી જોડવામાં આવ્યું હતું. કાસમની હંટરવાલી ખંભાતના બંદરે આવીને લાંગરી.

ખલાસીઓ અને આગબોટનાં માણસો તથા મજૂરો માટે જે કામ રોજિંદુ હતું તે તેઓ કરવામાં મશગૂલ થઇ ગયા. કાસમ પણ ખંભાતના બજારમાં આંટો મારી આવ્યો. ત્યાંથી મફતમાં આવવાવાળું કોઈ ન હતું. અને આગબોટમાં સમાવી શકાય તેટલા મુસાફરો તેણે ભર્યા. થોડા લોકો ઉતર્યા પણ ખરા, પરતું તેનાથી ત્રણગણા માણસો આગબોટમાં ચડ્યા. કાસમે જોયું કે તેની વ્યવસ્થા બરાબર ચાલે છે. તે કુશળ વ્યવસ્થાપક હતો અને બધું તેના મગજમાં હતું. તેની ગણતરી બહુ ચોક્કસ હતી. હવે મને સમજાયું કે તેણે વેરાવળથી ખંભાત જેટલો લાંબો ચકરાવો શા માટે લીધો હતો!

***

પ્રેમાને સમય મળતો ત્યારે તે ડોક પાસે આવીને ઊભી રહેતી અને દરિયાના પ્રાણીઓમાં આગબોટ પાસે થતી ભાગમ ભાગ જોવા લગતી હતી. પરંતુ તે ચંદુ તેની પાસે હોય ત્યારે જ તે ત્યાં આવતી. ચંદુ વગર તેને ડોક પાસે ઊભા રહેતાં બીક લગતી હતી. આ રીતે તે એકવાર ચંદુ સાથે ડોક પર ઊભી હતી. ચંદુને તે ગમવા લાગી હતી. તેની સાથે વાત શરુ કરવાનું મન થતા ચંદુ તેની શૈલીમાં બોલ્યો, 'કેમ, પછી તેં મારું પાણી માપ્યું કે નહીં?' પ્રેમાને તે ભયંકર દિવસે જે ઘટના બની તે પહેલાંનો સંવાદ યાદ આવ્યો. તે શરમાઈ ગઈ અને કાંઈ બોલી નહીં. વળી ચંદુએ પૂછ્યું, 'શું વિચારે છે?' તે કહે, 'કાંઈ નહીં જવા દેને...એ વાત...' ચંદુએ કહ્યું, 'કઈ વાત?' તે ધીમે રહી બોલી, 'તે દિવસે તેં મારો હાથ ન ઝાલ્યો હોત તો હું તો એ મોટી માછલીના પેટમાં પહોંચી ગઈ હોત.' ચંદુએ બનાવટીપણે આશ્ચર્ય પામતા કહ્યું, 'લે! તું હજી એ ઘટના વિષે વિચારે છે?' તેણે કહ્યું, 'હા, એ મારી જિંદગીનો સહુથી ભયંકર બનાવ હતો. મને તો તેના જ વિચારો આવ્યા કરે છે.'

થોડીવાર રહીને તે બોલી, 'મા કહે છે, છોકરો સારો છે. કેટલું કામ કરે છે પણ થાકતો નથી.' ચંદુએ કહ્યું, 'હું તને કેવો લાગું છું?' વળી તે શરમાઈ ગઈ. ત્યાં આકાશમાંથી વરસાદ શરુ થયો. તેઓ પલળવા લાગ્યાં. બધા મુસાફરો વરસાદથી બચવા પાટિયાની નીચેની જગ્યામાં જતા રહ્યા. રહ્યા ચંદુ અને પ્રેમા. બંનેને વરસાદમાં ભીંજાવાનું ગમતું હતું. ચંદુને પ્રેમા હતી એટલે ગમતું હતું અને પ્રેમાને ચંદુ હતો એટલે બીક નહોતી લાગતી. પણ તેઓ ડોક પાસેના પાટિયા પર બેસી ગયા. પ્રેમા બોલવા લાગી, 'તને ખબર છે, મને વરસાદ બહુ ગમે. વરસાદમાં તો હું ઘેલી થઈને

રમતી. મા કહે છે મારો જન્મ ચોમાસામાં થયો હતો એટલે મને વરસાદ બહુ ગમે છે. ગામની શેરીમાં હું અને મારા જેવડી નાની છોકરીઓ 'આવ રે વરસાદ...' ગાતાં ગાતાં ગામ ગજાવતા....' અને તે ખરેખર અંતરના આનંદને વ્યક્ત કરી રહી હતી. ચંદુ તો તેને ઉત્સાહભેર બોલતી સાંભળી રહ્યો અને તેના પ્રસન્ન મુખને જોઈ રહ્યો. જયારે તેને ખ્યાલ આવ્યો કે ચંદુ એકીટસે તેને જ જોઈ રહ્યો છે એટલે તે ચુપ થઇ ગઈ અને શરમાઈને તેની મા પાસે દોડી ગઈ. તેનું આ રીતે લજ્જા પામીને જતું રહેવું પણ ચંદુને ખૂબ ગમ્યું.

ચંદુને થયું આ સફર ક્યારેય પૂરી જ ન થાય તો...કેવું સારું!

***

૫. અંતે હંટરવાલી મુંબઈ પહોંચી...

લુમિયેર બંધુઓએ સિનેમેટોગ્રાફ દ્વારા ટૂંકી ફિલ્મો બનાવી પહેલીવાર ધંધાદારી ફિલ્મ શોનું આયોજન કર્યું. એવી દસેક ફિલ્મો પૂરી એક મિનીટની પણ નહોતી. ત્યારબાદ એડીસને વાઈટાસ્કોપ નામનું યંત્ર શોધ્યું અને તે અમેરિકન ફિલ્મ ઉદ્યોગનું પ્રથમ વ્યવસાયિક પ્રોજેક્ટર બન્યું. આવું વાંચીને ચંદુને થયું હતું હું પણ આવી કોઈ શોધ કરું.

તેને થયું કે તે પ્રેમાનું ચલચિત્ર બનાવે. ચંદુના મનમાં પ્રેમા છવાયેલી રહેવા લાગી.

કાસમ કહેતો હતો કે 'આ બાજુ વ્હેલ જેવી મોટી માછલીઓ જવલ્લે જ જોવા મળે છે. તે દિવસે એ મગર માછલી ક્યાંથી આવી ચડી તે મને પણ નથી સમજાતું.'

પ્રેમા કહેતી હતી કે તેણે તેની જિંદગીમાં આવડી મોટી માછલી ક્યારેય જોઈ ન હતી. ખરું કહીએ તો ચંદુએ પણ એવડી મોટી, આગબોટ કરતાં પણ મોટી માછલી આ પહેલાં ક્યારેય જોઈ ન હતી. બધા ભયભીત થઇ ગયા હતા પણ ચંદુને બીક નહોતી લાગી! તેનું કારણ તેની સાથે પ્રેમા હતી એ તો નહોતું? કદાચ એમ જ હશે.

પ્રેમા હવે ચંદુની અવનવી વાતોમાં રસ લેતી થઇ હતી અને ચંદુને આટલાં બધા વિષયોમાં કેવી કેવી ખબર છે એ જાણી ચકિત થઇ જતી હતી. ચંદુ પણ પોતે જે વાંચ્યું હોય તે પ્રેમાને ખૂબ જ ઉત્સાહથી કહેતો રહેતો. પ્રેમા સારી શ્રોતા હતી. આગબોટમાં બધાએ તેમની જોડી મનોમન સ્વીકારી લીધી હતી. બધાની વાત જવા દઈએ તો પણ પ્રેમાની માએ તો મનમાં તેમને આશીર્વાદ પણ આપી દીધા હતા! હવે

તે રાહ જોઈ રહી હતી કે ક્યારે મુંબઈ આવે અને ક્યારે તે પ્રેમાનો હાથ ચંદુને સોંપી નિશ્ચિંત થઇ જાય!

***

સાંજનો સમય હતો. આકાશ સ્વચ્છ હતું. સૂર્ય ખૂબ તપીને નરમ પડ્યો હતો. ચારેકોર શાંતિ હતી. આગબોટમાં કાસમની દેખરેખ નીચે તેના માણસો, મજૂરો માલ-સામાનની હેરફેર કરતા હતા. તેથી આગબોટમાં વધુ જગ્યા થાય અને વધારે મુસાફરો આવી શકે તેવું કાસમ વિચારતો હતો.

બહુ બધા લોકો થીએટરમાં ચલચિત્ર જોતાં હોય તેમ આગબોટમાં બેઠા હતા. બહુ થોડા લોકો નવા મિત્રો બનીને એકબીજા સાથે વાતો કરતા હતા.

ફૂરસદ મેળવી પ્રેમાં અને ચંદુ તૂતક પર આવી અલકમલકની વાતો કરતા. ચંદુ મોટે ભાગે હાલતાં-ચાલતાં ચિત્રોની વાત કરતો. પ્રેમાને તેની વાત પર વિશ્વાસ નહોતો બેસતો પણ ચંદુ પરની તેની શ્રદ્ધા પ્રબળ હતી તેથી તે માનવા પ્રેરાતી. તેને મનમાં થતું કે ચંદુ કહે છે માટે ખરેખર એવું હોવું જોઈએ, તે કાંઈ સાવ ગપ્પાં ન મારે! બીજું કોઈ કહે કે ચિત્ર ચાલે છે તો હું ન માનું પણ ચંદુ કહે એટલે માનવું પડે. વળી તેણે તો હાલતું-ચાલતું ચિત્ર જોયું પણ છે! અરે એ તો ત્યાં સુધી કહે છે કે, 'એકવાર આપણે મુંબઈ પહોંચી જઈએ પછી હું તને એવું ચિત્ર બતાવીશ'. આ આગબોટ મુંબઈ ક્યારે પહોંચશે?

આજે જયારે પ્રેમા તૂતક પર ચંદુને મળી ત્યારે ચંદુએ કહ્યું કે 'રાજા હરીશચંદ્ર' માં કઈ કથા હતી. તેની તને ખબર નહીં હોય પણ તેમાં સ્ત્રીના પાત્રો પુરુષ કલાકારો

ભજવતા હતા.' પ્રેમાએ પૂછ્યું, 'શું ચિત્રમાં સ્ત્રી પુરુષ બની જાય?' ચંદુ હસતાં હસતાં કહે, 'ના ના એમ નહીં, તેં નાટક જોયું છે?' પ્રેમાએ ભોળાભાવે કહ્યું, 'એકવાર નિશાળમાં એક નાટક જોયું હતું...પણ ત્યારે હું બહુ નાની હતી...અત્યારે મને તેમાંનું કાંઈ યાદ નથી.'

ચંદુ કહે, 'હું રાજા બનું તો કેવો લાગું?' પ્રેમા રાજી થઈને બોલી, 'મારે મન તો તું રાજા જ છો.' વળી ચંદુએ પૂછ્યું, 'અને તું રાજા બને તો?' પ્રેમા કહે, 'લે, હું રાજા કેવી રીતે બનું? હું તો રાણી જ બનું ને?' ચંદુ તેના જ્ઞાન ઉપર હસ્યો. પછી કહે કે. 'નાટકમાં કોઈ છોકરો ન હોય અને બધી તારા જેવી છોકરીઓ હોય તો કોઈકે તો રાજા બનવું પડે ને?' પ્રેમા વિચારમાં પડી ગઈ.

અને આગબોટમાં સાંજ ઢળી ગઈ...હવે સમુદ્ર પર હોવા છતાં હંટરવાલી દેખાતી નહોતી...દૂર કેટલાક ફાનસ ટમટમતા હતા...અને દૂરથી તો તે લાલ તારા જેવા દેખાતા હતા. ત્યારે પ્રેમા અને ચંદુ એ દિવસે તેઓએ કરવાના છેલ્લા કામે વળગી ગયા હતા.

આગબોટ પર નહાવાનો રિવાજ ન હતો. વસ્ત્રો પણ બદલવાની જરૂર ભાગ્યે જ જણાતી. પ્રેમાએ ચંદુને પૂછ્યું, 'મુંબઈ ક્યારે આવશે?' ચંદુએ કહ્યું, 'મેં તને કહ્યું હતું ને કે હું પહેલી જ વાર મુંબઈ જઈ રહ્યો છું. પણ હવે થોડા દિવસમાં મુંબઈ આવવું જોઈએ એમ મને લાગે છે.'

રમણ ક્યારેક આવીને કહેતો, 'મને હવે ઘરની યાદ આવે છે. મેં કોઈને કાંઈ કહ્યું નથી, ઘરે સહુ ચિંતા કરતા હશે. હું કોઈને કહીને નીકળ્યો હોત તો સારું હતું.' ચંદુ કહે, 'તારે ચિંતા કરવાની જરૂર નથી. આપણે ઘરેથી નીકળ્યા ત્યારે મેં બાપુ ઉપર એક

પત્રમાં તેમને બધું લખ્યું છે. તેમણે તારા બાપુજીને એ વાત કરી દીધી હશે.' રમણ રાજી થઈને બોલ્યો, 'તો તો વાંધો નહીં...' અને તે પોતાના કામે જતો રહ્યો. પ્રેમા ત્યાં ઊભી હતી તેણે પૂછ્યું, 'આ રમણ કોણ છે? તું તેની સાથે ઘણીવાર વાતો કરતો હોય છે.' ચંદુએ કહ્યું, 'રમણ અને હું ભાઈબંધ છીએ. અમે જામનગરમાં નજીકમાં જ રહીએ છીએ. તે શાળામાં પણ મારી સાથે ભણતો. પણ તેનું ધ્યાન ભણવામાં લાગતું નહોતું એટલે તેણે ભણવાનું છોડી દીધું. મજાનો છે. અમે ઘણીવાર સાથે નાટક જોવા જઈએ. હું એને ઘેર જાઉં અને તે પણ મારે ત્યાં આવે. તેના પિતા અને મારા પિતા પણ એકબીજાને ઓળખે છે.'

પ્રેમાએ ઉપર આકાશ તરફ જોયું પછી આગબોટનાં કૂવાથંભ ઉપર ચડેલા માણસ તરફ જોયું અને છેવટે દરિયાનું પાણી જોઈને તેણે ચંદુને અચાનક સાવ નવો જ પ્રશ્ન પૂછ્યો, 'આ દરિયામાં કેટલું પાણી હશે? શું તે બહુ ઊંડો હોય?' ચંદુ કહે, 'એ તો મને પણ ખબર નથી, તેને કોઈ માપી ન શકે, એટલે ઊંડે જવું કેવી રીતે?' પ્રેમા કહે, 'સાચી વાત...આપણે પેલી મોટી માછલીને દોરડું બાંધીને તેને ઊંડે મોકલીએ તો ખબર ન પડે?'

ચંદુએ ફરી હસીને કહ્યું, 'મને તો બીક લાગે એવી મગર માછલી પાસે જતાં, તું જઈને તેને સમજાવને!' અને પ્રેમા છણકો કરીને જતી રહી...અને ચંદુ તેને જતી જોઈ રહ્યો...

***

મુસાફરો હવે કંટાળ્યા હતા અને મુંબઈ પહોંચવાની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. અને કૂવાથંભ પરથી કોઈએ કાસમને કહ્યું, 'દૂર કોઈ પંખી ઉડતું દેખાય છે...!'

અને આગબોટ હરખઘેલી થઈને તે તરફ જવા લાગી, પ્રવાસીઓની ઉત્સુકતા વધી ગઈ. જેઓ સૂતા હતા તેઓ બેઠા થઇ ગયા તથા બેઠા હતા તેઓ ઊભા થઇ ગયા. આગબોટમાં હલચલ મચી ગઈ. ઘણા પોતાનો સમાન બાંધવા લાગ્યા. ખલાસીઓ પણ તૈયાર થઇ ગયા. પવનનો વેગ સાનુકુળ હતો...

અને આગબોટને મુંબઈના સમુદ્ર કિનારાના દર્શન થયા...!

***

૬. આ મુંબઈ છે...!

આગબોટ મુંબઈના બારામાં પ્રવેશી. ખલાસીઓએ લંગર નાખ્યું. હવે અહીં આગબોટ થોડા વધુ દિવસ રહીને ફરી માંડવી તરફ પ્રયાણ કરશે. કાસમને આ વખતે સારી કમાણી થઇ હતી. તેણે ખલાસીઓને અને મજૂરોને ત્રણ દિવસની રજા આપી. બધાને મજૂરી ચૂકવી. પૈસા હાથમાં આવ્યા એટલે સહુ રાજી થયા. પણ બધાનાં મનમાં પ્રશ્નો હતા. કેટલાક ક્યાં જવું એની ચિંતામાં હતા અને બીજા થોડા લોકો ખાવા પીવાનું શું કરશું તેની વિમાસણમાં મુકાઈ ગયા. અને બીજા મુસાફરોની સ્થિતિ પણ કાંઇક અંશે એવી જ હતી. કારણ કે મોટાભાગના મુંબઈમાં કાંઇક મળી રહેશે એવી આશાએ ચાલ્યા આવ્યા હતા. ચંદુ, રમણ અને પ્રેમા તથા તેની માતા પણ એવી જ આશાએ મુંબઈ આવ્યા હતા ને?

ગામ કે શહેરમાંથી આવતા લોકોને મુંબઈમાં બધે જ માણસો પોતાના કામકાજમાં આમતેમ જતા-આવતા હોય તેમ લાગ્યું. કોઈને કોઈની પરવા ન હતી. બંદર પર દરિયાની આજુબાજુમાં અનેક આગબોટો, હોડીઓ, સ્ટીમરો પડી હતી. પોતાની આગબોટમાંથી ઉતરીને, ચારેય જણા મુંબઈ બંદર જોઇને તાજ્જુબ થઇ ગયા હતા. પોર્ટુગીઝ અને ફિરંગી લોકોને જોઈ તેમને થયું આ વળી નવતર પ્રાણીઓ જેવા માણસો છે. પ્રેમા અને તેની મા ચંદુ અને રમણની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ગામેગામનાં લોકોના ટોળાં અલગ અલગ હતા. જુદી જુદી આગબોટમાં આવેલા ચિત્રવિચિત્ર લોકો, જુદી જુદી ભાષા અને વેશભૂષા ધરાવતા લોકો તેમની પાસેથી પસાર થઇ જતા  હતા. કોઈ કોઈને ઓળખતું નહોતું. કોઈને કોઈની પડી નહોતી. છેવટે ચંદુએ  માંડવીનો પડાવ શોધી કાઢ્યો. અને થોડે દૂર માંડવીના પડાવ સામે જ

વેરાવળનો પડાવ પણ હતો. તેણે પ્રેમાને તેમનો પડાવ બતાવ્યો. પ્રેમા તેની માતાનો હાથ પકડીને તે તરફ જવા લાગી. પ્રેમાને ચંદુ સાથે જવું હતું પણ તે બોલી ન શકી. કમને તે વેરાવળના પડાવ તરફ ચાલી. ચંદુ પણ તેમને જોતાં જઈ રહ્યો. જ્યાં પોતાનું ઠેકાણું ન હોય ત્યાં તે તેમને પોતાની સાથે આવવાનું કેવી રીતે કહી શકે? પ્રેમા અને ચંદુ જાણે વિવશ હોય તેમ એકબીજાને જોઈ માથું નીચું રાખી પોતપોતાના પડાવ તરફ ચાલવા લાગ્યા.

***

મુંબઈ મૂળ તો સાત ટાપુ પર વસેલું માછીમારોનું આ શહેર. તેમના કુળદેવી મુંબા અથવા મહા અંબા દેવી. અહીં ખેડૂતો, કોળી અને સોમવંશી ક્ષત્રિયો રહે. તેઓ કોંકણી, ગુજરાતી, મરાઠી, કન્નડ, સિંધી અને હિન્દી ભાષા બોલે અને સમજે. અહીં હાજી અલી દરગાહ બહુ જૂની છે, તેનું અસ્તિત્વ છેક ૧૪૩૧ થી છે અને  પોર્ટુગીઝનાં સમયમાં ઈ.સ.૧૫૩૪-૧૬૬૧ સુધીમાં તેનું મહત્વ વધી ગયું.

અરબી સમુદ્ર ઉપર ૧૮૬૯ માં સુએઝ નહેર બન્યા પછી તો મુંબઈનું બંદર ધમધમતું બંદર થઇ ગયું.

કહે છે કે અહીં ૧૮૯૬ માં પ્લેગનો ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો હતો. તેમાં દર અઠવાડિયે ૧૯૦૦ લોકો મરતાં હતા. આ રોગચાળો એટલો તો ગંભીર હતો કે તેની અસરથી સાડા આઠ લાખ લોકો મુંબઈમાંથી હિજરત કરી ગયા હતા. અને તેથી મુંબઈના ટેકસટાઇલ ઉદ્યોગ પર અત્યંત ગંભીર અસર થઇ હતી.

મુંબઈ બંદરોનું શહેર ગણાય છે. કેટલાક વિસ્તારો તો આજે પણ બંદર તરીકે જ ઓળખાય છે. જેમ કે બોરીબંદર, મસ્જીદબંદર, ચીંચબંદર, વાડીબંદર વગેરે. આવાં એક ડઝનથી પણ વધારે બંદરો હતા.

ગોદીઓ મુંબઈનો વૈભવ છે. ગુજરાતી વેપારીઓ અને મીલ માલિકો-કારખાનેદારોએ આ ગોદી-બંદરો દ્વારા આયાત- નિકાસની પ્રવૃત્તિ કરીને શહેરને દેશનું આર્થિક પાટનગર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી તે ઉપરાંત આઝાદીની લડતમાં પણ ગોદી કામદારોનું મોટું પ્રદાન છે. એ ભૂલી શકાય નહીં. આજે ગોદીમાં ૧૯ હજાર કર્મીઓ છે. તેમાં મોટાભાગના મરાઠી છે.

**વિદેશીઓ અને દેશમાંથી આવતા લોકો મુંબઈ પોર્ટ ટ્રસ્ટ ઉપરાંત તાજમહેલ, છત્રપતિ શિવાજી ટર્મિનસ, બાંદ્રા અરબી સી લિંક, ગેટ વે ઓફ ઇન્ડિયા અચૂક જોવા જાય છે.**

***

માંડવીના પડાવમાં દ્વારકાદાસ ભાટિયાએ માંડવીથી આવતા નિરાધાર લોકો માટે કેટલાક ઓટલા ચણાવ્યા હતા. નવા આવનારને એક ઓટલો મહીને એક આનામાં ભાડે મળતો. એ પણ કામ મળે પછી ચૂકવવાનો રહેતો. અહીં આશરો મેળવનારા બધા લોકો દ્વારકાદાસનો મનોમન ખૂબ જ આભાર માનતા. તેઓ તેમને ભાટિયા શેઠ જ કહેતા. ચંદુએ પણ ભાટિયા શેઠનો મનમાં આભાર માન્યો. તે વિચારતો હતો કે જો

આ સગવડ ન હોત તો તેમને ફૂટપાથ ઉપર સૂવાનો વખત આવ્યો હોત. ઓટલો મળતા ચિંતાએ રોટલાને ખો આપી!

ચંદુએ રમણને કહ્યું, 'તું અહીં રહે, હું ગામમાં જઇને જોઉં કાંઈ કામ મળે તો.' અને તેણે જે કામ મળે તે કરવું એવું નક્કી કર્યું. તેણે વિચાર્યું કે અહીં સેંકડો આગબોટ અને સ્ટીમરો આવે છે તેથી તેને બંદરની ગોદીમાં કાંઇક કામ જરૂર મળશે. એટલે તે બંદરની ગોદી તરફ વળ્યો. એક સ્ટીમર પાસે રૂની ગાંસડીઓ પડી હતી. તે સ્ટીમરમાં ચડાવતા લોકોને જોઈ ચંદુએ એ બધાને સૂચના આપનાર માણસ પાસે જઈને પૂછ્યું, 'હું આ કામમાં મદદ કરી શકું?' તેના અવાજનો રણકો અને તેમાં રહેલી વિનમ્રતા, તેની ભાષા અને પહેરવેશ અને કદ કાઠી જોઈ તેણે કહ્યું, 'સાંજ સુધી કામ કરવું પડશે, એક આનો મળશે, કામ કરવું હોય તો ચાલ આ ગાંસડી ઉપાડી આ સામે ઊભી સ્ટીમરમાં મૂકવા માંડ.'

ચંદુને તો એટલું જ જોઈતું હતું. આગબોટમાં સફાઈ કરવા કરતા આ મજૂરીનું કામ તેને વધારે સારું લાગ્યું. તે કામે લાગી ગયો. સાંજે એક આનો મળ્યો. તેણે વિચાર્યું ચાલો આ ઓટલાનું એક મહિનાનું ભાડું નીકળી ગયું. હવે અહીં રહી શકાશે, વાંધો નહીં આવે અને પાછા માંડવી પણ જવું નહીં પડે. પણ આજના રોટલાની ચિંતા તો ઊભી જ હતી. આજે આ મજૂરીના એક આનામાંથી જે મળે તે ખાઈ લઈશ અને રોજનો એક આનો તો મળવાનો જ છે ને એટલે ચાલશે.

તે પડાવના ઓટલે આવ્યો. ત્યાં રમણ નહોતો. રમણ ક્યાં ગયો હશે?

***

આ બાજુ પ્રેમાએ તેની માને પૂછ્યું, 'મા અહીં કરશું શું? આવડા મોટા શહેરમાં આપણો ગજ ક્યાં વાગશે? માંડવી પાછા જઈએ. અહીં તો કોઈને કોઈની પરવા નથી અને આપણને કોઈ ઓળખતું પણ નથી. આપણે વેરાવળ જતા રહીએ. ત્યાંથી વંથલી જઈએ. ત્યાં કાંઈ કામ મળી જશે. આ તો આગબોટમાં કામ મળી ગયું હતું એટલે ચાલ્યું. ભૂખ પણ લાગી છે. મને કોઈ પાસે હાથ લાંબો કરવો નથી ગમતો.' તેની મા કહે, 'બેટા, તારી વાત તો સાચી છે, પણ તું આમ અથરી ન થા. બે-ચાર દિવસ તો રહીં રહીએ, તેલ જો તેલની ધાર જો, જવામાં ક્યાં વાર લાગવાની છે, કાસમ અહીંથી આગબોટ ઉપાડે ત્યારે જતા રહેશું. આપણને રસોઈ કરતા આવડે છે તો અહીં પણ એમ કરીએ.'

પ્રેમાને તેની માની વાત ઠીક લાગી. તેણે પડાવમાં આસપાસ જોયું. કેટલાક લોકો આસપાસમાં બેઠા હતા. કોઈ ઓળખીતું ન મળ્યું. તે પોતાના પડાવની બહાર નીકળી અને પાસેના પડાવમાં રોટલા શેકાતાં હોય તેવી પણ બળવાની ગંધ આવી. પ્રેમા તે તરફ ગઈ. તે પડાવમાં એક નાની છોકરી રોટલા કરવાની કોશિશ કરતી હતી પણ બરોબર થતા નહોતા. તૂટી જાય કે કાચા રહે, કાં બળી જાય. પ્રેમા ત્યાં ઊભા ઊભા એ જોઈ રહી. પછી તે તેની પાસે ગઈ...આમ નહીં પણ આ રીતે કર...એમ કહી તેણે ફટાફટ આઠ દસ રોટલા બનાવી દીધા. લોટ ખલાસ થઇ ગયો તેથી તે હાથ ધોઈ ઊભી રહી. પછી ધીમેથી બોલી, 'તારું નામ શું?' અને અચાનક તે છોકરી રડવા લાગી. પ્રેમા ગભરાઈ ગઈ...શું કરવું તેની તેને સમજ ન પડી. એટલામાં એક પુરુષ ત્યાં આવ્યો. તેને ઘડેલા રોટલા જોયા...તેની દીકરી રડતી હતી. પ્રેમા ત્યાંથી જવા લાગી. ત્યાં તે છોકરી બોલી, 'હું રમા, મારી મા મરી ગઈ છે. તે તમારી જેમ જ રોટલા બનવતી હતી. મને નથી આવડતું...તમે...'અને ફરી તે ડૂસકા ભરવા લાગી.

પ્રેમાની આંખમાં પણ આંસુ આવી ગયા. આટલી સાત આઠ વરસની છોકરી કેવો પ્રયત્ન કરતી હતી!

પેલો પુરુષ અત્યાર સુધી ચૂપચાપ જોઈ રહ્યો હતો તે બોલ્યો, 'બેના, તેં આજે પુણ્યનું કામ કર્યું છે, આ રમાની મા ગઈ ત્યારથી અમે ચાર દિવસથી પેટ ભરીને ખાધું નથી. લાગે છે આજે ખાવા મળશે.' હું તો ગમે તેમ લાંઘણ ખેંચી કાઢું પણ આજે ગમે તેમ લોટનો જોગ કરી આવ્યો. રમાએ કહ્યું કે બાપુ હું રોટલા બનાવીશ. અને હું થોડું પાણી લેવા બહાર ગયો ત્યાં તું આવી  બેના...' અને પ્રેમાએ પોતાની વાત કરી. એટલે એ પુરુષે તેને કહ્યું આજે, 'તું અને તારી મા અહીં જમી લો. અમારી સાથે, અમને સારું લાગશે.' રમા કહે, 'તમે અમારી સાથે જમશો ને?' પ્રેમા ના પાડવા જતી હતી પણ પછી તેને માનો વિચાર આવતા કહે ભલે એમ કરશું.' અને તેઓ બન્ને ત્યાં જ જમ્યા. પ્રેમાની મા સાથે વાતમાં ને વાતમાં એવું નક્કી થઇ ગયું કે તેઓ રોટલા બનાવે અને આ ધનજીભાઈ બીજાને એ આપે. પછી પ્રેમાએ કહ્યું, 'એના કરતા એ લોકો અહીં આવીને ખાય તો તમારે કોઈ પાસે જવું ન પડે.' ધનજી કહે, 'હા, એ વધારે સારું છે. અને ધીમે ધીમે પ્રેમા અને તેની મા ગોઠવાઈ ગયા.

***

ચંદુને થયું પ્રેમાનું શું થયું હશે? તે વેરાવળના પડાવ તરફ જવા નીકળ્યો. ત્યાં જોઇને જોયું તો પ્રેમા નહોતી, પણ તેની મા હતી. તેની માએ કહ્યું કે, 'મારી છોકરી અને હું ધનજીભાઈને ત્યાં જમવા ગયા હતા. સારા માણસો છે. એક નાની છોકરી છે અને તેની મા મરી ગઈ છે.'

પછી તેણે બધી વાત વિગતવાર કરી. ચંદુ ખુશ થયો. પ્રેમા છે તો નસીબદાર. પછી પ્રેમાની માએ કહ્યું, 'બેટા, તેં કાંઈ ખાધું કે નહીં?' ચંદુએ કાંઈ જવાબ ન આપ્યો. એટલે તે સમજી ગઈ. તેણે કહ્યું, 'પ્રેમા તમારે માટે પણ રોટલા લેતી આવી છે, તેને ખબર હતી કે તમે પણ તેની જેમ કોઈ પાસે હાથ નહીં લંબાવો!' અને ચંદુ રમણને બોલાવવા ગયો. રમણ કહે, 'હું દરિયા કિનારે બેઠો હતો અને આવતી જતી આગબોટ અને મુસાફરોને જોતો હતો.' ચંદુ તેને લઈને પ્રેમાના પડાવે આવ્યો. બંને જણાએ રોટલા ખાધા. ચંદુને થયું પ્રેમા પણ કમાલ કરે છે. ચંદુએ એક આનો પ્રેમાના હાથમાં મૂકી કહ્યું, 'આ મારી આજની કમાણી!'

અને આ ક્રમ ચાલવા લાગ્યો...પણ થોડાં જ સમય પછી...

***

૭. જીવનના રંગ...

રોજ સવારે ચંદુ અને રમણ ગોદીમાં જતા અને જે મળે તે કામ કરતા. ચંદુ રોજની મજૂરીની કમાણી પ્રેમાના હાથમાં મૂકી દેતો અને કહેતો, 'આમાંથી મારા ખાવાનો ખર્ચ લઈને જે વધે તે તારી પાસે સાચવીને રાખજે.'

પ્રેમાનું કામકાજ પણ ધમધોકાર ચાલવા લાગ્યું. ઘણા લોકો જમવા આવતા અને ઘણા લોકો રોટલા, શાક, દાળ, ભાત ટીફીનમાં ભરીને પણ લઇ જતા. આવું થોડો સમય સુધી ચાલ્યું.

***

એકવાર રાત્રે ચંદુએ પ્રેમાના હાથમાં તે દિવસની કમાણી મૂકી. પ્રેમાએ તે લઈને કહ્યું, 'કાલથી તમારે મજૂરી કરવા નથી જવાનું.'

'તો શું કરું?' ચંદુએ સહજભાવે પૂછ્યું.

પ્રેમા હસીને કહે ઊભા રહો, પછી હાથમાં પચાસેક રૂપિયા લાવી અને કહે, 'આ તમારી પાસે રાખો, કાલે જમનાદાસ પાસે જઈને કાપડ ખરીદીને તેની ફેરી શરુ કરો. આખી જિંદગી આવી મજૂરી કરશો તો પણ કાંઈ નહીં વળે.'

આ સાંભળી ચંદુને થયું કે વાત તો સાચી છે. લાવ કાપડની ફેરી કરી જોઈએ. અને તેણે કાપડની ફેરી શરુ કરી. તે દેશી નાટક અને ભાંગવાડીની સામે આવેલા નવા નવા શરુ થયેલા મૂળજી જેઠા માર્કેટ અને તેની બાજુમાં આવેલા હિન્દુસ્તાનના સૌથી મોટા શેઠ મંગળદાસ માર્કેટમાં ગયો. શરૂઆતમાં તેણે રોકડેથી થોડું કાપડ લીધું. પણ કાપડ લઈને બધે ફરવું મુશ્કેલ લાગ્યું. પરંતુ તેથી ગભરાઈને તેણે કામ છોડી ન દીધું.

પ્રેમા પણ તેને સમજાવતી, 'આમ બે-ચાર દિવસમાં કાઈ ન વળે. બે-ચાર મહિના જોઈ જોઈએ. પછી ન ફાવે તો બીજું કાંઈ કરશું.'

અને દિવાળીના દિવસો આવતાં ચંદુને સારો વેપાર થવા લાગ્યો. બે દિવસમાં તો તેણે ખરીદેલો બધો માલ વેચાઈ જવા લાગ્યો. વકરો વધતા નફો પણ વધારે મળવા લાગ્યો. પછી તેણે સાઈકલ લીધી અને કાપડનો વધારે માલ લઇ સવારથી સાંજ સુધી ફેરી કરવા લાગ્યો. તેણે રમણને પણ કાપડની ફેરી કરવા માટે કહ્યું. પણ તે જરા આળસુ પ્રકૃતિનો હોવાથી તેણે તે કામ છોડી દીધું અને ગોદી પર થોડી ઘણી મજૂરી કરતો તે જ કરતો રહ્યો.

ધીમે ધીમે વેપારી વર્ગમાં પણ ચંદુની શાખ વધવા લાગી અને જમનાદાસનો તે વિશ્વાસુ ગ્રાહક બની ગયો. એકવાર બપોરે ચંદુ માલ લેવા માટે જમનાદાસને ત્યાં ગયો ત્યારે ત્યાં બીજા એક ગ્રાહક માલ લેવા માટે આવ્યા હતા એટલે તેણે તેમની વાત પતે ત્યાં સુધી રાહ જોવાની હતી.

ચંદુએ જોયું કે જમનાદાસ તેમને કહી રહ્યા હતા, 'અરે...દ્વારકાદાસ તમે જોઈએ તે લઇ જાઓને. તમને ગમે તો રાખજો અને ન ગમે તો માલ પાછો આપી દેજો. અને હિસાબ પણ અત્યારે જ સમજવો એવું કાંઈ નથી, એ તો નિરાંતે સમજી લઈશું.' અને દ્વારકાદાસ ઘણી ખરીદી કરીને ગયા.

અને તેઓ તેનું પાકીટ ત્યાં જ ભૂલીને જતા રહ્યા. ચંદુએ તેનું પાકીટ જોયું. એ સમયે જમનાદાસની દુકાનમાં બીજા ગ્રાહકો આવી રહ્યા હતા એટલે તેમનું ધ્યાન તેના તરફ હતું અને તેઓ તેમને આવકારતાં કહેતા હતા, 'આવો આવો, બોલો શું જોઈએ?' પણ ચંદુએ દ્વારકાદાસનું પાકીટ લઈ લીધું. તે નવા ગ્રાહકો જાય ત્યાં સુધી ચુપચાપ બેઠો

રહ્યો. એ ગ્રાહકો ગયા ત્યાર બાદ તેણે જમનાદાસને કહ્યું, 'દ્વારકાદાસ ક્યાં રહે છે?' જમનાદાસે આશ્ચર્યથી ચંદુને પૂછ્યું, 'તું તેમને ઓળખે છે?' ચંદુએ કહ્યું, 'ના, પરંતુ તેઓ અહીં આવ્યા હતા ત્યારે તેમનું પાકીટ અહીં ભૂલી ગયા છે. બીજા ગ્રાહકો હતા એટલે મેં ત્યારે વાત નહોતી કરી. હવે તેમને શોધીને તેમને આ પાછું આપી આવું. મારો માલ કાઢી રાખ્યો હોય તો તે પણ આપો, આજે તમારે બહુ ઘરાકી છે નહીં?' જમનાદાસે પાકીટ જોયું. તેમાં ઘણા બધા રૂપિયા હતા. આ જોઇને તેને ચંદુની પ્રામાણિકતા ઉપર માન ઉપજ્યું. તેણે કહ્યું, 'લે આ ભાટિયા શેઠનું સરનામું, અને અત્યારે જ તેને આપી આવજે, હું તેને ફોન કરીને કહું છું.' અને ચંદુ પોતાનો માલ લઈને ભાટિયા શેઠને ત્યાં જવા નીકળ્યો.

***

ચંદુ ભાટિયા શેઠને બંગલે પહોંચી ગયો. પણ શેઠ હજુ ઘરે આવ્યા ન હતા. શેઠાણીએ જોયું કે આ કોઈ ફેરીવાળો લાગે છે. એટલે તેણે તેને પૂછ્યું, તારું નામ ચંદુ છે?' ચંદુએ કહ્યું, 'જી.' શેઠાણીએ કહ્યું, 'શેઠ હમણાં આવશે' એમ કહીને બેસાડ્યો. જમનાદાસનો ફોન શેઠાણીએ ઉપાડ્યો હતો અને તેમણે વાત કરી હતી કે 'ચંદુ ભાટિયા શેઠને મળવા આવશે.'

પછી શેઠાણીએ તેનું કાપડ જોયું અને તેમાંથી તેણે થોડું કાપડ પસંદ પણ પડ્યું. ત્યાં જ દ્વારકાદાસ ઘરે આવી ગયા. તેઓ અંદર ગયા અને અંદરની ખાટ પર બેઠા. શેઠાણીએ જોયું કે શેઠ ચિંતામાં છે. શેઠાણીએ પૂછ્યું, 'શું થયું, માથું દુખે છે?' શેઠ કહે, 'ના, માથું તો નથી દુખતું પણ મારું પાકીટ ક્યાંક પડી ગયું લાગે છે.' શેઠાણીએ તરત કહ્યું, 'જમનાદાસજીનો ફોન આવ્યો હતો. તમારું પાકીટ તમે ત્યાં ભૂલી આવ્યા છો.'

તને કોણે કહ્યું?' શેઠાણીએ કહ્યું, 'તેમનો ફોન આવ્યો હતો. બહાર આ ફેરીવાળો ચંદુ એટલે જ તમને મળવા આવ્યો છે.' આ સાંભળી શેઠ ઊભા થઇ બહાર આવ્યા.

'તારું નામ ચંદુ છે અને તું જમનાદાસને ત્યાંથી આવ્યો છે?'

'જી, તેમણે જ મને તમારું સરનામું આપ્યું છે,' એમ કહી તેણે શેઠને પાકીટ આપતા કહ્યું, 'લો, આ તમારું પાકીટ તમે ત્યાં જ ભૂલી ગયા હતા એટલે મેં તે લઈ લીધું કેમ કે બીજા ગ્રાહકો ઘણા આવતા હતા. વળી બીજું કોઈ લઇ લે તો?' શેઠજી તરત પોતાના પાકીટને ઓળખી ગયા અને તે લઇ લીધું. તેના હાથમાં પાકીટ આવતાં જ તે તેમાં જોવા લાગ્યા. તેમાં બધું જ અકબંધ હતું તેની તેમને ખાતરી થઇ ગઈ.' તેમણે તેમાંથી સો રૂપિયા ચંદુને આપતાં કહ્યું, 'લે આ તારું ઇનામ...'. શેઠજીને થયું કે તે ખુશ ખુશ થઇ જશે. પરંતુ ચંદુએ બે હાથ જોડીને કહ્યું, 'તમારો આભાર, પણ શેઠજી મેં ઇનામની લાલચે તમારું પાકીટ તમને નથી આપ્યું. એ તો મારી નૈતિક ફરજ ગણાય. અને તે માટે મારાથી પૈસા ન લેવાય. હા, મને પચાસ રૂપિયા આપો તે પણ શેઠાણીને જે કાપડ પસંદ પડ્યું છે તેના છે.'

ભાટિયા શેઠ આ યુવકને જોઈ રહ્યા. તેમને તેનામાં રસ પડ્યો...

***

તેઓ ધારી ધારીને ચંદુને જોઈ રહ્યા હતા. ચંદુને તેની ખબર ન હતી. ભાટિયા શેઠના મનમાં કયા વિચારો ચાલતા હતા તેનાથી તે અજાણ હતો. શેઠ તો તેની વાતચીત કરવાની વિવેકી રીતભાત જોઈ ખુશ થયા. શેઠને થયું આ છોકરો મુંબઈનો નથી લાગતો. તેમના મનમાં થયું: કોણ હશે આ છોકરો?

શેઠજીએ ચંદુને તેનું નામ-ઠામ અને ઠેકાણું પૂછ્યું. તેણે બહુ વિનયપૂર્વક જવાબો દીધા. શેઠને થયું છોકરો સારા ઘરનો છે, વળી જામનગરનો છે. તેના પિતાનું નામ પૂછ્યું અને તે ચમક્યા: અરે! આ તો મારા મિત્રનો જ છોકરો છે, અહીં ક્યાંથી? તેણે વધારે પ્રશ્નો પૂછ્યા તેના કુટુંબમાં કોણ કોણ છે, કેટલો અભ્યાસ કર્યો છે, કેટલા વર્ષથી જામનગરમાં રહે છે, અહીં કેવી રીતે આવ્યો? અને છેલ્લે પૂછ્યું, 'ઘેરથી કેટલા પૈસા લઈને નીકળ્યો છે? બાપાને કહ્યું છે કે નહીં?' અને ચંદુએ સાવ સાચો જવાબ આપ્યો. તે સાંભળીને શેઠજીએ કહ્યું, 'કાલથી તારે કાપડની ફેરી નથી કરવાની. તને ખબર છે તારા બાપા મારા જીગરજાન દોસ્ત છે એટલે તું મારો ભત્રીજો થયો અને હું તારો કાકો છું!'

હવે ચંદુને શું બોલવું તે ન સમજાયું. પણ તેણે તેમનાં ચરણસ્પર્શ કર્યા અને શેઠે તેને આશીર્વાદ આપ્યા, 'સો વર્ષનો થા અને ખૂબ આગળ વધ.' તેણે બહાર નામ વાંચ્યું હતું : 'દ્વારકાદાસ વેદ.' 'તમે જ ભાટિયા શેઠ છો?' શેઠજીએ હસીને કહ્યું, 'હા હું જ ભાટિયા શેઠ છું. પણ તારે મને ભાટિયા શેઠ નહીં કહેવાનું.'

'જી.'

બીજે દિવસે ચંદુ ભાટિયા શેઠનાં ઘરે આવી ગયો. ભાટિયા શેઠ ઉદાર હતા. તેને કોઈ સંતાન ન હતું. એક છોકરો હતો તે બહુ વર્ષો પહેલાં પાણીમાં ડૂબી ગયો હતો. પછી તેમણે ધંધામાં ધ્યાન પરોવ્યું અને આજે તેમણે પોતાની બુદ્ધિના બળથી અને ધંધામાં સૂઝકો પડતા 'ભાટિયા શેઠ' જેવું માનવંતુ સ્થાન મેળવ્યું હતું. સમાજમાં તેમની સારી એવી નામના હતી.

***

ચંદુ હવે મુંબઈની સીડનહામ કોલેજમાં ભણવા લાગ્યો. તે ભણવામાં પહેલેથી જ તેજ હતો. ચંદુનાં માતા-પિતાને બધા ખબર મળ્યા અને તેઓની ચિંતા દૂર થઇ ગઈ. તેમણે જામ સાહેબને કહ્યું, 'બાપુ, મારો છોકરો મુંબઈમાં સીડનહામ કોલેજમાં ભણે છે!'

બાપુ કહે, 'જેસંગ, બાપ એવા બેટા અને વડ એવા ટેટા. તમારો છોકરો તમારું નામ રોશન કરશે.' અને જેસંગભાઈ પોરસાતા.

***

ચંદુને હવે અભ્યાસ કરવાની તક મળી તેથી તે ખૂબ રાજી થયો. પુસ્તકાલયમાંથી તો તે પુસ્તકો લાવીને વાંચતો હતો પણ હવે તો તે પોતાને ગમે તે પુસ્તકો ખરીદી પણ શકતો હતો. દિવસે કોલેજેથી આવીને તે દ્વારકાદાસને હિસાબ-કિતાબમાં મદદ કરતો હતો તથા નાના મોટાં કામ પણ કરતો હતો. સાથે સાથે તે પોતાના ફિલ્મના શોખને પણ પોષતો હતો. કોલેજમાં તેને દુનિયાદારીનું ભાન થવા લાગ્યું. તે કોઈપણ માણસને જોઇને તે કેટલા પાણીમાં છે તે પારખી લેતો હતો. ચંદુ ધીમે ધીમે મોટો થવા લાગ્યો. અંગ્રેજી ભાષા ઉપરાંત તે મરાઠી અને હિન્દીમાં પણ વાંચવા લાગ્યો. તેને દુનિયામાં થતી અવનવી શોધો અને બીજી બધી ગતિવિધિની પણ સમજ પડવા લાગી હતી. હવે તેને મૂછનો દોરો ફૂટ્યો અને તે ફાંકડો યુવાન બની ગયો.

***

ચંદુ ગયો ત્યારપછી રમણ સાવ એકલો પડી ગયો હતો. તો પણ તે મજૂરી કરી તેનું પેટીયું રળી લેતો હતો. બે ટંકનું ભોજન પ્રેમાને ત્યાં જ લેતો અને મહીને તેના પૈસા ચૂકવી દેતો. પ્રેમા તેને ક્યારેક કહેતી, 'તમારા મિત્રનાં શું ખબર છે?' ત્યારે તે કહેતો,

'એને એના કાકાને ઘેર જલસો છે. સાંભળ્યું છે કે તે હવે કોલેજમાં ભણવા જાય છે.' પ્રેમા કહેતી, 'એટલું બધું ભણવાનું હોય! અમારે નિશાળમાં સાત ધોરણ સુધી જ ભણવાનું હતું.'

પ્રેમા રમણનું ખાસ ધ્યાન રાખતી. તેની મા અને તે બંને મળીને સારી એવી કમાણી કરી લેતા હતા. અને પ્રેમા પૈસા બચાવતી પણ હતી. તે જાણતી હતી કે પૈસા હોય તો બહુ કામમાં આવે. તેણે એક ઓરડી ખરીદી લીધી હતી અને તેમાં જ પોતાનું રસોઈનું બધું કામ સંભાળતી હતી.

એક દિવસ પ્રેમાની માને તાવ આવ્યો. એક તો તે નબળી હતી અને તેમાં તાવ ઉતરતો નહોતો. પ્રેમા તેને લઈને ડોક્ટર પાસે ગઈ. ડોક્ટર કહે, 'કમજોરી બહુ જ છે. દવા અસર નહીં કરે. ફળોનો રસ આપો, શક્તિની દવા પણ કામ નહીં કરે.' દિવસે દિવસે પ્રેમાની માની હાલત વધારે બગડવા લાગી. હવે શું કરવું?

***

ભાટિયા શેઠનું કામ કરવા માટે ચંદુ જયારે ગોદી ઉપર આવતો ત્યારે તે પ્રેમાને મળવા અચૂક આવતો. એ સમયે પ્રેમા બધા કામ પડતા મૂકીને ચંદુ પાસે આવી જતી અને બંને એક એકાંત જગ્યાએ જઈને બેસતા હતા. તેમનો પ્રેમ પાંગરતો જતો હતો. પણ તેમને વધારે સમય ન મળતો. ચંદુ કામ પતાવીને આવતો એટલે તેની પાસે તો સમય હોય પણ પ્રેમાને રસોઈનું કામ વધી ગયું હતું અને તે ન સંભાળે તો તેમની પરિસ્થિતિ બગડી શકે તેમ હતી.

આજે જયારે તેઓ મળ્યા ત્યારે પ્રેમા કહે માની તબિયત હમણાંથી સારી નથી રહેતી. એટલે બંને પ્રેમાની ઓરડીએ આવ્યા. મા ઓરડીની બહાર બારણાં પાસે જ બેઠાં હતા. પ્રેમા કહે, 'મા કોણ આવ્યું છે જો તો ખરી.' માએ જોયું પછી કહે, 'ચંદુ...આવ, બેસ.' થોડીવાર ખબર અંતર પૂછીને ચંદુએ કહ્યું. 'મોટાં ડોક્ટરને બતાવવું પડશે તેમ લાગે છે.' માએ કહ્યું, 'નારે, કોઈને નથી બતાવવું. મારા દિવસો પૂરા થયા બેટા, બસ આ પ્રેમાની ચિંતા છે એટલે...' પ્રેમા અંદર ચા બનાવતી હતી એટલે તેણે આ વાતચીત સાંભળી ન હતી. ચંદુ કહે, 'તમે કોઈ જાતની ચિંતા ન કરો, હું છું ને.' મા કહે, 'એટલો સધિયારો છે, પણ તેના હાથ પીળા થઇ જાય તો...' ચંદુ કહે, 'બધું થઇ રહેશે, પહેલા તમે બેઠા થઇ જાઓ.' ચંદુએ ચા પીતાં પીતાં કહ્યું, 'પ્રેમા, માને બીજા ડોક્ટરને બતાવીએ. દવા ફેર થશે એટલે સારું થઇ જશે.' પ્રેમા કહે, 'હા મા, બીજી સારી દવાથી જલદી સારું થઇ જશે.'

મા કહે, 'મારું તો મન ના પાડે છે, હું હવે થોડા દિવસની મે'માન છું.'

ચંદુ કહે, 'ના, એમ હિંમત હારી ગયે નહીં ચાલે. કાલે સવારે જ તમે આવો, હું સીધો ડોક્ટરને ત્યાં જ મળીશ.'

ચંદુ ગયો. પ્રેમાને થયું કે તે અહીં જ રહે તો...

***

દ્વારકાદાસનાં જીવનમાં સુખ મર્યાદિત હતું. તેમનો પુત્ર મૃત્યુ પામ્યો હતો ત્યારે તેમને બહુ આઘાત લાગ્યો હતો. એથી તેમને પોતાના ધંધામાં બહુ રસ રહ્યો ન હતો. કારણ કે ઈશ્વરે ઘણું આપ્યું હતું અને હવે ધંધો કોના માટે કરવાનો છે. છતાં પ્રવૃત્તિ રહે તે

માટે અને પોતાની નામનાને ટકાવી રાખવા માટે તેઓ ધંધો કરતા હતા. પરંતુ જયારે તેમની પત્ની શાંતિ ગઈ ત્યારે તો તેમણે બધું જ છોડી દીધું. તમામ મિલકતનું ટ્રસ્ટ બનાવ્યું અને બેંકમાં થાપણ મૂકી તેના વ્યાજમાંથી દાન પુણ્ય કરતા. તેવામાં તેને ચંદુનો સાથ મળ્યો. તેમનાં નીરસ જીવનમાં થોડો ઉત્સાહ આવ્યો. પરંતુ તેઓ મનથી ભાંગી પડ્યા હતા. તેથી તેમણે ખાટલો પકડી લીધો જે તેમણે છેક સુધી ન છોડ્યો. ચંદુએ તેનાથી બને તેટલી સેવા ચાકરી કરી. પણ જનારાને કોઇથી ક્યાં રોકી શકાય છે?

તેમણે પોતાનું મકાન પણ ટ્રસ્ટને સોંપી દીધું હતું. અંત સમયે તેમણે ચંદુને કહ્યું હતું, 'બેટા, મને મળતું વ્યાજ તને મળતું રહે તેવી મેં વ્યવસ્થા કરી છે. તું જે કરશે તેમાં તને સફળતા મળશે એવા મારા તને આશીર્વાદ છે.' અને તેમણે આંખો મીચી લીધી હતી.

ચંદુ થોડા દિવસ બહુ ગમગીન રહ્યો. અને તેની ગમગીની વધારતો સંદેશો જામનગરથી મળ્યો. તેના પિતાનો પણ દેહાંત થયો હતો અને ત્રણ-ચાર દિવસ પછી આઘાતમાં માતા પણ સ્વર્ગે સિધાવ્યા હતા.

તેનો અભ્યાસ હજુ બાકી હતો. પણ તે પહેલાં આ બનાવોથી તે બહુ વ્યથિત થઇ ગયો હતો.

***

પ્રેમાની માની તબિયત કોઈ રીતે સુધરતી નહોતી. ચંદુ તેમને પોતાના ભાડાના ઘરમાં લાવ્યો અને જુદા જુદા ડોક્ટરને બતાવવા લાગ્યો. ડોકટરો કહે કે નબળાઈ

એટલી બધી છે અને પાચનશક્તિ પણ જોઈએ તેવી નથી તેથી ભારે દવા આપી શકાય નહીં. ફળોનો રસ આપતા રહો. પરંતુ દિવસે દિવસે તેમની કાયા ક્ષીણ થતી જતી હતી.

એક દિવસ વહેલી સવારે પ્રેમાની માએ અત્યંત ધીમે અવાજે પ્રેમાને કહ્યું, 'ચંદુ...' પ્રેમાએ ચંદુને જગાડ્યો. તે આવ્યો એટલે પ્રેમાની માએ તેનો હાથ પકડી લીધો અને બોલી, 'પ્રેમા તમને સોંપું...' વાક્ય પૂરું થાય તે પહેલાં તેનું આયખું પૂરું થઇ ગયું. પ્રેમા માને વળગીને ચોધાર આંસુએ રડવા લાગી.

***

૮. બદલાતાં સમીકરણો...

જીવનના અનેક રંગો જોયા પછી ચંદુના મનમાં થયું કે ભગવાને આવી જિંદગી શા માટે આપી? જિંદગી આપી તો ભલે આપી પણ મોત ન આપ્યું હોત તો? ખૂબ વિચારતાં તેને થયું કે મોત તો માણસને દુઃખમાંથી મુક્તિ આપે છે. પણ...દુખ ન આપે તો...પણ જો અને તો ઉપર જિંદગી નથી જીવી શકાતી એ વાત તે સારી રીતે જાણતો હતો. માતા-પિતાને જામનગર મળવા જવાના અને ત્યાંથી વરરાજા બનીને, લગ્ન કરીને સહુને મુંબઈ લાવવાની ઈચ્છા મનમાં જ રહી ગઈ. તેને બાપુ યાદ આવ્યા અને બા પણ. તેની સાથે બાળપણની એ મોજમજા અને નિશ્ચિંત જિંદગી યાદ આવી. નિશાળમાં તે જયારે પ્રથમ નંબરે આવતો ત્યારે બાપુ જામ સાહેબ પાસે હરખ કરવા જતા અને બા તેને ભાવતી વાનગીઓ બનાવીને કેટલા પ્રેમથી જમાડતી. મિત્રો સાથે લડાઈ-ઝઘડા અને બીજે દિવસે બધું ભૂલીને ફરી રમવા લાગતા.

પ્રેમાએ પૂછ્યું, 'શું વિચારો છો?'

ચંદુએ કહ્યું, 'કાંઈ નહીં. મને બા-બાપુની યાદ આવી ગઈ.'

પ્રેમાએ જીવનનું સત્ય ઉચ્ચાર્યું, 'મારા બાપુ તો હું બહુ નાની હતી ત્યારે જ ઉપર જતા રહ્યા હતા, પણ મારી મા તો હમણાં જ મૃત્યુ પામી. એટલે હું સમજી શકું છું કે મા જાય તો કેવું થાય. મારી મા હંમેશાં કહેતી, 'મા તે મા બીજા વગડાના વા, માની તોલે કોઈ ન આવે.'

થોડી વાર રહી તે ફરી બોલી, 'સૌએ જવાનું તો છે જ, વહેલું કે મોડું.'

ચંદુને લાગ્યું કે તે રડી પડશે તેથી તેણે વાત બદલવા કહ્યું, 'કેટલાં વર્ષો થઇ ગયા, તને યાદ છે જયારે આપણે મુંબઈમાં પહેલી વાર પગ મૂક્યો અને પડાવમાં રહ્યાને બે ત્રણ દિવસ માંડ થયા હશે ત્યારે મેં એકવાર કહેલું કે આપણે નવા મકાનમાં સાથે રહેશું.'

'હા, બરાબર યાદ છે.' કહી પ્રેમા ઊભી થઇ અને થોડી વારમાં પાછી આવી અને ચંદુના હાથમાં એક પડીકું આપ્યું. ચંદુ કહે, 'આ શું છે?' પ્રેમા કહે, 'તું ખોલીને જો તો ખરો.' ચંદુએ ઉત્સુકતાથી પડીકું ખોલ્યું. જોઇને તે આભો બની ગયો, તેમાં ઘણા બધા રૂપિયા હતા. 'આટલા બધા રૂપિયા તારી પાસે ક્યાંથી આવ્યા?' ચંદુએ પૂછ્યું. પ્રેમા હસીને બોલી, 'આ તું મને રોટલાના પૈસા આપતો હતો તે અને હું રસોઈ કરીને બધાને જમાડતી અને મને જે મળતું તેમાંથી બચાવેલા પૈસા છે. તેં જયારે કહ્યું કે આપણે નવા મકાનમાં સાથે રહેશું ત્યારથી મેં મકાન માટે બચાવવાનું શરુ કર્યું હતું.' અને ચંદુએ પોતાની પાસેની બચતના પૈસા તેમાં ઉમેર્યા. અને તેના મનમાં વાત બેસતી ગઈ!

બે-ચાર દિવસમાં તેમણે ચાલીમાં એક રૂમ રસોડાવાળું  મકાન લઇ લીધું. ચંદુ પ્રેમાને આ નવા ઘરમાં લઇ આવ્યો. નવાં ઘરમાં તેણે જાણે પ્રેમા સામે પહેલી વાર જોયું. પ્રેમાનાં અંગે અંગનો કબજો યૌવને લઇ લીધો હતો. તેનું રૂપ જોઇને તે નવાઈ પામ્યો. આ નાની છોકરી યુવતી બની ગઈ. પણ તેને એ ખબર ન હતી કે તે પણ છોકરામાંથી પુરુષ બની ગયો હતો. તેમનો એકબીજા સાથે ઘનિષ્ઠ પરિચય તો હતો જ. મન પણ મળી ગયા હતા. હવે તન પણ મળ્યાં અને તેમના સંસારનો આરંભ થયો!

***

૧૯૨૪ માં  સીડનહામ કોલેજમાં ચંદુનો અભ્યાસ હજુ ચાલુ જ હતો. અને એક સાંજે પ્રેમા કહે, 'હવે કેટલું ભણવું છે?' ચંદુ કહે, 'બસ હવે એક વર્ષ જ બાકી રહ્યું છે.' અને પ્રેમાએ સીધું જ પૂછ્યું, 'પછી શું કરશો?' ચંદુએ તરત તેના હાથમાં એક કવર આપ્યું અને કહ્યું, 'આ...'. પ્રેમાને સમજાયું નહીં, તેણે કહ્યું, 'આ એટલે શું?'

ચંદુ રમતિયાળ સ્મિત કરતાં બોલ્યો, 'તે દિવસે તેં મને પડીકું આપ્યું હતું ને? આજે હું તને આ કવર આપું છું, તું તેને ખોલ અને વાંચ!'

પ્રેમા ઉત્સુકતાથી કવર ખોલી કાગળ વાંચવા ગઈ...પણ, 'તું જ વાંચીને કહે કે આમાં શું લખ્યું છે...મને અંગ્રેજી વાંચતા ક્યાં આવડે છે?' ચંદુએ કહ્યું, 'સોરી,

'પણ આ કાગળમાં શું લખ્યું છે એ તો કહે...'

'મને બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં જોબ મળી છે.'

પ્રેમાને કાંઈ સમજાયું નહીં, 'એટલે?'

'મને નોકરી મળી છે.'

***

ભાટિયા શેઠનો કાપડનો ધંધો હતો. રૂની આયાત-નિકાસમાં પણ તેઓ સારું કમાયા હતા. વેપારીઓ તેમના સ્વભાવથી અને વ્યવહારથી બહુ ખુશ રહેતાં. ચંદુએ હજુ કોઈ પાસે તેમના વિષે નબળી વાત સાંભળી ન હતી. ચંદુનો અભ્યાસ પૂરો થઇ ગયો હતો. તેને પણ ઘણી વાર કાપડનો બીઝનેસ કરવાનો વિચાર આવતો હતો. સ્ટોક

એક્સચેન્જની નોકરીમાં તેને પોતાને ગમતી ફિલ્મ જોવાનો કે તેને વાંચવાનો સમય મળતો ન હતો. પ્રેમા કહેતી, 'હવે તો આપણી સ્થિતિ સારી છે, આરામથી જે ગમે તે કરોને!'

પણ ચંદુનું મન માનવું જોઈએ ને!

અને એક દિવસ સવારના પહોરમાં  તેને 'લક્ષ્મી ફિલ્મ કંપની' માંથી ફિલ્મ 'વિમલા' (૧૯૨૫) નું દિગ્દર્શન કરવા માટે કહેવામાં આવ્યું કારણ કે તેના ડાઈરેક્ટર મણીલાલ જોશી બીમાર પડ્યા હતા અને પથારીવશ હતા. અને પોતાના મનગમતા ક્ષેત્રમાં કામ કરવાનું મળતા તેણે સ્ટોક એક્સચેન્જમાં ફરી કામ સંભાળતા પહેલાં હોંશ અને ઉત્સાહથી વિમલા ફિલ્મ ડાઈરેક્ટ કરી એટલું જ નહીં પણ તે જ વર્ષમાં બીજી ત્રણ ફિલ્મો 'પાંચદાદા', 'ટાઈપીસ્ટ ગર્લ' અને 'ફાઈવ ડિવાઈન વોન્ડસ' પણ ડાઈરેક્ટ કરી! વિમલા અને પાંચદાદામાં મુખ્ય ભૂમિકાઓ સેન્ડો અને પૂતળીએ ભજવી હતી.

***

૯. ફિલ્મક્ષેત્રે પદાર્પણ

બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં ગયા પછી ચંદુને ખબર પડી કે એના સગડ તો છેક ૧૮૫૫ સુધી જાય છે. ત્યારે ગુજરાતીઓ અને પારસીઓ ટાઉન હોલ સામે વડ નીચે મળતા. અને તેનું સ્થળ બદલાતું રહ્યું હતું અને અંતે ૧૮૭૪-૭૫ માં દલાલ સ્ટ્રીટ, કાલાઘોડા, મુંબઈ એવું સરનામું તેને મળ્યું. ચંદુને એ જાણીને પણ નવાઈ લાગી કે આ વિશ્વનું સહુથી જૂનું ૧૧ મું સ્ટોક એક્સચેન્જ હતું. પણ તેનું મન તો ફિલ્મોમાં જ હતું.

૧૯૨૬ માં ચંદુલાલે 'માધવ કામ કુંડલા' ફિલ્મનું દિગ્દર્શન કર્યું. ચંદુને હવે સહુ ચંદુલાલ કહેવા લાગ્યા હતા.

પ્રેમાને હવે ઘણો સમય મળતો હતો. તેણે મોટી ઉંમરે બાળપણમાં બાકી રહેલો અભ્યાસ શરુ કર્યો. લોકો ભલે કહે કે 'પાકા ઘડે કાંઠા ન ચડે' પણ તેને અભ્યાસમાં રસ પડવા લાગ્યો!

***

જયારે ચંદુએ લક્ષ્મી ફિલ્મ કંપનીની ત્રણેક ફિલ્મોનું  દિગ્દર્શન કર્યું ત્યારે તેને ફિલ્મી લાઈનના ઘણા લોકો સાથે પરિચય થયો. તેમાં એક નામ અમરચંદ શ્રોફનું પણ હતું. અમરચંદ ચંદુલાલના કામથી ખુશ હતો અને ચંદુલાલનાં સ્વરૂપમાં તેને એક સારો મિત્ર પણ મળ્યો.

એકવાર અમરચંદ તેને લઈને કોહિનૂર ફિલ્મ કંપનીમાં આવ્યો. ત્યાં જ તેને ગૌહરની સાથે મુલાકાત થઇ. ગૌહર સૌરાષ્ટ્રના એક વોહરા મુસ્લિમ પરિવારમાંથી આવી હતી. સમય જતા ચંદુલાલનો તેની સાથેનો સંપર્ક થયો જે તેના અંગત અને વ્યવસાયિક

જીવનમાં બહુ મહત્વનો બની રહ્યો. ૧૯૨૬ માં કોહિનૂર ફિલ્મ કંપનીમાં ચંદુલાલે દેવારે સાથે મળીને ડાયરેક્ટ કરેલી ફિલ્મ ટાઈપીસ્ટ ગર્લ જબરદસ્ત હિટ સાબિત થઇ હતી. તેની મુખ્ય ભૂમિકામાં સુલોચના (રૂબી માયર્સ), રાજા સેન્ડો અને આર.એન.વૈદ્ય ઉપરાંત ગૌહરજાન મામાજીવાલાનો પણ સમાવેશ થતો હતો.  અને પછીને વર્ષે ગૌહરની મુખ્ય ભૂમિકામાં કોહિનૂર ફિલ્મ કંપનીની એજ્યુકેટેડ વાઈફ, ગુણસુંદરી, સતી માદ્રી, સુમારી ઓફ સિંધ ફિલ્મોનું અને ત્યારબાદ બીજે વર્ષે જગદીશ ફિલ્મ કંપનીની ગૃહલક્ષ્મી, વિશ્વમોહિની અને ચંદ્રમુખી જેવી કેટલીક ફિલ્મોનું દિગ્દર્શન કર્યું.

***

એ અરસામાં જામનગરમાં જામ સાહેબે ચંદુલાલની ફિલ્મ ક્ષેત્રની પ્રગતિની વાત સાંભળી. તેઓ બહુ ખુશ થયા. કારણ કે તેઓ પણ ફિલ્મના શોખીન હતા. તેઓ જયારે જામનગરથી મુંબઈ આવ્યા હતા ત્યારે ચંદુલાલને મળ્યા. ચંદુલાલ તેમને પગે લાગ્યો. જામ સાહેબ તેને જોઈ જ રહ્યા. નાનકડો હોંશિયાર છોકરો...અસ્સલ જેસંગભાઈ જેવો જ દેખાતો હતો! તેમને મનમાં આનંદ થયો. તેમણે જામનગરમાં તેના માતા-પિતાની વાતો કરી. જયારે ફિલ્મોની વાત નીકળી ત્યારે ચંદુલાલે દાણો દાબી જોયો, 'બાપુ, ફિલ્મો તો મારો સહુથી ગમતો શોખ છે, મેં ઘણી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. પણ બાપુ, મને એક વિચાર આવે કે આપણો પોતાનો સ્ટુડિયો હોય તો કેવી મોજ પડે?' જામ સાહેબ આ સાંભળી ખુશખુશાલ થઇ ગયા. તે કહે, 'તો કરને તારો પોતાનો સ્ટુડિયો...!'

ચંદુલાલે કહ્યું, 'પણ બાપુ...'

બાપુ સમજી ગયા, 'હું બેઠો છું ને પછી તારે શેની ચિંતા, જયારે જેટલા રૂપિયાની જરૂર હોય તે મને જણાવજે, મોકલી દઈશ...બોલ બીજું કાંઈ?'

ચંદુલાલ કહે, 'બસ બાપુ, આપના આશીર્વાદ સિવાય મારે બીજું શું જોઈએ...તો હું શરુ કરું આપણા પોતાના સ્ટુડિયોથી...બાપુ, સ્ટુડિયોનું નામ મેં નક્કી કરી લીધું...'રણજીત સ્ટુડિયો'! અને ચંદુલાલે ૩૧ વર્ષની ઉમરે ૧૯૨૯માં ગૌહર સાથે મળીને દાદરમાં (પૂર્વ) 'રણજીત સ્ટુડિયો' નો પાયો નાખ્યો. આ સ્થાપના જામનગરના મહારાજા અને સુપ્રસિદ્ધ ક્રિકેટર રણજીતસિંહે પોતાના હસ્તે કરી હતી...જે તેમની આર્થિક મદદ વગર શક્ય ન બન્યું હોત.

***

ચંદુલાલની આવક વધી. હવે તેઓ એક ઓરડાનું મકાન છોડીને બંગલામાં રહેવા આવી ગયા. તેઓ માંડવી કચ્છથી મુંબઈ આવ્યા હતા એટલે ઘણા લોકો હવે તેને કચ્છી શેઠ કહેવા લાગ્યા હતા. ભાંગવાડી પાસે તેના નામની પેઢી પણ ખૂલી ગઈ હતી. તેની નીચે ૨૫-૩૦ મુનીમો કામ કરતા હતા. ચંદુલાલ પ્રેમા સાથે સુખેથી રહેતા હતા. તેઓ ધોબી તળાવ, પીકેટ રોડ ઉપર આવેલા એડવર્ડ સિનેમામાં ઘણીવાર સિનેમા જોવા જતા અને તેની નાયિકા જોઇને તે પ્રેમાને નાયિકાનાં નામે જ બોલાવવા લાગ્યા હતા.

પ્રેમા પણ નાયિકાથી ઓછી સુંદર નહોતી.

કચ્છી શેઠ એટલે કે ચંદુલાલનાં નામે હવે સખાવત બોલાવા લાગી હતી. જેને જરૂરિયાત હોય તે વ્યક્તિ કચ્છી શેઠના બંગલે પહોંચી જતી અને ખાલી હાથે પાછી ન

ફરતી. પ્રેમાએ પણ ગરીબી જોઈ હતી તેથી તે પણ ઉદારતાથી ગરીબોને દાન આપતી હતી.

અને તેમને ત્યાં પુત્ર જન્મ થયો.  પ્રેમા તેના લાલનપાલનમાં વ્યસ્ત રહેવા લાગી. ચંદુલાલ તેનાં કામકાજમાં પહેલેથી જ વ્યસ્ત રહેતો હતો.

ચંદુલાલ શાહનું નામ મુંબઈમાં ગુંજવા અને ગાજવા લાગ્યું. હવે કચ્છી શેઠના નામનો સિક્કો ચાલવા લાગ્યો. જ્યાં જુઓ ત્યાં કચ્છી શેઠ... કચ્છી શેઠ. દવા, સિનેમા, કેમિકલ, કાપડ, રૂ ની દલાલી, શેરબજાર વગેરે દરેક ક્ષેત્રમાં તેમનો સિક્કો ચાલતો. લક્ષ્મી દેવી પણ તેના પર ખૂબ જ પ્રસન્ન હતા. જે ક્ષેત્રમાં તેઓ મૂડીરોકાણ કરતા તે ક્ષેત્રમાંથી અનેકગણા રૂપિયા મળવા લાગ્યા. ગવર્નર પણ તેમને જમવા બોલાવતા.

પ્રેમાનો દરજ્જો પણ બદલાઈ ગયો હતો. વિશાળ બંગલાની માલીકણ. તેણે સ્વપ્ને પણ ન કલ્પ્યા હોય તેટલાં ઘરેણાં, પ્રેમાનો સ્વભાવ અને ઠસ્સો એટલે જાણે સોનામાં સુગંધ. રૂપ પણ એટલું જ અને એવું જ હતું.

તો કચ્છી શેઠ પણ કાંઈ કમ ન હતા. ઈજિપ્શિયન કોટનનો ઝભ્ભો, ઉપર ઘૂંટણ સુધીનો કોટ, કાળી ટોપી હાથમાં હીરાની વીટીઓ અને સીસમની કાળી લાકડી તથા તેની ઉપર ચાંદીની મૂઠ. અસ્સલ ભાટિયા શેઠ જેવા જ લાગતા હતા આ કચ્છી શેઠ. દૂરથી જ દેખાઈ આવે કે કચ્છી શેઠ આવે છે. કચ્છી શેઠને સહુથી વધારે કમાણી થતી સિનેમામાં અને શેરબજારમાં!

***

સિનેમા બનાવવા માટે જર્મનીથી મશીન અને કેમેરા આવી ગયા હતા. કચ્છી શેઠનો રણજીત સ્ટુડિયો ધમધમવા લાગ્યો. તેમની ચારે તરફ સુખનો સાગર ઘૂઘવતો હતો! વિધાતાનાં ચારેય હાથ ચંદુલાલને માથે અને જામ સાહેબની ઓથ પછી બાકી શું રહે? મુંબઈમાં જ નહીં જામનગરમાં પણ જામ સાહેબની સાથે કોલેજ, હોસ્પિટલ વગેરેમાં તેમનું સ્થાન આગળ પડતું હતું. જ્યાંથી પ્રેમા મળી હતી તે વેરાવળ, જ્યાંથી તેઓ પહેલીવાર મુંબઈ આવ્યા હતા તે માંડવી અને જ્યાં બચપણ વિતાવ્યું હતું તે જામનગરને તેઓ ભૂલી શકે તેમ ન હતા. પણ હવે એ બધા પરદેશ જેવાં બની ગયા હતા. અરે જે હંટરવાલી તેમને મુંબઈ લઈને આવી હતી તેને પણ તેઓ નહોતા ભૂલ્યા અને એ પડાવના ઓટલાને પણ કેમ ભુલાય? પ્રેમા સાથેના એ દિવસો...

***

૧૦. રણજીત મૂવીટોન

ગૌહરે ઘણી ફિલ્મોમાં કામ કર્યું પરંતુ ગુણસુંદરી (૧૯૨૭) માં તેનું નામ સહુથી વધારે પ્રસિદ્ધ થયું હતું. તેને લીધે કોહિનૂર ફિલ્મ કંપનીએ કીર્તિના શિખરો સર કર્યા! રાજા સેન્ડો તેમાં અભિનેતા હતા પણ તેમાં ગૌહર ઉપરાંત રામપિયારી અને જમના એમ તે સમયની ત્રણ ત્રણ જાજરમાન અભિનેત્રીઓએ અભિનય આપ્યો હતો.

રણજીત ફિલ્મ કંપનીનાં બેનર હેઠળ ૧૯૨૯ થી ૧૯૩૨ નાં ચાર વર્ષોમાં કુલ ૩૭ સાઈલંટ (મૂક) ફિલ્મો બની હતી. આ હિટ ફિલ્મોમાં મૂંગી ફિલ્મોના એ જમાનામાં ગૌહર, પુતળી, સુલતાના, શાન્તાકુમારી, માધુરી, જુબૈદા, રાજા સેન્ડો, બિલીમોરિયા ભાઈ, ઈનામદાર, બાબૂરાવ અને ઈશ્વરલાલ જેવા કલાકારોએ કામ કર્યું હતું. રણજીત ફિલ્મ કંપનીના બેનર નીચે બનેલી આ ફિલ્મોના દિગ્દર્શન કરનારા હતા ચંદુલાલ શાહ, નાનુભાઈ વકીલ, જયંત દેસાઈ, નંદલાલ જસવંતલાલ અને નગેન્દ્ર મજૂમદાર.

ચંદુલાલની કાર્યક્ષમતાને હવે કોઈ અવરોધ ન રહ્યો. તે પોતાની પૂરેપૂરી ક્ષમતાથી ફિલ્મ દિગ્દર્શન અને નિર્માણ પાછળ લાગી ગયા. આ વાતનો અંદાજ આપણને એ વાત પરથી આવી શકે કે ૧૯૨૯ થી ૧૯૩૨ નાં એ જ ચાર વર્ષોમાં તેમણે ૧૧ ફિલ્મોમાં દિગ્દર્શન કરવા ઉપરાંત ૩૯ ફિલ્મોનું નિર્માણ કર્યું તથા એક ફિલ્મની સ્ટોરી પણ લખી હતી! સામાજિક કથાવસ્તુનું નિરૂપણ કરતી આ ફિલ્મોએ સફળતાની વ્યાખ્યા બદલાવી નાખી!

મૂંગી ફિલ્મોને દેશના અલગ અલગ ભાગોમાં જે તે પ્રદેશની બોલી મુજબ નવાં નામો આપીને દેખાડવામાં આવતી હતી એટલા માટે તેમનો વ્યવસ્થિત રેકોર્ડ રાખવાનું કામ બહુ મુશ્કેલ હતું.

***

૧૯૩૧ માં બોલતી ફિલ્મોનો યુગ શરુ થયો. ચંદુલાલે રણજીત ફિલ્મ કંપનીનું નામ બદલીને 'રણજીત મૂવીટોન' કરી નાખ્યું કારણ કે હવે બોલતી ફિલ્મો શરુ થઇ. સુજ્ઞ લોકો તેને સવાક ફિલ્મ પણ કહે છે અને અંગ્રેજીમાં તેને 'ટોકી' કહે છે (એ શબ્દ પરથી ટોકીઝ શબ્દ બન્યો!). ચિત્રપટ બોલતું થયું તેથી તે બોલપટ પણ કહેવાયું.

બરાબર એ જ અરસામાં નાનુભાઈ વકીલે  ગુજરાતી ચલચિત્ર નરસિંહ મહેતા પ્રસ્તુત કર્યું અને ગુજરાતી ફિલ્મોનો સૂર્યોદય થયો.

અને રણજીત મૂવીટોન બેનર હેઠળની પહેલી 'ટોકી' ફિલ્મ હતી દેવી દેવયાની. આ ફિલ્મની મુખ્ય ભૂમિકાઓ ગૌહરજાન મામાજીવાળા, ડી. બિલીમોરિયા, કે.કી.અડજાણિયા, માસ્ટર ભગવાનદાસ (અલબેલા ફેઈમ) અને મિસ કમલાએ ભજવી હતી. તેના નિર્દેશક ચંદુલાલ શાહ તથા સંગીતકાર ઉસ્તાદ ઝંડે ખાં હતા. ઉસ્તાદ ઝંડે ખાંએ વર્ષ ૧૯૩૧ થી ૧૯૩૩ ની વચ્ચે બનેલી રણજીત મૂવીટોનની બધી જ એટલે કે ૧૩ જેટલી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. વર્ષો પછી આ જ ઉસ્તાદ ઝંડે ખાં નાં મદદનીશ તરીકે સંગીતકાર નૌશાદે ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો!

રણજીત મૂવીટોન માં ફિલ્મ નિર્માણની ગતિનો ખ્યાલ એ વાતથી આવી શકે કે અહીં એક વર્ષમાં સરેરાશ ૬ ફિલ્મો બનતી હતી! ૧૯૩૦ થી ૧૯૪૦ દરમિયાન રણજીત મૂવીટોનના બેનર નીચે ૬૧ ફિલ્મો બની હતી. તેના જ નેજા હેઠળ ૧૯૩૮ માં એક તામિલ ફિલ્મ સીતા અપહરણમ પણ પ્રદર્શિત થઇ હતી. ૧૯૩૯ માં બનેલી સંત તુલસીદાસ હિન્દી ઉપરાંત મરાઠી ભાષામાં પણ બની હતી.

***

સફળ ફિલ્મોની વણઝાર, પોતાનાં જ બારથી પંદર જેટલા સિનેમા હોલ, પોતાની જ ફિલ્મ અને એક પછી એક ફિલ્મમાં હાઉસફૂલનાં પાટિયાં ઝૂલે! ચંદુલાલને હવે આ બધું ફાવી ગયું હતું.

તેઓ રોજ રણજીત સ્ટુડિયોમાં જતા, કામકાજ જોતાં, આવક-જાવકનો હિસાબ રાખતા. સહુ સાથે ફિલ્મોની વાતચીત કરતા. કથા વાર્તા અને સંવાદ તથા સંગીતની ચર્ચા કરતા. પેડર રોડ પર આવેલા નેશનલ ફિલ્મ ઇન્સ્ટીટયુટમાં સ્ટુડિયો, રેરેસ્ટ સ્ક્રીપ્ટ, સાઉન્ડ, વોઈસ અને રેકોર્ડ્સ વિષે પોતાનો અભિપ્રાય આપતા અને બધી ખેર ખબર રાખતા. અભિનેતાઓ અને અભિનેત્રીઓ અને અન્ય કલાકારોને પણ મળતા. અન્ય કર્મચારીઓની વાત પણ સાંભળતા.

સાઉથમાંથી એક હિરોઈન આવી હતી. નામ તેનું વનલતા. તે અત્યંત ખૂબસૂરત હતી. તેમના મોટાભાગના સિનેમાની તે હિરોઈન હતી. જે લોકો તેની ફિલ્મ જુએ તે તેની નવી ફિલ્મ જોવા અચૂક આવે. લોકો તેને જોવા માટે એટલા તો પાગલ બન્યા હતા કે તેની એકની એક ફિલ્મ લોકો દસ-દસ વખત જોતાં. પણ ચંદુલાલ કોઇથી અંજાય તેમ નહોતા. તેઓ તેને એક અભિનેત્રી તરીકે જ જોતાં.

ચંદુલાલ પ્રેમાને ખરેખર પ્રેમ કરતા હતા. એટલે પ્રેમા પોતાને બહુ જ ભાગ્યશાળી માનતી હતી કે તેને ચંદુલાલ જેવો જીવનસાથી મળ્યો.

વાત નવા ચલચિત્રની હતી. વાર્તા સામાજિક હતી. અભિનેત્રી વનલતા જ નક્કી થઇ હતી. આમ તો તે રોજ સવારના દસ વાગે સ્ટુડીઓ પર આવી જતી. આજની ફિલ્મની

મિટિંગ વિશેની જાણ તેને ગઈકાલે જ કરી દેવામાં આવી હતી. અને આ ચલચિત્ર વિશેની બહુ મહત્વની ચર્ચા તેની સાથે કરવાની હતી. સમય થઇ ગયો હોવા છતાં વનલતા આવી નહીં. ચંદુલાલ બે કલાકથી તેની રાહ જોતાં બેઠા હતા.

આવું કોઈ દિવસ બન્યું નહોતું. તેને ઘરે તપાસ કરાવી પણ તે ઘરે ન હતી. ઓળખીતા પાળખીતાને ત્યાં પણ પૂછાવી જોયું તો ત્યાં પણ વનલતા હતી નહીં. અને તે હજુ સુધી દેખાઈ નહીં. શેઠે પાંચ વાગતાં સુધીમાં બીજા બધાં કામકાજ પતાવી દીધાં. તો પણ વનલતા ન આવી.

વનલતા છેક સાંજે ૬ વાગે આવી. સવારે દસ વાગે આવવાને બદલે તે આઠ કલાક મોડી આવી હતી. શેઠ ધૂંધવાતા હતા. તેણે વનલતાને પૂછ્યું, 'કેમ આટલું બધું મોડું?' વનલતા ચૂપ રહી. શેઠે બીજીવાર પૂછ્યું. તો પણ તે ચૂપ રહી. ગુસ્સામાં આવી શેઠે ત્રીજીવાર પૂછ્યું. પણ વનલતા કોઈ કારણ જણાવવા માગતી ન હતી એટલે ફરી તે ચૂપ જ રહી. અને પછી બંને વચ્ચે ઝઘડો થયો. બંને પક્ષે ઉગ્રતા વધી ગઈ. અને વનલતા બોલી, 'તમે મારા માલિક નથી, હું તમને પૈસા કમાવી આપું છું. તમે મારા ઉપર ઉપકાર નથી કરતા.' શેઠ સમસમી ગયા. આજ સુધી કોઈએ તેમનું આવું હડહડતું અપમાન કરવાની હિંમત કરી ન હતી. વનલતાએ બધાનાં દેખતા શેઠને મોઢામોઢ આવું કહ્યું તે તેમને અસહ્ય લાગ્યું. વાત વણસી ગઈ અને શેઠે ક્રોધમાં આવીને વનલતાને તમાચો મારી દીધો. વાત વાયુવેગે આખા મુંબઈમાં ફેલાઈ ગઈ. શેઠનો આખા દિવસનો બધો ગુસ્સો વનલતા ઉપર ઠલવાયો. વનલતા સ્ટુડિયો છોડી બહાર નીકળી ગઈ. બહાર આવીને જોયું તો ત્યાં ગાડી નહોતી! ડ્રાઈવરે શેઠના આ

રૌદ્ર સ્વરૂપને પહેલી જ વાર  જોયું તેથી તે ગભરાઈને ગાડી લઈને જતો રહ્યો હતો.
હવે…?

११. ગુજરાતી ફિલ્મો

પ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા' ૧૯૩૨માં રિલીઝ થઇ હતી જેનું નિર્દેશન નાનુભાઈ વકીલે કર્યું હતું. ફિલ્મમાં મુખ્ય કલાકારોમાં મોહનલાલા, મારુતિરાવ, માસ્ટર મનહર અને મિસ મેહતાબ હતા. તે સંતનાં જીવન ઉપરની ફિલ્મ હતી. અને તેમાં સંત નરસિંહ મહેતાના જીવનનું આલેખન હતું. આ ફિલ્મ અતુલ્ય હતી કારણ કે તેમાં કોઇ ચમત્કારનું વર્ણન કરાયું ન હતું. જો કે એપ્રિલ, ૧૯૩૨ નાં નાનુભાઈ વકીલ દિગ્દર્શિત પ્રથમ ચલચિત્ર નરસિંહ મહેતા પ્રસ્તુત થયું તે પહેલાં પણ ગુજરાતી ફિલ્મોનો પ્રારંભ થઇ ચુક્યો હતો! જી હા, ૧૯૧૭ માં બનેલી મૂક ફિલ્મ શેઠ સગાળશાથી એ શરૂઆત થઇ હતી. ગમે તેમ પણ તે ફિલ્મ દર્શકો સુધી પહોંચી શકી નહીં પણ શ્રી કૃષ્ણ-સુદામા અને નરસિંહ મહેતા (૧૯૨૦) રૂપેરી પડદા પર આવી જેનું લોકોએ ભાવભર્યું સ્વાગત કર્યું. એમ તો ૧૯૨૧ માં ભક્ત વિદુર પણ આવી હતી અને તેના પર એ સમયે પ્રતિબંધ પણ આવ્યો હતો!

ત્યારબાદ રહસ્યમય કાળોનાગ, મનોરમા(૧૯૨૩), સમુદ્રમંથન(૧૯૨૪) અને પછી નરસિંહ મહેતા, સતી સાવિત્રી, ફાંકડો ફિતૂરી, રાણકદેવી, ભક્ત સુરદાસ, મીરાબાઈ, કુંવરબાઈનું મામેરું, જેસલ-તોરલ જેવી યાદગાર ગુજરાતી ફિલ્મો પ્રદર્શિત થઇ. અને તમે જાણો જ છો કે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની નવલકથા પરથી બનેલી સ્વચ્છ ફિલ્મ ગુણસુંદરીએ ગુજરાતી ફિલ્મોમાં ઈતિહાસ રચ્યો. કરિયાવર, અખંડ સૌભાગ્યવતી, મહેંદી રંગ લાગ્યો, કંકુ જેવી ફિલ્મોમાં ગુજરાતની આગવી સંસ્કૃતિની મળી. તેનું શ્રેય મનહર રસકપૂરને ફાળે જાય છે. ગુજરાતી ફિલ્મોમાં અભિનય આપનાર કલાકારોમાં કાનજીભાઈ રાઠોડ, નિરુપારોય, આશા પારેખ, દીના ગાંધી-

પાઠક, અરવિંદ પંડ્યા, સંજીવકુમાર, કિરણકુમાર, ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલતા, અરુણા ઈરાની વગેરેનો સમાવેશ થાય છે.

***

ચંદુલાલ શાહ સૌરાષ્ટ્રના ગુજરાતી હતા એટલે તેમને આ બધો ઈતિહાસ વાંચવો ગમતો અને તે અને પ્રેમા ગુજરાતી ફિલ્મો જોવા પણ જતા. પ્રેમાને ગુજરાતી ફિલ્મો બહુ ગમતી હતી. તેનો પુત્ર નવીન નાનો હતો છતાં તેને લઈને પણ તે ગુજરાતી ફિલ્મો જોવા જતી. ચંદુલાલ તેના કામકાજમાં વ્યસ્ત હોય તો પણ તે નવીન સાથે ગુજરાતી ફિલ્મો જોઈ આવતી! ચંદુલાલ એમ માનતા હતા કે સ્ત્રીઓને પોતાની વિચારશક્તિ હોય છે અને તેઓ પણ સારું નરસું સમજી શકે છે. તેથી તેમનું માનવું એવું હતું કે સ્ત્રીઓને ખોટાં બંધનોથી મુક્તિ મળવી જોઈએ. સ્ત્રીઓ આપબળે આગળ આવી શકે છે. પ્રેમાએ પણ તેની માતાને મુંબઈ આવવા સમજાવી હતી અને પોતાની રીતે ભોજનાલયનો વ્યવસાય વિકસાવ્યો જ હતોને! ચંદુલાલ ક્યારેક પોતાના ભૂતકાળમાં સરી પડતા હતા.

***

ગાડી ન જોતાં વનલતા હાંફળીફાંફળી થઈને રસ્તા પર આમતેમ જોવા લાગી. રડતાં રડતાં તેણે ટેક્સી રોકવા પ્રયત્ન કર્યો પણ એવું ઘણીવાર બનતું હોય છે કે જયારે જેની જરૂર હોય ત્યારે જ તે ન મળે! તે થોડું આગળ ચાલી. ત્યાં સામે એક ટેક્સી આવી તેની પાસે ઊભી રહી. તેમાંથી ડ્રાઈવર બહાર આવ્યો અને હાથ જોડી બોલ્યો, 'મેડમ, માફ કરજો, તમને તો બધા ઓળખે છે, તમે તો મશહૂર વનલતાજી છો... પણ હમણાં જ મેં વાત સાંભળી, કચ્છી શેઠ સાથે તમારે ઝઘડો થયો છે એટલે મારાથી

તમને મારી ગાડીમાં ન બેસાડાય. શેઠને ખબર પડે તો હું ગરીબ માણસ પાયમાલ થઇ જાઉં. તે અમને ઘણી મદદ કરે છે. મને માફ કરજો.' આટલું કહી તે જતો રહ્યો.

વનલતા ચકિત થઇ ગઈ. શું ગામમાં વાત આટલી ઝડપથી પ્રસરી ગઈ? તેને હવે પોતાની ભૂલનો પસ્તાવો થતો હતો. તે સમજી તો ખરી પણ હવે બહુ મોડું થઇ ગયું હતું. તે આગળ ચાલતી હતી અને અચાનક તેણે પાછળ જોયું તો એક નાનું એવું ટોળું પણ તેની પાછળ પાછળ ચાલતું હતું. તે વિચારવા લાગી કે કચ્છી શેઠ માટે આટલું માન, આટલો આદર? શું એ બીક હતી કે તેનો ભય હતો? એક વીસેક વર્ષનો છોકરો ત્યાંથી સાઈકલ લઈને પસાર થયો. તેણે બ્રેક મારી સાઈકલ ઊભી રાખી. તે બોલ્યો, 'મેડમ, બેસી જાવ. હું તમને જવું હોય ત્યાં ઉતારી દઈશ.' એક તરફ વનલતા આ સૌજન્યથી શરમાઈ ગઈ અને બીજી બાજુ તે શરમથી સમસમી ઊઠી. તેને ચાલવાની ટેવ જ નહોતી! તે સાઈકલ પર બેસી ગઈ! પહેલીવાર તે સાઈકલ પર બેઠી હશે, બહુ ફાવતું નહોતું તો પણ નિરુપાય બનીને બેઠી રહી.

***

ચંદુલાલ ઘરે પહોંચ્યા. તેના મગજમાં વનલતાનું આજનું વર્તન, અને તમાચાની ઘટના ઘૂમરાતી હતી. તેમણે વિચાર્યું કે આજે મારાથી થોડો વધારે પડતો ગુસ્સો થઇ ગયો. મારે વનલતાને તમાચો નહોતો મારવો જોઈતો. પણ તે આમ મારું અપમાન કરવાની હિંમત કેવી રીતે કરી શકે? પ્રેમાએ જોયું કે શેઠનું મોઢું આજે ભારેખમ છે.

સમજીને તેણે નવીનને તેમની પાસે મોકલ્યો. નવીન હસતો હસતો 'પપ્પા...પપ્પા...' બોલતો તેની પાસે આવ્યો.

શેઠ હળવા થવા નવીનને લઈને બાલ્કનીમાં બેઠા. સામે ઘરના બગીચાના વૃક્ષ પર એક કોયલ ટહુકા કરતી હતી. પવન મંદ મંદ વાતો હતો. પુષ્પોની સુગંધથી તેનું મન શાંત થયું. અને તેની ગમતી ફિલ્મ ગુણસુંદરીનાં ગીતની રેકોર્ડ વાગતી હતી. અને શેઠ સંગીતમય બની ગયા. તેનાં મનમાંથી એ વાત નીકળી ગઈ અને તે હળવા થઇ ગયા.

ત્યાં ડોરબેલ રણકી. પ્રેમાએ જોયું, સલીલ દાતે આવ્યા હતા. તેણે બાલ્કનીમાં જઈને કહ્યું, 'સાંભળો છો, સલીલ દાતે આવ્યા છે.' 'અચ્છા...' કહી તેઓ ઉઠીને બેઠકખંડમાં આવ્યા. 'અરે દાતે...આવ આવ.'

બંને વાતોએ વળગ્યા. વાતવાતમાં દાતેએ કહ્યું, 'ભારતની પહેલી ફિલ્મ કઈ છે? કહી શકશે?'

ચંદુલાલ કહે, 'તને નથી ખબર? રાજા હરિશ્ચન્દ્ર આપણું પહેલું ચલચિત્ર છે.'

દાતે કહે, 'ના, તે પહેલી ફિલ્મ નથી.'

દાતે ચંદુલાલનો મિત્ર હતો અને ઘણીવાર તેઓ એકબીજાને ઘરે મળતા. દાતે પણ ચંદુલાલની જેમ ફિલ્મોમાં રસ ધરાવતો હતો અને તે વાંચનનો પણ શોખીન હતો. ચંદુલાલ કહે, 'હું પંદર વર્ષનો હતો ત્યારે મેં એ ફિલ્મ જોઈ હતી. એ જ પહેલી ફિલ્મ હતી.' દાતે કહે, 'એ તો મેં પણ જોઈ છે. પણ તે પહેલાં પણ એક ફિલ્મ બની છે?'

ચંદુલાલ કહે, 'એ કઈ રીતે બને?'

દાતે કહે, 'મેં પણ હમણાં જ વાંચ્યું કે પહેલી ફિલ્મ શ્રી પુંડલીક હતી!'

ચંદુલાલ કહે, 'એ તો મેં પણ વાંચ્યું હતું, ખરેખર તો દાદાસાહેબ ફાળકેએ પૂર્ણ કક્ષાની ફિલ્મ બનાવી હતી અને તે ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર હતી.'

દાતે બોલ્યો, 'એ ઠીક છે પણ શ્રી પુંડલીક પણ દાદાસાહેબે જ બનાવી હતી!'

ત્યાં પ્રેમા આવી અને તેણે એક હિન્દી પુસ્તક ચંદુલાલને આપ્યું અને કહ્યું, 'જરા આ પાનું વાંચો તો…' ચંદુલાલે તે પુસ્તક જોયું. તેમાં ફિલ્મનો ઈતિહાસ હતો. તેમાં લખ્યું હતું કે 'પુંડલીક રામગોપાલ દાદાસાહેબ તોરણેએ બનાવી હતી અને તેઓ આધુનિક ફિલ્મના જનક કહેવાય છે.' પછી તેમાં આગળ લખ્યું હતું કે, 'તેમણે પોતાના ચલચિત્રની અમુક પ્રક્રિયા વિદેશમાં કરાવી હતી. આ ફિલ્મ બહુ જ ટૂંકી હતી, વળી તેનું શુટિંગ પુંડલીક નાટક પરથી સીધું કરવામાં આવ્યું હતું અને તે માત્ર ૨૨ મિનિટની જ ફિલ્મ હતી તેથી તેને ફીચર ફિલ્મ ન ગણી શકાય. તેનું નિર્માણ ઈંગ્લેન્ડમાં થયું હોવાથી પણ તે ભારતની પહેલી ફિલ્મ છે એમ સ્વીકારી ન શકાય. તેથી દાદાસાહેબ ફાળકેનું રાજા હરિશ્ચંદ્ર ચલચિત્ર જ સર્વપ્રથમ ભારતીય સિનેમા ગણાય કારણ કે તે સંપૂર્ણપણે ભારતીય ઢબનું અને ૪૨ મિનિટનું પૂર્ણ કથાવસ્તુ ધરાવતું ચલચિત્ર હતું. પાછળથી દાદાસાહેબ ફાળકે પણ ભારતીય સિનેમાના જનક કહેવાયા હતા!' આ વાંચીને ચંદુલાલ ખુશ થઇ ગયા અને તેમણે દાતેને તે વાંચવા આપ્યું અને કહ્યું, 'તું પણ સાચો છે, આ વાંચ પછી તને મારી કહેલી વાત સમજાઈ જશે.'

અને તે દિવસથી ચંદુલાલ પ્રેમાને પોતાની ફિલ્મી દુનિયાની બધી વાતો કરતા થઇ ગયા.

***

૧૨. વનલતાની વસમી દશા...

હોટલે પહોંચતાં જ વનલતાને એથી યે કડવો અનુભવ થયો. પોતાના રૂમની ચાવી માંગી ત્યારે મેનેજરે ચાવી આપવાને બદલે બાજુમાં મૂકેલો તેનો સામાન બતાવ્યો અને કહ્યું, 'તમારે રૂમ ખાલી કરવાની છે.' વનલતાએ કહ્યું, 'શા માટે?' મેનેજરે કહ્યું, 'તમે કચ્છી શેઠ સાથે ઝઘડો કર્યો છે. અમને કચ્છી શેઠની નારાજગી ન પોસાય. તમે કોઈ બીજી હોટલ શોધી લો.' હવે તેના મગજની કમાન છટકી, તે બૂમો પાડવા લાગી. પણ કોઈએ તેની વાત સાંભળી નહીં. તે બહાર નીકળી બાજુમાં આવેલી ત્રણ-ચાર હોટલોમાં ગઈ પણ કોઈએ તેને રૂમ ન આપી. કોઈ કચ્છી શેઠની નારાજગી વહોરવા તૈયાર ન હતા. હવે તે ખરેખર ગભરાઈ ગઈ. શું મુંબઈ ઉપર આ કચ્છી શેઠનું રાજ હતું. તેમની આણ એટલી બધી મોટી હતી!

તેની નજર સામે આવેલી પોલીસ ચોકી પર પડી. તેને થોડી શાંતિ થઇ. રસ્તો ક્રોસ કરીને તે પોલીસ સ્ટેશનમાં ગઈ. આખી પોલીસ ચોકી ઊભી થઇ ગઈ. વનલતા કેટલી મશહૂર અભિનેત્રી હતી, તે અહીં, અત્યારે, આ દશામાં? સહુ તેને ઘેરી વળ્યા પણ કોઈ કશું બોલતું નહોતું. તે સામે આવેલી ફોજદારની રૂમમાં ગઈ, ફોજદારે તેને આવકારી. બેસાડી અને પાણી મંગાવ્યું. છેક ત્યારે તેને યાદ આવ્યું કે તેણે છેલ્લા ત્રણ-ચાર કલાકથી પાણી પણ પીધું ન હતું. તે એકી શ્વાસે પાણીનો આખો ગ્લાસ ગટગટાવી ગઈ. થોડી વાર રહીને તેને કળ વળી એટલે દયામણે અવાજે તે બોલી, 'મારે ફરિયાદ કરવી છે, કચ્છી શેઠે મને લાફો માર્યો છે. કોઈ ટેક્સી મને મારી હોટલ સુધી લઇ જવા તૈયાર નથી. હોટલવાળાએ મને પૂછ્યા વગર મારો સામાન રૂમમાંથી

કાઢીને નીચે મૂકી દીધો હતો. આસપાસની બીજી બે-ત્રણ હોટલોમાં રૂમ ખાલી હોવા છતાં મને રૂમ નથી આપતા. મારી ફરિયાદ નોંધો.'

ફોજદારે તેની વાત શાંતિથી સાંભળી. તે બે-ચાર મિનિટ સુધી ચુપચાપ બેસી રહ્યો. વનલતા અકળાતી હતી. પણ ફોજદારના પેટનું પાણી પણ હલતું નહોતું. તે અકળાઈને બબડવા લાગી, 'મારી ફરિયાદ કેમ લેતા નથી?' ત્યારે ફોજદારે કહ્યું કે, 'કચ્છી શેઠની ફરિયાદ અમારાથી ન લેવાય, અમારે કમિશ્નરને પૂછવું પડે અને કમિશ્નર અત્યારે તેમને ઘરે હોય એટલે અમારાથી તેમને ઘરે ફોન કરી શકાય નહીં.'

'તો હવે મારે શું કરવું?'

'કચ્છી શેઠ સાથે સમાધાન કરી લો અથવા તમારે ગામ પાછા જાઓ.' ફોજદારે રસ્તો બતાવ્યો.

આ શું થઇ રહ્યું છે? વનલતાને સમજ પડતી નહોતી. કોઈ તેનો પક્ષ લેવા તૈયાર નહોતું. કોઈ તેની મદદે આવતું નહોતું. તે બધી બાજુએથી ઘેરાઈ ગઈ હતી. માથે રાત જેવું ધાબું છે, હવે શું કરવું? શારીરિક અને માનસિક થાક તથા ભૂખથી તે સાવ હતાશ થઇ ગઈ હતી. તેણે ફોજદારને કહ્યું, 'મને ભૂખ લાગી છે, મને કાંઇક ખાવાનું મગાવી આપો.' ફોજદારને દયા આવી, તેણે ચા-બિસ્કીટ મગાવી આપ્યા. તે ખાઈ-પીને થોડી સ્વસ્થ થઇ. પછી તેણે ફોજદારને વિનંતી કરીને પોતાના બે-ચાર મિત્રોને ફોન કર્યા પરંતુ કોઈએ તેને મદદ કરવાની તત્પરતા ન બતાવી. ઉલટાનું તેઓએ તેને 'કચ્છી શેઠને મનાવી લે' એવી જ સલાહ આપી!

મુંબઈમાં તે સાવ એકલી અટૂલી હતી. તેણે પોતાને ઘેર પાછા જવાનો નિર્ણય કર્યો. ફોજદારને કહ્યું, મારે મારા ગામ પાછા જવું છે. મને સ્ટેશન સુધી મૂકી જાઓ. વળી ફોજદારને દયા આવી ગઈ, એકલી બાઈ છે એમ માની તેને સ્ટેશને ઉતારી ગયા. તેની પાસે પૈસા પણ નહોતા. વળી તેણે બૂમ પાડીને ફોજદારને બોલાવ્યા. 'મહેરબાની કરીને મને થોડા પૈસા ઉધાર આપો, હું તમને તરત પાછા મોકલાવી દઈશ.' આ તેની લાચારી હતી.  જે વનલતા માસિક ૩૦૦૦ રૂપિયાના પગારથી કચ્છી શેઠને ત્યાં કામ કરતી હતી તેની પાસે આજે કશું નહોતું. આજનો દિવસ ફોજદારે દયા ખાવાનો હતો. વળી તેણે વનલતાને  પચાસ રૂપિયા આપ્યા. એ રૂપિયા લેતાં તેને શરમ આવી પણ શું કરે? તે ટિકિટ બારી પાસે જવા લાગી, પણ તે ટિકિટ બારી પાસે પહોંચે તે પહેલાં અંદર બેઠેલા માણસે  ટિકિટબારી બંધ કરી દીધી.  બીજી ટિકિટ બારી પાસે તે ગઈ. પૈસા ધરીને પોતાના ગામની ટિકિટ માગી. પરંતુ તેણે પણ બારી બંધ કરી દીધી. બહાર આવીને બંને કલાર્કે તેની માફી માગી અને કહ્યું, 'તમે કચ્છી શેઠની નારાજગી વહોરી લીધી છે. જો તેમને ખબર પડે તો અમને બંનેને નોકરીમાંથી કઢાવી મૂકે. અમારાથી તમને ટિકિટ ન અપાય.'

વનલતા સડક થઇ ગઈ. છેવટે શું કરવું તે ન સમજાતાં તે એક બાંકડા પર બેસી ગઈ. શું કચ્છી શેઠને પૂછ્યા વગર મુંબઈમાં પાંદડું પણ ન હાલે. શું તેની આવી ધાક છે? હવે શું તેણે સ્ટેશનમાં બાંકડા ઉપર જ રાત વિતાવવી પડશે? આજુબાજુ કેટલાક માણસો તેને કુતૂહલથી જોયા કરતા હતા. પણ કોઈની હિંમત નહોતી થતી કે તેની સાથે વાત કરે.

વનલતા થાકીને બેસી પડી હતી. તેનું મગજ સૂમ થઇ ગયું હતું. તેની એક જ ભૂલ! પોતે શેઠ સાથે ઝઘડો કર્યો. એટલી અમથી ભૂલનાં આવાં અને આટલાં ભયંકર પરિણામો આવશે તેની તો તેને કલ્પના પણ ન હતી. વિચારમાં ને વિચારમાં તે બાંકડા પર જ સૂઈ ગઈ. અને તેને જોવા માટે માણસોની મેદની એકઠી થવા લાગી. તેના નામે ટિકિટબારી પર પડાપડી થતી. તે જે રસ્તેથી પસાર થવાની હોય તે રસ્તા બંધ થઇ જતા. તે પહેરે તે કપડાં ફેશન બની જતા. તેના ચપ્પલની ડીઝાઈનો બજારમાં ધૂમ વેચાતી. તે જે સાડી પહેરે તેને વનલતા સ્ટાઈલ કહેવાતી. છોકરીઓ તેના જેવા વાળ ઓળતી અને ફેશનેબલ ગણાતી, એટલે તેઓ ગૌરવ અનુભવતી. આ વનલતા હજારો પુરુષોની સ્વપ્નસુંદરી હતી...અને આજે તે બાંકડા પર સૂતેલી હતી. આજુબાજુ મચ્છર અને રેલ્વે સ્ટેશનની કચરા ટોપલી પાસે આવેલા બાંકડા પર...

***

## ૧૩. ગૌહર મામાજીવાલા

કુદરતે માનવીમાં જે વિજાતીય આકર્ષણ મુક્યું છે તે ગજબ છે. જવલ્લે જ કોઈ તેનાથી અલિપ્ત રહી શકે. સ્ત્રી હોય કે પુરુષ, સાધુ હોય કે સંત, પરંતુ કોઇથી આ વિજાતીય આકર્ષણને ટાળવું સંભવ નથી. તેમાં પણ ગૌહર મામાજીવાલાને જોઇને કોઈપણ પુરુષ તેના પ્રેમમાં પડી જાય એવી સુંદર હતી  અને કદાચ એટલે જ તેની એક પછી એક ફિલ્મ હિટ જતી હશે. ફરીફરીને એ જ ફિલ્મ જોવા આવનારા ફિલ્મ રસિયાઓના રસનો વિષય કદાચ કેવળ ફિલ્મ જોવાનો ન પણ હોય!




ગૌહર મામાજીવાલા (૧૯૧૦-૧૯૮૫)

ગૌહરનાં પિતાજીનો ધંધો પડી ભાંગ્યો ત્યારે તેમને ઘર ચલાવવામાં તકલીફ પડવા લાગી. પિતાજીના મિત્ર, કોહિનૂર ફિલ્મ્સના હોમી માસ્ટરે ગૌહરને અભિનય ક્ષેત્રને કારકિર્દી તરીકે અપનાવવાની વાત કરી ત્યારે તેની ઉંમર માત્ર પંદર વર્ષની હતી. અને માતા-પિતાની સંમતિથી ગૌહરે તે પડકાર ઝીલી લીધો. ૧૯૨૫ માં તેણે અભિનય કરવાની શરૂઆત કરી. અને ૧૯૨૭માં તેના ચાહકોની સંખ્યા અત્યંત વધી ગઈ કારણ કે ૧૯૨૬નાં વર્ષમાં તેણે અગિયાર ફિલ્મોમાં અભિનય આપ્યો હતો.

આપણે જોઈ ગયા છીએ કે ગૌહરનો 'ગુણસુંદરી' ફિલ્મનો અભિનય એટલો અસરકારક હતો કે દરેક ઘરમાં તેની જ વાત થતી હતી.

ગૌહરની આંખમાં જે ચમક હતી તે બીજા કોઈનામાં જોવા ન મળે. નમણાં અણિયાળા નયનો. પાતળા ધનુષ જેવા હોઠ, સુંદર ચહેરો, યૌવન-પ્રવેશની ઉમર અને બહુ જ ઓછા સમયમાં તેણે અદા, અભિનયમાં મેળવેલી કુશળતા. આ બધાથી તે ક્યારે લોકપ્રિયતાની ટોચે  પહોંચી ગઈ તેની ખબર તેને પણ નહોતી પડી! બુદ્ધિમાન, મધુર ભાષિણી અને આત્મવિશ્વાસ ધરાવનારી આ સ્ત્રી ખરેખર બહુમુખી પ્રતિભા ધરાવતી હતી. તે સંસ્કારી બોહરા કુટુંબમાંથી આવી હતી. એટલે તો ચંદુલાલ પણ આ મિસ ગૌહર પર ફિદા હતા. ગૌહરે મૂગી ફિલ્મોમાં તો લાજવાબ અભિનય કરતી હતી અને હવે તે બોલતી ફિલ્મોમાં પણ પોતાનું કૌશલ્ય, કૌવત અને અભિનય દર્શાવી દર્શકોને ઘેલા કરતી હતી.

***

ક્યારેક મોડે સુધી શૂટિંગ ચાલતું હોય તો ચંદુલાલ પોતાને ઘરે ફોન કરીને કહી દેતા કે તે બીજે દિવસે આવશે અને તેઓ ગૌહરને ત્યાં જ રાત રોકાઈ જતા. સ્ટુડિયોની

પાસે જ તેનું ઘર હતું એટલે એકબીજાને સારી સગવડતા રહેતી. ગૌહર પણ શેઠનો પૂરો ખ્યાલ રાખતી અને તે તેમનાં ગમા-અણગમાને સારી રીતે જાણી ગઈ હતી.

'ગામના મોંએ ગળણું ન બંધાય' આપણે જાણીએ છીએ. લોકોને બીજા લોકોની સાચી ખોટી વાતોમાં સાચેસાચ બહુ રસ પડતો હોય છે. વળી વાતવાતમાં રાઈનો પર્વત ક્યારે થઇ જાય તેની પણ ખબર નથી પડતી. આવી કર્ણોપકર્ણ વાતો ફિલ્મ ક્ષેત્રના કલાકારોના લાભમાં પણ હોઈ શકે. પ્રસિદ્ધિ મળવી કાંઈ નાની સુની વાત ન કહેવાય. પરંતુ એવી વાતો ક્યારેક તેમના અંગત જીવનનો ભોગ પણ લઇ લે છે. પરંતુ ચંદુલાલ કે ગૌહરને એની ખાસ કોઈ પરવા નહોતી. તેમને ખબર હતી કે અફવા દાવાનળની જેમ ફેલાઈ જાય છે. અફવા તો ધડ-માથા વગરની હોય છે. ગૌહરને ચંદુલાલ જેવા દિગ્દર્શકની જરૂર હતી અને ચંદુલાલને ગૌહર જેવી અભિનેત્રીની કે જે આત્મવિશ્વાસથી ભરપૂર હોય. બંને એકબીજાના પૂરક બની ગયા હતા.

ગૌહર ઘણીવાર પોતાની બાબતમાં પોતે જ નિર્ણય લેતી. ફિલ્મોનાં સ્ટંટ દૃશ્યો પોતે જ કરતી. ઘવાતી તો પણ તે શૂટિંગ પૂરું કરાવ્યે જ જંપતી. તેને વાંચનનો પણ એવો જ શોખ હતો. તેનો વ્યવહાર પણ મૃદુ, સૌજન્યતા સભર અને સભ્યતાવાળો હતો. તેની બોલવાની ઢબમાં એક એવો રૂઆબ હતો કે સાંભળનાર બીજું કાંઈ વિચારી જ ન શકે. અને તે કહે તે પ્રમાણે જ થાય. તેનો ઉછેર એક સંસ્કારી ઘરમાં થયો હતો.

જયારે ગૌહર સ્ટુડીયોમાં આવતી ત્યારે ચંદુલાલને ભરોસો બેસી જતો કે હવે તેની ફિલ્મ ઝડપથી પૂરી થશે. કોણ જાણે કેમ પણ ગૌહર ચંદુલાલનાં મનની વાત જાણી જતી અને તે એ પ્રમાણે જ કામ કરતી. અનેક ફિલ્મોમાં એક સાથે જોડાઈને કામ કરવાથી એકબીજાની શૈલીથી બંને સારી રીતે વાકેફ થઇ ગયા હતા અને તેમની

વચ્ચે એકજાતનું ટ્યુનિંગ થઇ ગયું હતું. તેમની વેવલેન્થ મળી ગઈ હતી. મોટે ભાગે તેઓ એકમેકની કંપનીમાં રહેતાં અને હવે પછી કયું કામ હાથ પર લેવાનું છે તેની તેમણે જાણ રહેતી. તેઓ હંમેશાં સાથે રહેતાં તેથી લોકોને ગુસપુસ કરવાનો મસાલો મળી રહેતો.

કચ્છી શેઠ તરીકે ચંદુલાલની એક ખાસ ધાક હતી તેથી કોઈ એવી વાત તેને મોઢે ન કરી શકતું. અને ગૌહર જયારે આવું કાંઈ સાંભળતી ત્યારે તે એવી વાત પર બિલકુલ ધ્યાન આપતી ન હતી.

***

વનલતા જે રીતે બાંકડા પર સૂતી હતી તે જોઇને કોઈને એમ ન લાગે કે તે મુસાફર હશે. જે લોકો તેને ઓળખતા હતા તેઓ તેને જોવા ટોળે વળ્યા હતા. 'ચલો હટો સબ યહાં સે...' એક સત્તાવાહી અવાજ સંભળાયો અને એક બીજી અભિનેત્રી લોકોને જોવા મળી. કોઈ કાંઈ બોલે તે પહેલાં જ તેની સાથે આવેલો માણસ ટોળાને વિખેરવા લાગ્યો. અને બીજી પળે એ સ્ત્રી વનલતા પાસે આવી. વનલતાની અવદશા જોઈ તેનું સ્ત્રી-હૃદય રડી ઉઠ્યું. તેણે વનલતાને ઢંઢોળી. તંદ્રાવસ્થામાં પણ વનલતાને સંભળાયું, 'ચાલ વનલતા ઘરે જઈએ.' વનલતાએ બેઠી થઈને જોયું તો સામે ગૌહરબાનુ મામાજીવાલા સચિંત ચહેરે ઊભી હતી. તેનો ટેકો લઇ વનલતા ઊભી થઇ અને બન્ને સ્ટેશનની બહાર નીકળ્યા.

ગૌહર વનલતાને પોતાને ત્યાં લઇ આવી. તેને પ્રેમથી જમાડી અને કોઈ જ વાતચીત કર્યા વગર તેને આરામથી સૂઈ જવા કહ્યું. વનલતા પણ વધુ કાંઈ બોલ્યા વગર ઘસઘસાટ ઊંઘી ગઈ.

***

## ૧૪. ભારતીય સિનેમાનો સુવર્ણયુગ

ચંદુલાલને ફિલ્મના ઇતિહાસમાં બહુ રસ પડતો. તેમાંથી તેને ઘણું બધું જાણવાનું મળતું અને તેનો ઉપયોગ તે તેના નિર્દેશનમાં અવનવી રીતે કરતા હતા. તેને લગતી ચર્ચામાં પણ તેનું વાંચન તેની મદદે આવતું અને અન્ય લોકોને એમ થતું કે ચંદુલાલનું જ્ઞાન ઘણું છે. તે અવારનવાર વિવિધ ફિલ્મી દુનિયાને લગતાં પુસ્તકો અને તેનો ઈતિહાસ વાંચતા હતા તે આપણે જાણીએ જ છીએ. તેમણે ફિલ્મને લગતા એક પુસ્તકમાં વાંચ્યું કે:

ભારતમાં લોકપ્રિય સિનેમાની રૂપરેખા તૈયાર કરવામાં મુખ્યત્વે છ બાબતોની મહત્વની ભૂમિકા જોવા મળે છે.

સૌથી પહેલી અસર  મહાભારત અને રામાયણ જેવા પૌરાણિક ગ્રંથો સમા  ભારતીય મહાકાવ્યોની હતી જેણે લોકપ્રિય ભારતીય સિનેમાના વિચાર અને અને કલ્પના પર ભારે અસર કરી. બીજો પ્રભાવ પ્રાચિન સંસ્કૃત નાટકોની અસર રૂપે જોવા મળે છે જે એકદમ છટાદાર હતા અને ભવ્યતા પર વધુ ધ્યાન અપાયું હતું જેમાં સંગીત, નૃત્ય અને સંજ્ઞાની મદદથી "એક જોશપૂર્ણ કલાયુક્ત એકમની રચના થતી હતી જેમાં નૃત્ય અને માઇમને નાટ્યાત્મક અનુભવમાં" કેન્દ્ર સ્થાન મળતું હતું. સંસ્કૃત નાટકો નાટ્ય તરીકે ઓળખાતા હતા અને આ નામ નૃત (નૃત્ય) પરથી ઉતરી આવ્યું હતું. તેમાં શાનદાર નૃત્ય આધારિત ડ્રામા સામેલ હતા જે ભારતીય સિનેમામાં હજુ પણ ચાલુ છે. સંસ્કૃત નાટકોના સમયથી શરૂ થયેલી પ્રદર્શનની રસ પદ્ધતિ ભારતીય સિનેમાને વિશ્વના સિનેમાથી અલગ પાડતી પાયાની વિશેષતા છે. રસ પદ્ધતિમાં

કલાકાર દ્વારા ભારપૂર્વક લાગણી વ્યક્ત કરવામાં આવે છે અને દર્શકો તે સંવેદનાનો અનુભવ કરે છે.

ત્રીજો પ્રભાવ પરંપરાગત લોક નાટકોના ભારતીય થિયેટરનો છે જે સંસ્કૃત થિયેટરના પતન સાથે 10મી સદીમાં વધુ પ્રભાવશાળી બન્યા હતા. ચોથો પ્રભાવ પારસી થિયેટરનો હતો જેમાં વાસ્તવવાદ અને કલ્પના, સંગીત અને નૃત્ય, વર્ણન, ભવ્યતા, સાદા સંવાદો, અને સ્ટેજ પર રજૂઆતની સર્જનશીલતાનું મિશ્રણ કરવામાં આવતું હતું જેમાંથી મેલોડ્રામાનું સર્જન થતું હતું. પારસી નાટકોમાં ચોક્કસ કક્ષાની રમૂજ, સુમધુર ગીતો અને સંગીત, સનસનાટી અને સ્ટેજની ભવ્ય કળાનો ઉપયોગ થતો હતો.

પાંચમો પ્રભાવ હોલીવૂડનો છે.જ્યાં 1920ના દાયકાથી1950ના દાયકા દરમિયાન મ્યુઝિકલ લોકપ્રિય હતા, જોકે ભારતીય ફિલ્મોએ અમુક અંશે હોલિવૂડની ફિલ્મો કરતા અલગ પદ્ધતિ અપનાવી હતી. ઉદાહરણ તરીકે હોલિવૂડના મ્યુઝિકલનો પ્લોટ મનોરંજન જગત પર આધારિત રહેતો હતો. ભારતીય ફિલ્મ નિર્માતાઓએ ભારતીય લોકપ્રિય ફિલ્મોમાં વ્યાપક કલ્પનાના તત્વનો ઉમેરો કરીને તેમની ફિલ્મોમાં ગીત અને સંગીતનો ઉપયોગ જેતે સ્થિતિની રજૂઆતના કુદરતી માધ્યમ તરીકે કર્યો હતો. પૌરાણિક કથા, ઇતિહાસ, પરીકથા વગેરેને ગીત અને સંગીત દ્વારા રજૂ કરવાની એક મજબુત ભારતીય પરંપરા છે. આ ઉપરાંત હોલિવૂડના ફિલ્મનિર્માતાઓ વાસ્તવવાદી વર્ણન સંપૂર્ણપણે પ્રભાવ જમાવે તે માટે તેમના કામના ઉભા કરાયેલા પ્રકારને છુપાવવાનો પ્રયાસ કરતા હતા જ્યારે ભારતીય ફિલ્મ નિર્માતાઓએ એ હકીકત છુપાવવાનો બિલકુલ પ્રયાસ ન કર્યો કે સ્ક્રીન પર જે દર્શાવવામાં આવે છે તે એક

સર્જન, ભ્રમણા અને કલ્પના છે. જોકે તેમણે દર્શાવ્યું હતું કે કઇ રીતે આ સર્જન લોકોના જીવનમાં જટિલ અને રસપ્રદ રીતે આંતરિક રીતે વણાયેલ છે. અંતિમ પ્રભાવ પશ્ચિમી મ્યુઝિકલ ટેલિવિઝન ખાસ કરીને એમટીવીનો હતો જેનો પ્રભાવ 1990ના દાયકાથી વધી રહ્યો હતો. તેની અસર ગતિ, કેમેરાના એંગલ, ડાન્સ સિક્વન્સ અને તાજેતરની ફિલ્મોના સંગીત પર જોવા મળે છે. આ ઉપરાંત સ્વતંત્રતા સંગ્રામ અને તેની ચળવળનો પ્રભાવ પણ ભારતીય ફિલ્મો પર જબરો હતો. ઉદારહરણ તરીકે અશોકકુમાર અને મુમતાઝ શાંતિની ફિલ્મ 'કિસ્મત' લઈએ જે કલકત્તામાં એકધારું સાડા ત્રણ વર્ષ સુધી ચાલી હતી. અને તેનું કારણ હતું એ ફિલ્મનું ગીત 'દૂર હટો (૨) એ દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ'! આ જ ફિલ્મથી અશોકકુમારના બાળપણની ભૂમિકામાં બાળકલાકાર તરીકે હાસ્યકલાકાર મહેમૂદની એન્ટ્રી થઇ હતી.

'આપણે ભારતના ફિલ્મોનો વિકાસ જોઈએ તો તેનો મૂંગી ફિલ્મોનો જમાનો ૧૮૯૫ થી ૧૯૩૦ નો ગણી શકાય. ત્યારબાદ ૧૯૩૧થી બોલતી ફિલ્મોનો પ્રારંભ થયો અરદેશર ઈરાનીની 'આલમ-આરા'થી. તેલુગુમાં 'ભક્ત પ્રહલાદ' અને તામિલમાં 'કાલિદાસ' બની ત્યારથી ફિલ્મોનો બીજો યુગ શરુ થઇ ગયો. ૧૯૩૧ થી ૧૯૬૦ સુધીમાં ફિલ્મ નિર્માણમાં અનેકવિધ રંગો ઉમેરાયા.

ભારતમાં આ સમયમાં વર્ષે લગભગ ૧૦૦૦ ફિલ્મો બનવા લાગી અને તેમાંથી ૬૦૦ ફિલ્મો તો ફક્ત હિન્દી અને તેલુગુ ભાષામાં બનતી હતી!



**દેવિકા રાની અને અશોક કુમાર અછૂત કન્યામાં (1936).**

ભારતમાં પ્રથમ ટૂંકી ફિલ્મોનું નિર્દેશન હીરાલાલ સેને કર્યું હતું તેની શરૂઆત થઇ હતી 'ધી ફલાવર ઓફ પર્શિયા (1898) થી.' **વીસમી સદીની શરૂઆતમાં ફિલ્મોના ભાવમાં ઘટાડો થતા સિનેમાગૃહો દર્શકોથી ઉભરાવા લાગ્યા.**

1930માં સાઉન્ડ ટેકનોલોજીનો વિકાસ થયો તેની સાથે ભારતીય સિનેમામાં સંગીતનું પ્રમાણ વધ્યું અને ઇન્દ્રસભા અને દેવી દેવયાની જેવી સંગીત આધારિત ફિલ્મો બનવા લાગી જેની સાથે ભારતીય ફિલ્મોમાં સંગીત અને નૃત્યનો યુગ શરૂ થયો. ચેન્નાઈ, કોલકાતા અને મુંબઈ જેવા શહેરોમાં સ્ટુડિયો બનવા લાગ્યા. કારણ કે 1935 સુધીમાં ફિલ્મ એક કળા તરીકે પ્રસ્થાપિત થઇ ચૂકી હતી. દેવદાસ તેનું ઉદાહરણ હતું જેણે દેશભરમાં દર્શકોને મોહિત કર્યા હતા. 1934માં હિમાંશુ રોય અને દેવિકારાણીએ બોમ્બે ટોકીઝની સ્થાપના કરી અને પુણેમાં પ્રભાત સ્ટુડિયોએ મરાઠી ભાષાના દર્શકોને ધ્યાનમાં રાખી ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું હતું. ફિલ્મ નિર્માતા આર. એસ. ડી. ચૌધરીએ વ્રેથ (1930)નું નિર્માણ કર્યું જેના પર બ્રિટીશ રાજે ભારતમાં પ્રતિબંધ મૂક્યો હતો કારણ કે તે

ફિલ્મમાં કલાકારોને ભારતીય નેતાઓ તરીકે દર્શાવાયા હતા જે ભારતની સ્વતંત્રતાની ચળવળ દરમિયાન સેન્સરને પાત્ર હતી.

**ભારતીય સિનેમા**માં ભારતભરમાં નિર્માણ થતી ફિલ્મોનો સમાવેશ થાય છે જેમાં મુંબઈના સિનેમાની સંસ્કૃતિ ઉપરાંત આંધ્રપ્રદેશ, આસામ, કર્ણાટક, કેરલ, પંજાબ, તામીલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની સિનેમાની પરંપરાનો સમાવેશ થાય છે. ભારતીય ફિલ્મો સમગ્ર દક્ષિણ એશિયા અને મધ્ય પૂર્વમાં જોવાય છે. સિનેમાને એક માધ્યમ તરીકે દેશમાં લોકપ્રિયતા મળી છે

**ભારતની સ્વતંત્રતા** પછી 1940ના દાયકાથી 1960ના બે દાયકા સુધીના યુગને ફિલ્મ ઇતિહાસકારો ભારતીય સિનેમાના 'સુવર્ણયુગ' તરીકે ઓળખે છે.

***

૧૫. ભૂલનો એકરાર...

ચંદુલાલને ફિલ્મોની વિગતોમાં એટલો રસ પડ્યો કે તેઓ બીજું બધું ભૂલી ગયા.

સવારે ઉઠીને બેઠા હતા ત્યાં જ ગ્લોરિયસ ગૌહરજાનનો ફોન આવ્યો. તેણે કહ્યું કે, 'આજે સ્ટુડિયો પર આપણે સાથે જશું. તમે અહીંથી મને સાથે લેતા જજો.' શેઠે 'ઓકે' કહી દીધું.

બે કલાક પછી તેઓ બ્રિટીશ રાજમાં નિર્માણ પામેલા અને કિંગ જ્યોર્જ પાંચમાં દ્વારા જેનું ઉદઘાટન થયું હતું તે અને જેને ભવિષ્યમાં ગોંડલનાં રાજ પરિવાર ૯૯૯ વર્ષની લીઝ પર લેવાના હતા તેવા રોયલ ઓપેરા હાઉસની બાજુમાં આવેલા 'ગૌહર વિલા' માં ગૌહરને ત્યાં પહોંચ્યા.

તેમણે જોયું કે ગૌહર અને વનલતા તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. વનલતાને જોઈ તેમને ગઈકાલ સાંજની ઘટના યાદ આવી ગઈ. પણ અત્યારે તેમના મનમાં કોઈ રોષ નહોતો. તેમણે ગઈકાલનાં પોતાના વર્તનનું વિશ્લેષણ કર્યું હતું અને તેમને પોતાની ભૂલ સમજાઈ હતી. તેથી તેમણે વનલતા સામે જોઇને કહ્યું, 'ગઈકાલે જે ઘટના બની તે માટે હું દિલગીર છું. પછી મને પસ્તાવો થયો અને અફસોસ પણ થયો કે મારાથી આવું કેમ થઇ ગયું. મને માફ કર વનલતા. અમે તારી રાહ જોતાં આખો દિવસ બેઠા રહ્યા. મારો ગુસ્સો, મારી નારાજી હદબહાર વધી ગયાં હતા. તું બહુ જ મોડી આવી, એ વિષે તેં કાંઈ કહેવડાવ્યું પણ નહીં. એટલે માત્ર તારે કારણે આખું યુનિટ બેસી રહ્યું. તેં વિવેક પણ ન દર્શાવ્યો  અને મેં વિવેક ગુમાવ્યો. રાત્રે મને પોલીસચોકીએથી ફોજદારનો ફોન આવ્યો અને તારી વિતકકથા સાંભળી મેં ગૌહરને ફોન કરીને તને લેવા મોકલી હતી.'

***

બીજે દિવસે રણજીત સ્ટુડીઓના કર્મચારીઓમાં મિસ ગૌહર અને શેઠજી વચ્ચે થયેલા ઝઘડાની ચર્ચા મુખ્ય વિષય હતો. તેઓ વાતને અવનવા એન્ગલથી જોતાં હતા. કોઈ એમ માનતું હતું કે વનલતા હવે જતી રહેશે. તો કોઈ કહેતું કે શેઠ સાથે સંબંધો બગાડીને વનલતાએ પોતાના ભવિષ્યને ખતમ કરી નાખ્યું છે. તો કોઈ વળી એમ કહેતું હતું કે જે ડાળ પર બેઠી છે તેના પર જ તેણે કુહાડીથી ઘા કર્યો છે. શેઠ કોઈ દિવસ કોઈને ખોટી રીતે કાંઈ કહે જ નહીં. યુનિટના માણસોને ગઈકાલે બેઠા રહેવું પડ્યું હતું પણ તેનો ખર્ચ તો સ્ટુડીઓ પર જ હતો ને? અમુક અનુભવી એક્સ્ટ્રા કલાકારો કહે કે આટલાં વર્ષોમાં કચ્છી શેઠનું આવું સ્વરૂપ ક્યારેય જોવા મળ્યું નથી. પણ કોઈ એ ન વિચારી શક્યું કે વનલતા ન આવી તેની પાછળનું કારણ શું હતું?

પરંતુ સહુના આશ્ચર્ય વચ્ચે જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ વનલતા આવી અને કામે લાગી ગઈ! એ વિષયમાં તેણે કોઈની સાથે કશી જ વાત ન કરી, જાણે એવી કોઈ ઘટના બની જ ન હોય તેમ! અને તેમનાં સાથીઓએ પણ તેને કાંઈ પૂછવાની હિંમત ન કરી. પણ સહુના મનમાં એક જ પ્રશ્ન હતો: 'વનલતા કેવી રીતે માની ગઈ? તમાચો ખાધા પછી પણ સ્ટુડીઓમાં આવી!' લોકોના તર્ક-વિતર્કને રોકી નથી શકાતા. સહુને એમ લાગ્યું કે નક્કી તેનો જ વાંક હશે માટે જ તે ચુપચાપ પાછી આવી ગઈ.

***

વનલતા ગઈકાલે કચ્છી શેઠ વિષે જે વિચારતી હતી તેમાં અને આજે તે તેમને વિષે જે વિચારી રહી હતી તેમાં જમીન આસમાનનો ફરક હતો. આટલા મોટા માણસે તેની માફી માગી! પોતાની ભૂલનો મારી પાસે એકરાર કર્યો! અને તે પણ મિસ ગૌહરની

સામે? તેમને પશ્ચાતાપ થયો હશે. જો કે મારી પણ ભૂલ હતી છતાં તે વિષે તેઓ આજે એક અક્ષરે ય ન બોલ્યા. અને કેટલા વિવેકથી તેમણે મારી સાથે વાત કરી! મેં તેમનું કેવું હડહડતું અપમાન કર્યું હતું તે છતાં! મારે એવું નહોતું કરવું જોઈતું. પરંતુ તે દિવસે મારું મન મારા કહ્યામાં ક્યાં હતું? ગઈકાલની વાત મારા માટે એક દુખદ સ્વપ્ન હતું. ગઈકાલની યાતનાથી હું હારીને નિરાશ થઇ ગઈ હતી. એવા સમયે કચ્છી શેઠે જો ગૌહરને ન મોકલી હોત તો! એ વિચારે તે કંપી ઊઠી.

ગૌહરે સવારે તેની સાથે જે રીતે પ્રેમથી વાત કરી ત્યારે તેને ખબર પડી કે પોતાનું વર્તન યોગ્ય ન હતું. ગૌહરે કહ્યું હતું, 'કોઈપણ માણસ સાથે સંબંધ બાંધતા પહેલાં બહુ વિચાર કરવો જોઈએ અને એકવાર સંબંધ બંધાઈ ગયા પછી તેને વફાદારીપૂર્વક ગમે તે ભોગે નિભાવવો જોઈએ. પછી ભલે એ સંબંધ વ્યાવસાયિક હોય, મૈત્રીનો હોય, સગાં-વહાલાં સાથેનો હોય કે પ્રેમી અથવા પતિનો હોય.' વનલતાએ પૂછ્યું હતું, 'પણ સંબંધ બંધાઈ ગયા બાદ ખબર પડે કે ખોટું થઇ ગયું છે તો?' ગૌહર ભોળાભાવે પૂછાએલા વનલતાનાં પ્રશ્નનો જવાબ આપતા બોલી, 'બહેન, જયારે એવી જાણ થાય ત્યારે એ સંબંધ પર તરત જ પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. હા, તે પહેલાં એ વિશે એની બધી ચોખવટ કરી લેવી જોઈએ કે જેથી ભવિષ્યમાં કોઈ મનદુઃખ ન રહે.' ગૌહરે પીઢ અભિનેત્રી હોય તે રીતે વનલતાને પોતાની સફળતાનું રહસ્ય સમજાવતી હોય તેમ કહ્યું.

જોગાનુજોગ પણ જુઓ, આ કથાનો આ પ્રસંગ લખાઈ રહ્યો હતો ત્યારે જ ગ્રામોફોન પર એચએમવીની રેકોર્ડ પર ફિલ્મ 'ગુમરાહ'નું સાહિર લુધિયાનવીએ લખેલું મારું પ્રિય ગીત સાંભળવા મળ્યું તે પણ જાણે એવી જ કોઈ ભાવના વ્યક્ત કરી રહ્યું હતું,

'ચલો ઇકબાર ફિર સે અજનબી બન જાએ હમ દોનોં...વો અફસાના જિસે અંજામ તક લાના ન હો મુમકીન, ઉસે ઇક ખૂબસૂરત મોડ દેકર છોડના અચ્છા...'

વનલતાએ નક્કી કરી લીધું હતું કે 'હું શેઠની માફી માગી વિદાય લઇ લઈશ.' અને એ નિર્ણય વિષે તે ગૌહર સાથે વધારે વાત કરે તે પહેલા તો કચ્છી શેઠ પોતે જ ગૌહરને ત્યાં આવી ગયા અને તેમણે વનલતાની માફી માગી. એથી ગૌહરને આશ્ચર્ય થયું અને એ ગમ્યું પણ ખરું. વનલતા નવાઈ પામી. તેણે તરત જ કચ્છી શેઠને પગે પડીને તેમની માફી માગી, 'મને માફ કરો. મારાથી ભૂલ થઇ ગઈ. હવે ફરીવાર આવું ક્યારેય નહીં બને.' તે વધુ કાંઈ બોલી ન શકી, તેનો કંઠ રૂંધાઇ ગયો.

***

ઘીનાં ઠામમાં ઘી પડી ગયું. વનલતાની વાત ત્યાં જ પૂરી થઇ ગઈ. સ્ટુડીઓમાં બધું કામકાજ રાબેતા મુજબ ચાલવા લાગ્યું. વનલતા પણ પોતાને સ્થાને ગોઠવાઈ ગઈ. પણ એવું સદભાગ્ય સહુનું નથી હોતું. એકવાર સ્થાનભ્રષ્ટ થઇ ગયા પછી તેવી વ્યક્તિની વાત કોઈ કાને ધરતું નથી અને તેનું જીવન બરબાદ થઇ જાય છે. એ તો કચ્છી શેઠની ખેલદિલી હતી કે વનલતાને વાંધો ન આવ્યો.

***

ચંદુલાલ ફિલ્મોનું દિગ્દર્શન અને નિર્માણ કરવા ઉપરાંત ભારતીય ફિલ્મ ઉદ્યોગના સંસ્થાકીય કામકાજ માટે પણ સારો એવો સમય ફાળવતા હતા. ભારતીય ફિલ્મ ઉદ્યોગનાં ઓલ ઇન્ડીયા પ્રોડ્યુસર્સ એસોસીએશનનાં સ્થાપક તરીકે તેમણે જ સંસ્થાના સિલ્વર જ્યુબીલી સમારંભનું આયોજન કર્યું હતું અને એ જ સંસ્થાની ગોલ્ડન

જ્યુબીલીનું આયોજન પણ તેઓ જ સંભાળવાના હતા. ખરેખર તો તેમણે એ સંસ્થાના પ્રમુખ તરીકે પચાસ વર્ષ સુધી અનન્ય સેવાઓ આપી હતી. ચંદુલાલ મુંબઈ વિદ્યાપીઠના અર્થશાસ્ત્રના સ્નાતક હતા અને મૂળ તો તેમને સ્ટોક બજારમાં રસ પડ્યો હતો પણ ત્યારે તેમને ક્યાં ખબર હતી કે તકદીર તેમને ફિલ્મ લાઈનમાં લઇ જશે. ક્યારેક તો તેમને માનસિક દ્વિધા પણ થતી કે હું સ્ટોક એક્સચેન્જની જોબ રાખું કે ફિલ્મ લાઈનમાં જાઉં. પણ એ સમયે તો તેમણે શેરબજારને પ્રાધાન્ય આપ્યું હતું. પણ બાળપણનું નાટકનું અને સિનેમાનું આકર્ષણ પણ એમ કાંઈ ઓછું ન થાય! નસીબ તેમને ફિલ્મ લાઈનમાં લઇ ગયું અને તેઓ પણ એ દિશામાં આગળ વધી ગયા. હવે તેને એ સિવાય કોઈ જ ક્ષેત્રમાં એટલો ઊંડો રસ નહોતો રહ્યો!

***

## ૧૬. ૧૯૪૦ પછીનાં વર્ષો…

**મધુબાલા**ની પ્રથમ ફિલ્મ *બસંત* (૧૯૪૨) બોક્સ ઓફિસ પર સફળ નીવડી હતી. 'મોગલે આઝમ' ના એ સદાબહાર પ્રેમ-ગીત 'જબ પ્યાર કિયા તો ડરના ક્યા?' બે-ખૌફ તેવરમાં જે લાજવાબ અભિનય આપ્યો હતો તે પડદા પર **મુમતાઝ જહાન બેગમ દેહલવી એટલે કે** 'મધુબાલા' એ પ્રસ્તુત કર્યું હતું તે મધુબાલાને તેની સુંદરતાની જેમ જ કોઈ ભૂલી શકે નહીં. મધુબાલાનો જન્મ નવી દિલ્હી, ભારત ખાતે ૧૪ ફેબ્રુઆરી ૧૯૩૩ના રોજ દિલ્હીમાં અફઘાનિસ્તાનના પશ્તૂન મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમના પિતા અયાતુલ્લાહ ખાન તેનાં સારા ભાવી જીવન માટે તેને દિલ્હીથી મુંબઈમાં લઇ આવ્યા હતા. પરંતુ એનાં સુવર્ણયુગની સૌરભ ફૂલની જેમ અલ્પકાલીન રહી ફક્ત ૩૬ જ વર્ષ!



અંગ્રેજી ભાષામાં એક શબ્દ છે 'પ્લેજરિઝમ' જેનો સીધો અર્થ છે ઉઠાંતરી. ફિલ્મોની કથા, ગીત અને સંગીતમાં પણ એ રોગ ન હોય એવું કેમ બને? ૧૯૬૦ માં રિલીઝ થયેલી ફિલ્મ 'મોગલે આઝમ' નાં નિર્માતા અને દિગ્દર્શક હતા કે. આસિફ, સંગીતકાર હતા નૌશાદ, ગાયકવૃંદમાં મહમ્મદ રફી, લતા મંગેશકર અને બળે ગુલામ અલીખાં સાહેબ તેમજ ગીતકાર શકીલ બદાયુની(?) હતા. પરંતુ 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે...' જેવું રસિક છેડછાડ દર્શાવતું મોગલે આઝામનું આ ગીત શકીલ બદાયુનીનાં નામે ચડેલું છે પણ આ ગીતની રચના નડિયાદના રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે કરી છે અને તેનો યશ શકીલ સાહેબે પોતાના નામે અંકે કરી લીધો! વર્ષો સુધી રસકવિ અને તેમના પરિવારે કોર્ટમાં દાવો કર્યો, કોર્ટમાં વર્ષો સુધી ધક્કા ખાધા અને અંતે સત્યનો જય થયો. કોર્ટનો ચુકાદો રસકવિની તરફેણમાં આવ્યો. પરંતુ એ ચુકાદો આવ્યો રસકવિનાં દેહ વિલય બાદ. મોગલે આઝમની રંગીન આવૃત્તિ બહાર પડી ત્યારે તેમાં પણ એ ગીત વિષે એ રસકવિનો કોઈ જ ઉલ્લેખ ન થયો. દુનિયા ઇસી કો કહતે હૈ...! આ કેટલી દુખદ ઘટના કહેવાય...? લાગે છે પ્રામાણિકતા, ન્યાય, અને સત્ય જેવા શબ્દો માત્ર શબ્દકોશ પૂરતા જ મર્યાદિત છે.

અભિનેત્રી દેવિકા રાની તેમની કામગીરી અને શક્તિઓથી પ્રભાવિત થયા હતા અને તેમને 'મધુબાલા' નામ રાખવાની સલાહ આપી હતી. જ્યારે નિર્માતા કિદાર શર્માએ તેને રાજ કપૂરની સામે *નિલકમલ* (૧૯૪૭)માં દર્શાવી ત્યારે તેમને પ્રથમ સફળતા મળી હતી. બોમ્બે ટોકીઝના ૧૯૪૯ માં નીર્મિત્ત *મહલ* માં મુખ્ય ભૂમિકા નિભાવ્યા બાદ મધુબાલાએ પુષ્કળ લોકપ્રિયતા મેળવી હતી. જો કે તે સમયે તેની ઉંમર ફક્ત ૧૬ વર્ષની હોવા છતાં કુશાગ્ર અને કુશળતાભરી અદાકારીએ તેણે અનુભવી સહ-કલાકાર અશોકકુમારની સાથે ખૂબ સારી રીતે ભૂમિકા નિભાવી હતી. મહલ અને તેનું

ગીત *'આયેગા આનેવાલા'* એ બે નવા સુપરસ્ટાર્સના આગમનનો સંકેત આપ્યો હતો: મધુબાલા અને પ્લેબેક ગાયક લતા મંગેશકર.

કોલકાતાનાં 'ન્યૂ થિયેટર્સ' થી કરિયરની શરૂઆત કરનારા સંગીતકાર ખેમચંદ પ્રકાશ મુંબઈ આવ્યા ત્યારે 'સુપ્રીમ પિક્ચર્સ'ની બે ફિલ્મોમાં સંગીત આપ્યા પછી વર્ષ ૧૯૪૦ માં તેઓ 'રણજીત મૂવીટોન' માં જોડાઈ ગયા. વર્ષ ૧૯૪૦ થી વર્ષ ૧૯૪૫ ની વચ્ચે તેમણે આ બેનરની કુલ ૨૦ ફિલ્મોમાં સંગીત આપ્યું. આ એ જ ખેમચંદ પ્રકાશ છે જેમને ૧૯૪૯ માં 'મહલ' માં સંગીત આપ્યું. તો સંગીતકાર જ્ઞાનદત્તે રણજીત મૂવીટોનની ૪ ફિલ્મોથી પોતાની કરિયર શરુ કરી હતી અને ત્યારબાદ તેમણે આ બેનરની ૨૪ ફિલ્મોમાં સંગીત આપ્યું. તેમાં ૧૯૩૭ થી ૧૯૪૦ વચ્ચે બનેલી ૧૫ ફિલ્મો ઉપરાંત ૧૯૪૦ નાં દશકામાં બનેલી 'બેટી', 'ઢીંઢોરા', 'સસુરાલ' (૧૯૪૧), 'અરમાન', 'ભક્ત સૂરદાસ', 'ધીરજ' (૧૯૪૨), 'અંધેરા', 'બંસરી', 'નર્સ', અને 'શંકર-પાર્વતી' (૧૯૪૩) નો પણ સમાવેશ થાય છે.

'અમર પિક્ચર્સ' ની વર્ષ ૧૯૪૩ માં બનેલી જ્ઞાનદત્ત દ્વારા સંગીતબદ્ધ ફિલ્મ 'પૈગામ' માં બે ગીતોની ધૂન બનાવનાર બુલો સી રાનીએ પણ રણજીત મૂવીટોનની જ ફિલ્મ 'પગલી દુનિયા' (૧૯૪૩) થી સ્વતંત્ર સંગીતકાર તરીકે પોતાની કરિયરની શરૂઆત કરી હતી. એ સહિત તેમણે આ બેનરની 'કારવાં' (૧૯૪૪), 'ચાંદ-ચકોરી', 'મૂર્તિ' અને ખેમચંદ પ્રકાશની સાથે મળીને 'પ્રભુ કા ઘર' (૧૯૪૫), 'ધરતી', 'રાજપૂતાની' (૧૯૪૬), 'બેલા', 'કૌન હમારા', 'પિયા ઘર આજા', 'વો જમાના' અને નિર્માતા, નિર્દેશક તથા સંગીતકાર હંસરાજ બહાલ સાથે મળીને 'લાખોં મેં એક' (૧૯૪૭), 'બિછડે બલમ', 'જાય હનુમાન', અને હંસરાજ બહલની સાથે મળીને 'મીટ્ટી કે ખિલૌને'

(૧૯૪૮), 'ભૂલભુલૈયા', 'ગરીબી', 'નજારે' (૧૯૪૯), 'જોગન' (૧૯૫૦) અને 'ઔરત તેરી યહી કહાની' (૧૯૫૪) જેવી કુલ ૨૦ ફિલ્મોમાં સંગીત આપ્યું.

***

એ જ અરસામાં ગૌહરની 'અછૂત' ફિલ્મ પ્રદર્શિત થઇ અને તે અભિનેત્રી તરીકેની તેની છેલ્લી ફિલ્મ બની રહી. ત્યારબાદ તેણે અભિનય ક્ષેત્રમાંથી સંન્યાસ લઇ પોતાનો પૂરેપૂરો સમય 'રણજીત મૂવીટોન'ની વ્યવસ્થા માટે આપાવાનું શરુ કર્યું. અને ચંદુલાલ શાહે પણ ફિલ્મ અછૂત પછી લગભગ ૧૪ વર્ષ સુધી કોઈપણ ફિલ્મનું નિર્દેશન ન કર્યું! પણ ૧૯૪૦ થી ૧૯૫૪ સુધીમાં તેઓ આશરે પચાસેક ફિલ્મોનાં નિર્માતા તરીકે કાર્યરત રહ્યા. પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ૧૩૭ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું તદ્ઉપરાંત તેમણે ૩૪ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું અને તેઓ ૮ ફિલ્મોનાં રાઈટર પણ હતા.

આમ જોઈએ તો ૧૯૪૧-૪૫ નો સમય બીજા વિશ્વયુદ્ધનો હતો તેમ કહી શકાય. છતાં ત્યારે તેમણે ૨૯ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. ૧૯૪૦ નાં દશકામાં રણજીત મૂવીટોનનાં બેનર હેઠળ કુલ ૫૦ ફિલ્મોનું નિર્માણ કરવામાં આવ્યું. કોલકાતાથી આવેલા લેખક-નિર્દેશક કેદાર શર્માએ મુંબઈમાં રણજીત મૂવીટોનની ફિલ્મ 'અરમાન' (૧૯૪૨) થી પોતાની કરિયરની શરૂઆત કરી. જી હા, આ એ જ કેદાર શર્મા હતા જેમણે પોતાની પહેલી સફળ ફિલ્મ 'નીલકમલ'માં (રાજ કપૂર અને મધુબાલા-૧૯૪૭) રાજકપૂરને બ્રેક આપ્યો હતો. એ પહેલા રાજ કપૂર કેદાર શર્માના આસિસ્ટંટ ડાયરેક્ટર તરીકે કામ કરતા હતા. તમે એ પણ જાણતા હશો કે એક વખત રાજ કપૂરથી નાની અમથી ભૂલ થઇ ગઈ ત્યારે કેદાર શર્માએ રાજ કપૂરને એક તમાચો માર્યો હતો. અને એ જ

કેદાર શર્માએ મીનાકુમારી અને અશોકકુમારને લઈને 'ચિત્રલેખા' ફિલ્મ બનાવી હતી. તો ગાયક-અભિનેતા કે.એલ.સાયગલે 'ભક્ત સૂરદાસ' (૧૯૪૨) થી કરિયરની શરૂઆત કરી. સાયગલના અભિનયવાળી સુવિખ્યાત ફિલ્મો 'તાનસેન' (૧૯૪૩) અને 'ભંવરા' (૧૯૪૪) પણ રણજીત મૂવીટોનનાં બેનરમાં જ બની હતી. ચંદુલાલ શાહના ભાણેજ અને નજીકના મદદનીશ રહેલા નિર્માતા-નિર્દેશક રતિભાઈ પુણાતરનાં પુત્ર જયરાજ કહે છે કે, 'એ તો એ સમય હતો કે જયારે 'રણજીત મૂવીટોન' ની દરેક ફિલ્મ જુબેલી હિટ રહેતી હતી. શેર બજારમાં સટ્ટો રમવામાં તથા ઘોડાની રેસના શોખીન ચંદુલાલ શાહ જે કામ કરે તેમાં તેમણે સફળતા મળતી હતી. એટલે સુધી કે દરેક ઘોડાની દોડવાની રેસમાં પ્રથમ આવનારા તેના બંને ઘોડા 'બાલમ' અને 'ચકોરી' નાં નામો પણ સહુથી આગળ હતા. દરેક બાજુથી મળતી સફળતાએ ચંદુલાલ શાહનો આત્મવિશ્વાસ અત્યંત વધારી દીધો હતો. હવે તેમને વધારે ને વધારે જોખમ લેવામાં વધુ ને વધુ મઝા આવતી જતી હતી! પરંતુ આ ચસકો કેટલો ભારે પડવાનો હતો તેની ચંદુલાલને, પ્રેમાને, ગોહરને કે બીજા કોઈને ય ક્યાં ખબર હતી!

***

ઘણીવાર પ્રશ્ન થાય કે આ સમયનો માર્ગ કોણ નક્કી કરતું હશે? વહેણ વગર નિરંતર વહ્યા કરવું! ક્યારે ક્યાં અને કેવા વળાંકો લે એની ખબર તો ખુદ સમયને પણ કદાચ નહીં હોય. ચંદુલાલના જીવનમાં પણ એક અણધાર્યો વળાંક આવ્યો. ફિલ્મનાં ટ્વીસ્ટને તો ચંદુલાલ કુશળતાથી મરજી પ્રમાણે બદલી શકતા હતા પરંતુ આ તો વાસ્તવિક જીવનમાં આવેલો એવો વળાંક હતો કે જે ઈચ્છા હોય કે ન હોય પણ તેનો સ્વીકાર કરવો જ પડે!

સમય અને સંજોગો આગળ ભલભલા માણસોએ ઝૂકવું પડે છે. પ્રેમાની માંદગી ટૂંકા સમયની હતી પણ તેનું જવું ચંદુલાલના જીવન પર આઘાતજનક છાપ છોડી જાય તેવું દુષ્કર હતું. પ્રેમાનો અત્યાર સુધીનો સાથ, તેનો પ્રેમ, તેની આવડત અને ચંદુલાલના જીવનમાં તેનું સ્થાન, એ બધાનો વિચાર કરતા ચંદુલાલનું હૃદય વેદનાથી ભરાઈ જતું. જાણે પ્રેમાનું અવતાર કાર્ય પૂરું થયું હોય તેમ તે જતી રહી. છેલ્લે તેણે તેમની સામે જોઇને કેવળ એટલું જ કહ્યું હતું, 'આપણા નવીનનું ધ્યાન રાખજો મારે ઘરમાં તેની વહુ લાવવી હતી.' અને તેને ખ્યાલ આવ્યો કે પ્રેમા ખરેખર અનન્ય હતી. તે વખતે ચંદુલાલને નવીનનો તો વિચાર પણ નહોતો આવ્યો. હવે તેનું ધ્યાન પોતે રાખવાનું હતું. ચંદુલાલે હવે નવીનની માતાનો રોલ પણ ભજવવાનો હતો. જો કે નવીન હવે નાનો નહોતો રહ્યો. છતાં લોકો તેને પ્રેમથી 'નાના શેઠ' કહીને બોલાવતા હતા.

નવીનનો દેખાવ તેના પિતાને મળતો આવતો હતો. તે પણ ગંભીર પ્રકૃતિ અને શાંત વ્યક્તિત્વ ધરાવતો હતો. તેની ક્યારેય કોઈ ફરિયાદ નહોતી. પ્રેમા જ તેની કાળજી રાખતી અને તેની બધી જ જરૂરિયાતો પૂરી પાડતી હતી. હવે ચંદુલાલ માટે એ કપરો પ્રશ્ન થઇ પડ્યો કે ઘરમાં કોઈ સ્ત્રી નહીં અને ઘર ચલાવવું કેવી રીતે. ઘરમાં ગૃહલક્ષ્મી ન હોય તો કેવી પરિસ્થિતિ સર્જાય તેનું તેને હવે ભાન થયું. ઘણા વિચારને અંતે તેણે નવીનને અમેરિકા ભણવા મોકલ્યો. આ સલાહ તેને ગૌહરે આપી હતી. આમે ય પ્રેમાના ગયા પછી ચંદુલાલના જીવનમાં જે શૂન્યાવકાશ સર્જાયો હતો તેને ગૌહરે ભરી દીધો હતી. પ્રેમાનું સ્થાન ગૌહરે લઇ લીધું હતું.

હવે ઘરમાં રહ્યા ફક્ત ચંદુલાલ અને પ્રેમાની યાદ. તેઓ હવે સંપૂર્ણપણે ફિલ્મ અને સ્ટુડીઓમાં ઓતપ્રોત થઇ ગયા. પણ તેમના શોખ પણ તેને સ્થાને હતા જ. બેપરવા અને બિનજવાબદાર બની જવાથી તેમને જોખમ ખેડવામાં આગળ-પાછળનો વિચાર કરવાની જાણે જરૂર જ ન રહી. પણ સમય સમયનું કામ કરતો રહે છે. સમય સુખનો હોય કે દુઃખનો, તે ક્યારેય  સ્થિર રહી શકતો નથી...બદલતા રહેવું એ જ જાણે તેની નિયતિ ન હોય! અને ચંદુલાલનો સમય પણ બદલાયો...

***

૧૭. જિંદગીની વાસ્તવિકતા...

એકલા-અટૂલા ચંદુલાલ શાહ! જિંદગીની આ વાસ્તવિકતા તે જાણતા નહોતા એવું નહોતું. પરંતુ અત્યારસુધી એ વાત માત્ર ફિલ્મોની સ્ક્રીપ્ટ લખવા માટે તથા બીજાને કહેવા માટે હતી. અત્યારે તે તેમની વાસ્તવિકતા હતી એટલો જ ફરક હતો. તેમને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું એ ગીત પણ યાદ હતું અને ગમતું પણ હતું : 'એકલા ચલો એકલા ચલો...એકલા ચલો રે...' એ ગીતનો ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો અને તે ગીતનો ગાંધીજીએ પોતાની રોજિંદી પ્રાર્થનામાં સમાવેશ કર્યો હતો. પણ કોઈ બાબત ગમતી હોવી અને અને જીવનમાં અનુભવવી તે બંને વાત એકદમ અલગ છે. હવે તેમણે એકલા જ જીવવાનું હતું. અલબત, મિત્રો, ફિલ્મો, પુત્ર, ગૌહર વગેરે હતા...પણ જીવનની અંગત વાતો તે પ્રેમા સાથે શેર કરતા, પોતાની મુશ્કેલી પ્રેમા સમક્ષ વ્યક્ત કરતા. નાની મોટી વાત પ્રેમા વગર કહ્યે સમજી જતી અને તેનો આનંદ તેમને બહુ હતો. હવે એ સાન્નિધ્ય કેવી રીતે મળે?

ચંદુલાલ પ્રેમાના મૃત્યુને સ્વીકારી શકતો ન હતો. તેમણે પ્રેમાના વિચારોમાંથી મનને વાળવા માટે પોતાની મનગમતી કપાસના સટ્ટાની, ઘોડાની રેસની અને એવી બીજી પ્રવૃત્તિઓમાં મનને પરોવ્યું. ગૌહર તેને ઘણીવાર સમજાવતી કે તમારી પાસે આટલો પૈસો છે તો શા માટે સટ્ટા અને જુગારમાં તેને લગાવો છો. હવે નવીનને તો શું તેની પાંચ પેઢી સુધી ચાલે એટલો પૈસો તમે મેળવી ચુક્યા છો તો પછી આ બધું શા માટે? ચંદુલાલ તેની વાત મજાકમાં હસીને ફિલ્મી ઢબના સંવાદની જેમ કહેતા, 'હું આ બધું પૈસો મેળવવા માટે થોડું કરું છું? મને તો તેમાં મોજ પડે છે માટે...' ગૌહર વધુ ન કહેતી.

***

ચંદુલાલને તાળી મિત્રો ઘણા હતા. જેની પાસે વધારે પડતો પૈસો હોય તેને તાળી મિત્રોની ખોટ ક્યારેય નથી સાલતી! એવા મિત્રો તેમને પાનો ચડાવતા અને ચંદુલાલ ધીમે ધીમે તેઓની વાતમાં આવી જતા. છતાં તેમનું નસીબ એટલું સારું હતું કે તે જે દાવ લગાવે તેમાં તેની જ જીત થતી!

***

ચંદુલાલ ક્યારેક નવીનને પત્ર લખતા અને તેમાં ગુજરાતી ચલચિત્રો વિષે પણ લખતા. છેલ્લે તેમણે નવીનને જે પત્ર લખ્યો હતો તેમાં તેમણે લખ્યું હતું:

'પ્રિય નવીન,

ઘણા વખતે તને પત્ર લખું છું. તું કુશળ હશે. અભ્યાસ બરાબર ચાલતો હશે. તને ૧૯૪૦ પછીની ફિલ્મ ઇન્ડસ્ટ્રીની વાત જણાવું છું. તું કહેતો હતોને કે ગુજરાતી ફિલ્મો વિશેની માહિતી તને ગમે છે એ મને ખબર છે. એવી જ થોડી બીજી વાતો પણ લખું છું કદાચ તને વાંચવાની મઝા પડશે.

૯ એપ્રિલ, ૨૦૩૨ માં પ્રથમ ગુજરાતી બોલતું ચલચિત્ર 'નરસિંહ મહેતા' હતું એ તો તું જાણે જ છે. ત્યારબાદ સંસાર લીલા, અક્કલના ઓથમીર, બે ખરાબ જણ એમ ગુજરાતી બોલપટ બનવા લાગ્યા. પણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એટલે કે ૧૯૪૧ થી ૧૯૪૫ સુધી ગુજરાતી ફિલ્મોમાં દુકાળ જેવી પરિસ્થિતિ હતી. પરંતુ ત્યારબાદ એ પરિસ્થિતિનો અંત આવ્યો ૧૯૪૬ માં વી. એમ. વ્યાસ દિગ્દર્શિત ફિલ્મ 'રાણકદેવી'થી. વી. એમ. વ્યાસે એ પછી પણ 'બહારવટિયો,' 'સતી જસમા(ઓડણ)', 'શામળશાનો

વિવાહ' સહિતના ધાર્મિક અને લોકકથાનક વાળા ચલચિત્રોનું નિર્માણ કર્યું. તો રતિભાઈ પૂનાતરે 'ગુણસુંદરી', 'નણંદ ભોજાઈ', 'મંગળફેરા' સહિતની સામાજિક વિષયની ફિલ્મો બનાવી નવો ચીલો ચાતર્યો. દિગ્દર્શક મનહર રસ કપૂરે ત્રણ વાર 'જોગીદાસ ખુમાણ' સહિત લોક કથાનકવાળી ઘણી ફિલ્મો દર્શકોને પીરસી. બળવંત ભટ્ટ દિગ્દર્શિત 'દીવાદાંડી' ફિલ્મ થકી ગુજરાતી ચાહકોને મળ્યું, "તારી આંખનો અફીણી.." જેવું અફલાતૂન ગીત. આ ગીતના સંગીતકાર હતા અજીત મર્ચન્ટ, ગીતકાર હતા વેણીભાઈ પુરોહિત અને ગાયક દિલીપ ધોળકિયા હતા. આ ગીત આજે પણ એટલું જ લોકપ્રિય છે. આ ગીત ૧૯૫૨ માં રિલીઝ થયેલી ફિલ્મ 'દીવાદાંડી'નું છે. થોડા સમય પહેલા પ્રણવ મુખરજી રશિયા ગયા હતા ત્યારે તેમના મનમાં યોજાએલા સંગીત સમારંભમાં આ ગીત પણ પ્રણવદા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. કદાચ તમે ન જાણતા હો તો જણાવું કે આ ગીત પર ઓલ ઇન્ડિયા રેડિયો પર થોડા સમય પૂરતો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. અને કારણ આપવામાં આવ્યું હતું કે તે શૃંગાર ગીત છે!

ત્યારબાદ એક પછી એક ફિલ્મ દર્શકોને મનોરંજન પીરસતી રહી. ૧૯૪૭ થી ૧૯૫૦ ના ગાળામાં ૭૦ જેટલી ફિલ્મ નિર્માણ પામી. પણ એ પછીના દસકામાં નિર્માણ પામેલાં ચલચિત્રોની સંખ્યાં માંડ ૨૦ થાય છે. તેમાંથી ગણનાપાત્ર એટલે મનહર રસ કપૂર દિગ્દર્શિત 'કન્યાદાન'  અને 'મૂળુમાણેક'. પન્નાલાલ પટેલની નવલકથા મળેલા જીવ પરથી બનેલી 'મળેલા જીવ' પણ દર્શકોને મળી ગઈ.'

હવે તને થોડી બીજી રસપ્રદ વાતો પણ લખું છું જે જાણવા જેવી છે. મેં તને આ પહેલા પણ લખ્યું હતું કે ભારતમાં પ્રથમ ટૂંકી ફિલ્મોનું નિર્દેશન હિરાલાલ સેને કર્યું હતું જે *ધી ફ્લાવર ઓફ પર્શિયા* (૧૮૯૮) હતું.

બીજા વિશ્વ યુદ્ધ પછી ભારતમાં મસાલા ફિલ્મોનું આગમન થયું. 'મસાલા' શબ્દ ગીત, સંગીત અને રોમાન્સથી ભરપૂર કોમર્શિયલ ફિલ્મો માટે વપરાતો શબ્દ છે.[f] એસ. એસ. વાસનની 'ચંદ્રલેખા' રિલીઝ થઇ તેની સાથે સમગ્ર ભારતમાં દક્ષિણ ભારતની ફિલ્મોને પ્રાધાન્ય મળવા લાગ્યું. ૧૯૪૦ ના દાયકા દરમિયાન ભારતના કુલ સિનેમા હોલમાંથી લગભગ અડધા સિનેમા હોલ દક્ષિણ ભારતમાં આવેલા હતા અને સિનેમાને સાંસ્કૃતિક પુનઃજાગૃતિના સાધન તરીકે જોવામાં આવ્યું. સ્વતંત્રતા બાદ ભારતનું વિભાજન થતા રાષ્ટ્રની સંપત્તિનાં પણ ભાગલાં પડ્યા અને ઘણા સ્ટુડિયો નવા બનેલા પાકિસ્તાનમાં જતા રહ્યા. ભાગલા સમયના હુલ્લડો ત્યાર પછીના દાયકાઓમાં ફિલ્મ નિર્માણમાં મહત્વનો વિષય બન્યા.

ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિયેશન (આઇપીટીએ)/(ઇપ્ટા) સામ્યવાદ તરફ ઝોક ધરાવતી કળાની ચળવળ છે જેની શરૂઆત નિર્માતા સત્યદેવ દુબેનાં પ્રયત્નો દ્વારા ૧૯૪૦ અને ૧૯૫૦ ના દાયકામાં થવા લાગી હતી. આઇપીટીએના ઘણા વાસ્તવવાદી નાટકો જેમ કે ૧૯૪૪માં બિજોન ભટ્ટાચાર્યનું નબાન્ના (૧૯૪૩ નાં ભૂખમરાનાં કથાવસ્તુ પર આધારિત) દ્વારા ભારતીય સિનેમામાં વાસ્તવવાદનો પાયો મજબૂત થયો હતો જેમાં પછી ૧૯૪૬માં ખ્વાજા અહમદ અબ્બાસની *ધરતી કે લાલ* (ચિલ્ડ્રન ઓફ ધી અર્થ) જેવી કૃતિઓ આવી. આઇપીટીએ ચળવળ અને વાસ્તવવાદ પર ભાર મૂકવાનું ચાલુ રાખ્યું. આ એ જ કે. એ. અબ્બાસ છે કે જેમણે આર.કે.ફિલ્મ્સની મોટાભાગની પટકથાઓ લખેલી છે. આ એ જ કે. એ. અબ્બાસ છે કે જેમણે ૧૯૭૦ માં શ્રીમતી ઇન્દિરા ગાંધીનાં કહેવાથી અમિતાભ બચ્ચનને ૭

હિન્દુસ્તાનીમાં પહેલીવાર બ્રેક આપ્યો હતો. અમિતાભ બચ્ચનના માતુશ્રી તેજી બચ્ચન અને ઇન્દિરા ગાંધી વચ્ચે આત્મીય મૈત્રી હતી.

**મુંબઈનો હિન્દી ભાષાનો** ફિલ્મ ઉદ્યોગ એ ભારતીય સિનેમાની સૌથી મોટી અને સૌથી લોકપ્રિય શાખા છે જે બોમ્બે ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ તરીકે પણ ઓળખાય છે. હિંદી સિનેમાએ શરૂઆતમાં જાતિ અને સાંસ્કૃતિક મુદ્દાઓ પર ફિલ્મો બનાવી હતી જેમાં અછૂત કન્યા (૧૯૩૬) અને સુજાતા (૧૯૫૯) સામેલ છે. રાજકપૂરની આવારા સાથે તેને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી. તને યાદ હશે કે અછૂત કન્યા આપણે સાથે જોઈ હતી.

તને ફિલ્મ ઉદ્યોગ અને ફિલ્મોમાં રસ છે એ મારા માટે આનંદનો વિષય છે. મેં જે લખ્યું છે તેમાંથી મોટાભાગની વિગતની તને ખબર જ હશે. મને અત્યાર સુધી બહુ સમય નહોતો મળતો પરંતુ મને વિદેશી ફિલ્મોમાં પણ એટલો જ રસ છે એટલે તને સમય મળે ત્યારે મને એ વિષે કાંઇક જણાવતો રહેજે. તારી પાસે તો વૈશ્વિક ફિલ્મોની વિગતો હશે.

તું ફુરસદનો સમય કેવી રીતે વિતાવે છે તે પણ જણાવજે. ઇન્ડીયા ક્યારે આવે છે તે પણ જણાવજે. શેષ કુશળ.

એ જ લી. ચંદુના શુભાશિષ.

***

ચંદુલાલે પત્ર પૂરો કર્યો. તેમણે ઘડિયાળમાં જોયું. સૂવાનો સમય થઇ ગયો હતો. પણ થોડીવાર સુધી તેઓ **નવીન** વિષે વિચારતા રહ્યા.

હવે તેઓ પ્રેમા વગરના જીવનથી ટેવાઈ ગયા હતા. પ્રેમા તેમનું જે રીતે ધ્યાન રાખતી હતી તેવું અને તેટલું જ ધ્યાન ગૌહર રાખતી હતી. તદુપરાંત ગૌહર તો સ્ટુડીઓમાં પણ ઘણું ધ્યાન રાખતી હતી. એટલે તો ચંદુલાલ ૧૯૪૧ થી ૧૯૪૪ સુધીમાં ૨૬ જેટલી ફિલ્મોનું નિર્માણ કરી શક્યા.

ગૌહરનો સાથ અને સહકાર તેમને માટે હવે અનિવાર્ય બની ગયો હતો. તે ન હોય તો ચંદુલાલની સવાર ન પડે કે ન તો તે સમયસર સ્ટુડીઓ જઈ શકે. તેઓ ફિલ્મોમાં માત્ર મુખ્ય પાત્રોનો અભિનય જ જોયા કરે અને ખુશ થયા કરે. બીજાં કલાકારો પર તેમનું ધ્યાન ભાગ્યે જ જતું. ગૌહર આ હકીકત જાણી ગઈ હતી તેથી બીજા સહુનું ધ્યાન તે જ રાખતી. ગૌહર જયારે એ વિષયમાં તેમને કાંઈ પૂછે તો તેઓ એવું કાંઇક કહે કે ગૌહર શરમાઈ જાય. ચંદુલાલ ક્યારેક હીરોને સ્થાને પોતાને અને હિરોઈનને સ્થાને ગૌહરને કલ્પી લેતા અને વધારે આનંદ માણતા. જયારે ગૌહરને એ વાતની ખબર પડી જાય ત્યારે તેઓ તેને કહેતા, 'તું બહુ પક્કી છો તું મને કેવી રીતે પકડી પાડે છે?'

ગૌહર એનો જવાબ ન આપતી પણ પોતે જાણતી હતી કે તે પોતે પણ એવું જ કરતી હતી તે પોતે હિરોઈન બની જતી અને ચંદુલાલને હીરો બનાવી લેતી હતી. ચંદુલાલ તેમને ક્યારેય એ રીતે પકડી શકતા નહીં. પરંતુ બંને પોતપોતાની રીતે આનંદમાં રહેતાં.

ચંદુલાલ ફિલ્મ લાઈનમાં હતા તેથી કથા કેવી રીતે આગળ વધારવી, તેમાં શું ખૂટે છે, શું ઉમેરવાથી કથાનો પ્રવાહ જળવાઈ રહે, દર્શકોની ઉત્સુકતા ક્લાઈમેક્સ પર લઇ જઈ કેમ સંમોહિત કરવા એ બધું બરાબર જાણતા હતા. પરંતુ ગૌહર પાસે જાણે તેમને કાંઈ જ ખબર ન હોય તેવું વર્તન કરતા. ત્યારે ગૌહર પણ પોતાને બધી જ ખબર હોવા છતાં તેમની વાત પર પૂરો વિશ્વાસ મૂકીને તેમને સલાહ સૂચનો આપ્યા કરતી. વાત ભલે ફિલ્મ-કથાની, ગીતની, સંગીતની, અભિનયની કે આર્થિક સમસ્યાની અથવા વ્યવસ્થાની હોય, ગૌહર પોતાની કુશળતાથી ચંદુલાલને વિસ્મિત કરી મૂકતી. આમ તે પ્રેમા કરતા એક ડગલું આગળ હતી. પરંતુ ચંદુલાલના મનમાં ક્યારેય એવી સરખામણી ન ઉદભવતી.

વિરામના દિવસોમાં તેઓ ક્યારેક ખંડાલા તરફ પણ આંટો મારી આવતા અને ફ્રેશ થઇ જતા. ગૌહરને ચંદુલાલનો સાથ હતો એટલે તેને જાણે આખી દુનિયા ઉપર પોતાનું રાજ હોય તેમ લાગતું. તે ક્યારેય થાકતી નહીં. તેણે મેનેજમેન્ટનો અભ્યાસ નહોતો કર્યો તેમ છતાં કોઈ પ્રથમ કક્ષાના મેનેજરની જેમ તે ઓફિસનું સમગ્ર કામકાજ પણ સંભાળતી હતી. તેની કાર્યક્ષમતા ગજબની હતી.

ચંદુલાલનું ધ્યાન ધીમે ધીમે ફિલ્મો પરથી પોતાના શોખ ઉપર વધારે કેન્દ્રિત થવા લાગ્યું. ગૌહરને થતું કે તે તેમને આ બાબતમાં સાવધ કરે. પરંતુ વળી તેને થતું કે આટલો પૈસો છે તો તેઓ ભલે મોજ-મજા કરે...આટલાં વર્ષો સુધી તો તેમણે સતત કામ કર્યું જ છે ને! હવે આ ઉંમરે ક્યાં બહુ કહેવું? ભલે તેમને ઠીક પડે તેમ કરતા...

***

૧૮. દલસુખ પંચોલી અને ચંદુલાલ...

સલીલ દાતેની જેમ દલસુખ પંચોલી પણ ચંદુલાલના ખાસ મિત્ર. દલસુખ પંચોલી તરવરીયો યુવાન તેને બહુ ગમતો. તેમની જીવનશૈલી સાવ અલગ જ. એ વખતે પાકિસ્તાન ભારતનો એક ભાગ હતું. દલસુખ પંચોલીનો જન્મ કરાચીમાં થયો હતો અને ચંદુલાલ જાણતો હતો કે તે તેનાથી ઉંમરમાં આઠેક વર્ષ નાનો હતો. ભારતીય હિન્દી ફિલ્મોના ખલનાયક પ્રાણ અને હાસ્ય કલાકાર ઓમ પ્રકાશને ચમકાવનારા દલસુખ પંચોલી જ હતા. તેઓ મૂળ ધ્રાંગધ્રા પાસે આવેલા હળવદના. આ એ જ હળવદ કે જ્યાંના બ્રહ્મણોનું વિશિષ્ટ સ્થાન અને નામ છે. એ જ હળવદમાં દર વર્ષે લાડુ ખાવાની હરીફાઈ યોજાય છે. અને તેમાં બ્રહ્મણોએ ૪૦-૪૦ લાડુ  ખાધાનો રેકોર્ડ છે. એ જ હળવદમાં આજે પણ દલસુખ પંચોલીનું ઘર અસ્તિત્વ ધરાવે છે. તે ભવ્ય છે પરંતુ જર્જરિત હાલતમાં છે. દલસુખ જયારે મુંબઈ આવે ત્યારે પહેલાં ચંદુલાલને ઘરે જ આવે.

દલસુખે સ્ક્રીપ્ટરાઈટીંગ અને સિનેમેટોગ્રાફીની તાલીમ ન્યૂયોર્કમાં લીધી હતી. ચંદુલાલ સાથે તેની મૈત્રીનું એ પણ એક કારણ હતું. તેઓ મળે ત્યારે હવે પછીની ફિલ્મની સ્ક્રીપ્ટ કેવી રીતે લખવી, કયા મુદ્દાઓ મહત્વના છે, કઈ રીતે સંવાદ વધારે અસરકારક બનાવી શકાય, કથામાં ટ્વીસ્ટ કેવી રીતે લાવવો, કથાનો કયો અંત સહુથી વધારે યોગ્ય છે, પ્રેક્ષકોને જકડી રાખે તે માટે શું કરવું અને સિનેમેટોગ્રાફી વિષે પણ ચર્ચા ચાલતી. ચંદુલાલને તેની વાતમાંથી એ વિષયના વર્તમાન પ્રવાહો અને શૈક્ષણિક માહિતી મળતી. તેઓ મોડી રાત સુધી જાગતા. જયારે તેઓ પહેલી વાર મળ્યા ત્યારે દલસુખની ઉંમર કેવળ ૧૮ વર્ષની જ હતી. રેવાશંકર પંચોલી

તેમના પિતા પાસેથી દલસુખને પહેલેથી જ સિનેમાને લગતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી ગયું હતું. કારણ કે પ્રથમ વિશ્વયુદ્ધનાં સમયથી જ તેમને સિનેમાનું એ નેટવર્ક વારસામાં મળ્યું હતું. એમ્પાયર ફિલ્મ ડિસ્ટ્રીબ્યૂટર્સ (૧૯૨૨) અને નવ વર્ષ પછી એટલે કે ૧૯૩૧ માં એમ્પાયર ટોકી ડિસ્ટ્રીબ્યૂટર્સની સ્થાપના લાહોરમાં જ થઇ હતી. તેઓ દર મહીને બે ફિલ્મો- ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી તથા અમેરિકાથી ફિલ્મો - આયાત કરી પ્રસ્તુત કરતા હતા. ૧૯૩૯ માં તેમણે પંજાબી ફિલ્મ-નિર્માણનું કાર્ય શરૂ કર્યું. ૧૯૪૦ માં યમલા જાટ તેમજ ૧૯૪૧ માં ખજાનચીથી તેઓ રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યા. સ્વતંત્રતા ચળવળ દરમિયાન ભારતના ભાગલા વખતે તેઓ મુંબઈ આવી ગયા. તેમને ૧૯૪૬ પછી લાહોરનો પાંચ માળનો પંચોલી આર્ટ પિક્ચર્સ સ્ટુડીઓ ત્યાં જ છોડીને કાયમ માટે મુંબઈ આવવાનું થયું.

***

૧૯૪૪ માં જયારે દલસુખ પંચોલીને મુંબઈ આવવાનું થયું હતું ત્યારે ચંદુલાલ 'ભંવરા' ફિલ્મનું નિર્માણ કરી રહ્યા હતા. ચંદુલાલે ત્યારે દલસુખને કહ્યું હતું કે, 'લાહોર છોડ કર બોમ્બે ક્યોં નહીં આ જાતા?' એ સમયે દલસુખ પંચોલીએ કહ્યું હતું, 'યાર તેરી બાત તો સહી હૈ પર ઉધર લહૌર મેં અપના ખુદ કા સ્ટુડીઓ હૈ ન, ઉસે કૈસે છોડ સકતા હૂં યે બતા.' પછી દલસુખ પંચોલી પોતાની આદત પ્રમાણે હંમેશાં કહેતા, 'એક જંગલ મેં એક હી શેર હોતા હૈ, તૂ બોમ્બે દા શેર ઔર મૈનૂ લાહૌર દા, ઠીક હૈ ના!.' અને ચંદુલાલ પંજાબી અંદાજમાં જવાબ આપતા, 'કોઈ ગલ નહીં યારાં, તૂ ઉત્થે ચંગા રહે પુત્તર, કભી હમારી યાદ આએ તો આ જાના, અપને દિલ કા દરવાજા તેરે લીએ હંમેશાં ખુલા હી હૈ.' અને દલસુખ તેની મિશ્ર પંજાબી ભાષા પર હસતો, 'વાહ યાર,

તૂ બડી ચંગી પંજાબી બોલતા હૈ...' પણ દલસુખને ક્યાં ખબર હતી કે બે વર્ષમાં જ તેને લાહોરનો સ્ટુડીઓ છોડીને કાયમ માટે મુંબઈ આવવાનું થશે!

***

'જે ચડે તે પડે' એ કથન અનુસાર ૧૯૪૦ નાં દશકાની મધ્યે 'રણજીત સ્ટુડીઓ' નાં પતનનો ત્યારે પ્રારંભ થઇ ગયો હતો એની ખબર શરૂઆતમાં તો કોઈને પડી નહીં. ચંદુલાલનાં જીવનનો એ કદાચ સહુથી ગોઝારો દિવસ ગણી શકાય કે જયારે તેઓ કપાસના સટ્ટામાં એક જ દિવસમાં **રૂપિયા એક કરોડ અને પચીસ લાખની જેવી જંગી રકમ હારી ગયા...**

***

'કચ્છી શેઠ સટ્ટામાં સવા કરોડ રૂપિયા હારી ગયા...'

'હોય નહીં...!'

'અરે વિશ્વાસ ન આવતો હોય તો જુઓ આજનું મુંબઈ સમાચાર...'

'સવા કરોડ નહીં, સવા લાખ હશે...'

'સટ્ટો રમાય જ નહીં...માણસ ખુવાર થઇ જાય...'

'કરોડપતિ હોય તે રોડપતિ થઇ જાય...'

મુંબઈમાં સર્વત્ર આ જ વાત ચાલતી હતી. ચંદુલાલ પણ 'હવે શું કરવું?' એ વિચારમાં પડી ગયા. સ્ક્રીપ્ટમાં એમ લખવું કે ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ

માણસે હિંમત ન હારવી જોઈએ, સ્વસ્થતા ટકાવી રાખવી જોઈએ. તેમાં તેને લગતું શાનદાર ગીત મૂકી શકાય. દુખમાં હિંમત ગુમાવવી એ મનુષ્યના નબળા મનની નિશાની છે. એવું દર્શાવીને હીરો ધીમે ધીમે હિંમત એકઠી કરી હીરો ફરી ગાડી પાટે ચડાવી દે એવું બનતું હોય છે. પણ વાસ્તવિકતા વરવી હોય છે. તેમાં એવી આશા ઠગારી નીવડે છે. છતાં માણસ પાસે એવે સમયે એ આશાનો જ સાથ રહી જતો હોય છે. ચંદુલાલ પણ હિંમત ન હારતાં સવા કરોડ કેવી રીતે ચૂકવવા તે વિષે વિચાર કરવા લાગ્યા. જયારે સોનું સાત રૂપયે તોલો હતું એ જમાનામાં તેમણે ગુમાવેલી સવા કરોડની રકમ નાનીસૂની રકમ ન ગણાય!

શું ચંદુલાલ સવા કરોડ ચૂકવી શકશે...?

નહીં ચૂકવી શકે તો શું થશે...?

***

૧૯. પાણીદાર ગૌહર.

ગૌહર ફારસી શબ્દ છે અને તેનો અર્થ છે: મોતી. ગૌહરજાન ખરેખર સાચા મોતી જેવી હતી. શુદ્ધ, પારદર્શક અને કોઇથી ન ડરનાર સ્ત્રી હતી. તે જેટલી સુંદર હતી તેટલું જ સુંદર તેનું હૃદય હતું. ચંદુલાલ તેને 'જાન' કહીને જ બોલાવતો. સાચે જ તે ચંદુલાલનો જાન હતી. તેનું આધ્યાત્મિક જ્ઞાન પણ એટલું જ ઉચ્ચ કક્ષાનું હતું. સંસ્કાર અને નિષ્ઠા તેને પોતાના બોહરા પરિવારમાંથી જ મળ્યા હતા તે આપણે જાણીએ જ છીએ.

ચંદુલાલે જયારે પોતે ગુમાવેલી રકમની વાત ગૌહરને કરી ત્યારે ગૌહરે જોયું કે ચંદુલાલનો ચહેરો ઝંખવાઈ ગયો હતો. ગૌહરે એ જોયું કે ચંદુલાલ ભલે ઉપરથી શાંત હોય પણ તેમના ભીતરમાં જબરો ઝંઝાવાત ચાલી રહ્યો છે. એ પરિસ્થિતિ પામી ગઈ. તેનું હૃદય પણ જાણે ધબકવાનું ભૂલી ગયું હોય તેવું તેણે અનુભવ્યું. પણ દિલના ભાવો બદલીને તેમાં નાટકીય પલટો લાવવામાં તે અત્યંત કુશળ હતી.

તેણે ચંદુલાલને પાણીનો ગ્લાસ આપીને હસીને સ્વસ્થતાથી કહ્યું, 'આપણી સામે સવા કરોડ તો શું સવા સો કરોડ હોય તો તેની પણ કોઈ વિસાત નથી. સવા કરોડ કઈ મોટી વાત છે? અને તેમાં મોઢું આટલું વીલું કેમ થઇ ગયું છે? થોડા સમયમાં એ રકમ ચૂકવી દેવાશે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ઈશ્વરે જે આપ્યું તે હવે લઇ લે તો તેને આનંદથી પાછું આપવું જોઈએ. અને આટલાં સમય સુધી પરવરદિગારે તેનો ઉપયોગ કરવા દીધો એ બહુ કહેવાય. અને તેથી જે સુખ મળ્યું તે માટે આપણે તેમનો આભાર માનવો જોઈએ. લેવા ટાણે હરખાઈએ અને દેવાનો વારો આવે ત્યારે મોઢું બગાડીએ એ યોગ્ય નથી. તમારે મનમાં જરાય ઓછું આણવાની જરૂર નથી.

ઈશ્વરે આપણને ઘણું આપ્યું છે. આટલાં વર્ષો સુધી તેમણે આપણને વૈભવનો કેવો લાભ આપ્યો? શું આપણે કાંઈ સાથે લઈને આવ્યા હતા? ખાલી હાથે આવ્યા હતા, અને આપણી પાસે જે છે તે ઘણું છે. હું તમારી સાથે છું પછી તમારે શી ચિંતા છે? આપણે થોડી કરકસર કરશું. ઓછા બજેટવાળી ફિલ્મો બનાવશું. વધારે મહેનત કરશું અને ફરી બધું બરાબર થઇ જશે.'

ગૌહરનાં શબ્દે શબ્દે ચંદુલાલ સ્વસ્થ થતો જતો હતો. તેનો વિષાદ ઓછો થયો. તેણે સ્વીકાર્યું, 'જાન, તું ન હોત તો મારું શું થાત?' ગૌહરે ફરી હળવાશથી હસીને કહ્યું, 'શા માટે એવું વિચારો છો, હું તો તમારી સામે અને તમારી સાથે જ છું ને!'

ચંદુલાલને થયું જયારે આવું પાણીદાર મોતી મને ઈશ્વરે વણમાગ્યે આપ્યું છે તો પછી મારે ચિંતા કરવાની શી જરૂર છે? પડશે એવા દેવાશે... અને ચંદુલાલ માનસિક તાણના થાકથી થોડી હળવાશ અનુભવતા નિદ્રાધીન થઇ ગયા.

***

પ્રેમા ગઈ પછી ચંદુલાલ પહેલી વાર પોતાનું આત્મ-નિરીક્ષણ કરવા લાગ્યા. તેમને થયું કે તેનો સટ્ટો રમવાનો શોખ તેને ભારે પડ્યો છે. તેણે વિચાર્યું કે તેની પાસે અઢળક પૈસો છે. નસીબ હંમેશાં તેને સાથ આપે છે. પણ સમય કોઈને ય કાયમ સાથ આપતો નથી એ હકીકત તેમનાથી ભુલાઈ ગઈ હતી.

તેમને હંટરવાલી મુસાફરીના દિવસો ફરી યાદ આવી ગયા. ત્યારે તેમની પાસે કાણી કોડી પણ ન હતી. અને તેમની પાસે કેટલો પૈસો આવી ગયો. કેટલી મિલકત આવી. જીવનમાં ઘણું ભોગવ્યું હતું. પ્રેમા સાથેનું દામ્પત્ય જીવન, નવીનનો જન્મ, રણજીત

સ્ટુડીઓની સ્થાપના, એક પછી એક હિટ જતી ફિલ્મો, મુંબઈમાં પોતે કચ્છી શેઠ બન્યા એ પહેલાં કરેલી કાપડની ફેરી અને તે પહેલાં ગોદીમાં કરેલી મજૂરી, પોતે શાહ હતો એ ભૂલીને લોકોએ તેને કચ્છી શેઠ બનાવી દીધો. પ્રેમાની જ પ્રેરણાથી તેમણે નવું મકાન લીધું હતું. અને જયારે પ્રેમાના સ્થાને ગૌહર ગોઠવાઈ ગઈ ત્યારે તેમને તેનું સુખદ આશ્ચર્ય થયું હતું.

આ બધાની વચ્ચે તેને દુખદ ઘટનાઓ પણ યાદ આવી. પ્રેમાની માનું મૃત્યુ, શેઠાણી અને ભાટિયા શેઠનું ટૂંકા ગાળામાં મૃત્યુ, તે સમયના સીડનહામ કોલેજના અર્થશાસ્ત્રનાં લેક્ચર્સ...અને પરીક્ષાના સમયે જ પોતાના માતા-પિતાના મૃત્યુના સમાચાર, જામ સાહેબ સાથે મુંબઈમાં મિલન, રણજીત સ્ટુડિયો, પોતાનું કચ્છી શેઠ બનવું અને જે વાત તેમણે કોઈને કરી નહોતી તે રમણનું ગોદી પર કામ કરતા અકસ્માતે થયેલું મૃત્યુ અને છેલ્લે પ્રેમાનું ટૂકી માંદગીમાં થયેલું મૃત્યુ...આ બધું તેમની આંખો સમક્ષ એક ફિલ્મની જેમ ચાલવા લાગ્યું. તેને થયું કે આ જીવન પણ સમય સાથે મળી કેવા ખેલ ખેલે છે. ઉપરવાળો મહાન દિગ્દર્શક દરેકનાં જીવનની ફિલ્મ ઉતારે છે! પણ તે કોઈને ય કોઈના જીવનની કથા કહેતો નથી કે નથી કોઈને કઈ ભૂમિકા ભજવવાની છે તે જણાવતો! તે જ બધાની ફિલ્મનો સ્ક્રીપ્ટ રાઈટર, તે જ નિર્માતા અને તે જ કેમેરામેન છે! કયા પાત્રને ક્યાં સુધી ભૂમિકા ભજવવાની છે એ પણ તે જ નક્કી કરે છે. તેમાં કોઈનું કાંઈ ચાલતું નથી. મારે મારૂં પાત્ર ક્યાં સુધી ભજવવાનું હશે તેની મને ય ક્યાં ખબર છે?

પરંતુ તેને એ પણ ખબર ક્યાં હતી કે ભગવાન તેની હજી કેટલી કસોટી કરવાના છે!

***

નવીનનો ફોન આવ્યો કે તેણે ઘણા સારા ગ્રેડ સાથે એક્ઝામ પાસ કરી છે અને હવે તે કોલેજના છેલ્લા વર્ષમાં આવી ગયો છે. હવે એક વર્ષનો અભ્યાસ જ બાકી રહ્યો છે. હજી તેને એ ખબર નહોતી પડી કે ચંદુલાલને સટ્ટામાં ભારે ખોટ ગઈ છે. એટલે ચંદુલાલે તેને એ વિષે કાંઈ ન કહેવાનું જ યોગ્ય માન્યું. તેમણે તેને આભિનંદન આપ્યા અને થોડી વાતો ફિલ્મો વિષે કરી. ત્યારે નવીને જણાવ્યું કે તે તેમને વિગતવાર એક પત્ર લખશે કારણ કે હવે તેને થોડો સમય મળશે. તેણે એ પણ જણાવ્યું કે તે છેલ્લા વર્ષમાં વધારે સારી તૈયારી કરવા માંગે છે તેથી તે હમણાં ઇન્ડિયા નહીં આવે. અભ્યાસ પૂરો કરીને જ આવશે. થોડી રજાઓમાં તેણે તેના મિત્રો સાથે ફરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો છે.

ચંદુલાલને ધરપત થઇ કે એ સારું છે કે પોતે સટ્ટામાં સવા કરોડ ગુમાવ્યા છે તેની તેને જાણ નથી થઇ. જો તેને એ ખબર પડે તો સીધો અહીં દોડી આવે અને તેનો અભ્યાસ પણ બગડે. તેણે વિચાર્યું કે ભગવાન જે કરે તે સારા માટે જ કરે છે. વળી તેને વિચાર આવ્યો કે આ સવા કરોડ ગયા તેમાં ઈશ્વરે મારું શું સારું કર્યું?

એ પ્રશ્નનો તેને કોઈ જવાબ ન મળ્યો. છેવટે તેણે વિચાર્યું કે આવાં તો કેટલાયનાં અનેક પ્રશ્નો અનુત્તર રહી જતા હશે... દરેક પ્રશ્નનો ઉત્તર મળવો જ જોઈએ એવું થોડું છે? પરીક્ષામાં પણ અમુક પ્રશ્નોના જવાબો ન આપવાના વિકલ્પો હોય છે. પણ...પણ...મારી કસોટીના આ સમયનો કોઈ વિકલ્પ ક્યાં છે?

***

## ૨૦. કસોટીનો કાળ કે કાળની કસોટી?

ચંદુલાલ હવે ખોટની રકમ કેવી રીતે ચૂકવવી તેની મથામણમાં પડી ગયા. પરંતુ પરિસ્થિતિ સંભાળવાની કોશિશ સાથે સાથે તેમણે નિર્માતા તરીકે પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું. પરંતુ અણીનાં સમયે જ ઉપરાછાપરી તેમની ત્રણ-ચાર આશાસ્પદ ફિલ્મો બોક્સ ઓફીસ પર નબળી પુરવાર થઇ. નસીબે યારી ન આપી. છતાં તેમણે ૧૯૪૫ થી ૧૯૫૦  સુધીના વર્ષોમાં ૨૩ ફિલ્મોનું નિર્માણ કર્યું! પરંતુ ૧૯૫૦ માં રણજીત સ્ટુડીઓની બધી મિલકત વેચવી પડી.

સુખના સમયમાં સાથ આપનારા લોકો ઘણા હોય છે. પરંતુ દુખના સમયમાં કોઈ સાથ આપતું નથી. ચંદુલાલે જોયું કે અનેક મિત્રો તેમને મળતા ન હતા. એક યા બીજા બહાના હેઠળ મદદ કરવાની અનિચ્છા દર્શાવતા હતા. દુનિયાનો આ એક રંગ જોવાનો બાકી હતો તે ચંદુલાલને હવે જોવા મળ્યો.

પણ ગૌહર ખરેખર મોતી સમાન હતી. તેણે ચંદુલાલનો સાથ ન છોડ્યો. ચંદુલાલની હાલત જોઈ તેણે સામેથી જ પોતાની માલિકીહક્કવાળી બહુમાળી રહેણાંકની ઈમારતને ગીરવે મૂકી ખોટને પહોંચી વળવા માટેની રકમની વ્યવસ્થા કરવા કહ્યું. અને ન છૂટકે ઓપેરા હાઉસની પાસે આવેલું બહુમાળી ગૌહર વિલા મકાન એશિયન ઇન્સ્યોરન્સ કંપની (જે હવે ભારતીય જીવન વીમા નિગમ તરીકે ઓળખાય છે) પાસે ગીરો રાખવું પડ્યું, અને તેને છેક સુધી ન છોડાવી શકાયું.

તેમ છતાં 'બે દર્દી', 'હમલોગ', (૧૯૫૧) 'બહાદુર', 'ફૂટપાથ', પાપી(૧૯૫૩), 'ઔરત તેરી યહી કહાની', 'ધોબી ડોક્ટર' (૧૯૫૪), જમીન કે તારે (૧૯૬૦) જેવી ફિલ્મો તો 'રણજીત મૂવીટોન' નાં બેનર હેઠળ જ બની. ચંદુલાલ શાહે પણ ૧૪ વર્ષો પછી ફિલ્મ

'પાપી' થી ફરી એકવાર નિર્દેશનમાં હાથ અજમાવી જોવાની કોશિશ કરી. 'પાપી' ફિલ્મ રાજકપૂરના કરિયરની એક માત્ર એવી ફિલ્મ હતી કે જેમાં તેમણે બેવડી ભૂમિકા (ડબલ રોલ) નિભાવી હતી. પરંતુ ચંદુલાલના બધા પ્રયત્નો વ્યર્થ રહ્યા અને એ ફિલ્મ સુપર ફ્લોપ રહી. અને 'અકેલી મત જઈયો' (૧૯૬૩) 'રણજીત મૂવીટોન' ની છેલ્લી ફિલ્મ બની રહી.

રતિલાલ પુનાતરના પુત્ર જયરાજના કથન અનુસાર વર્ષ ૧૯૬૫ માં ચંદુલાલ દ્વારા રાજકપૂર અને વૈજયંતિમાલાની ફિલ્મ 'બહુરૂપિયા' નું નિર્માણ શરુ કરવામાં આવ્યું હતું. શંકર જયકિશનનાં સંગીત સાથે આ ફિલ્મનાં એક ગીતનું શૂટિંગ પણ થઇ ગયું હતું પરંતુ તે ફિલ્મ અધૂરી રહી ગઈ.

ચંદુલાલ જે ભાવ મળ્યા તે ભાવે મિલકત વેચી દેવું ચૂકતે કરતા ગયા. યેનકેન પ્રકારેણ સવા કરોડની ખોટ ભોગવી અને લેણદારોને બધા પૈસા ચૂકવ્યા. તે માટે આ જવાંમર્દને 'મધર ઇન્ડીયા' મેગેઝીનનાં સંપાદક અને તંત્રી તથા જાણીતા ફિલ્મ પત્રકાર બાબૂરાવ પટેલે તેમને **'સરદાર'**ની ઉપમા આપી તેમનું બહુમાન કર્યું હતું.

ચંદુલાલ આ કસોટીના કાળમાં પણ હિંમત નહોતા હાર્યા તેનું શ્રેય ગૌહરને આપી શકાય. ગૌહરે ભૂતકાળમાં પોતાના પિતાને પણ તેમના કપરા સમયમાં સાથ આપ્યો હતો કારણ કે તેણે પોતાના પરિવારની જાહોજલાલીનો સમય પણ જોયો હતો અને ત્યારબાદ તેણે ગરીબીનો સમય પણ જોયો હતો.

***

'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવતને તેઓ સાર્થક કરવા માગતા હોય તેમ આટલું થયા પછી પણ ચંદુલાલનો રૂનો સટ્ટો અને જુગાર રમવાનો ચસકો ઘટ્યો નહીં! તેમનો  ચડતીનો સમય જાણે પૂરો થઇ ગયો હોય અને પડતીનો સમય શરુ થયો હોય તેમ તેમને દરરોજ  કોઈક નવી ઉપાધિનો સામનો કરવો પડતો હતો. કાંઇક ગીરવે મૂકવું પડતું, કાંઇક વેચવું પડતું અને ધીમે ધીમે 'લગા લે દાવ લગા લે, અપને પે ભરોસા હૈ તો દાવ લગા લે' ની માફક પોતાના આત્મવિશ્વાસના સહારે દાવ લગાવતા અને બાજી હારી જતા. આ રીતે તેમની બધી ટોકીઝ વેચાઈ ગઈ. બધા ધંધા વેચાઈ ગયા અથવા આટોપાઈ ગયા. અન્ય નાની મોટી મિલકતો પણ વેચાવા લાગી. તેમનું કોઈ પત્તું હુકમનું પાનું સાબિત ન થયું. ચંદુલાલ ખુવાર થતા ગયા. જે કચ્છી શેઠની આણ મુંબઈમાં હતી, જે ધાક હતી તે કચ્છી શેઠ આજે લાચાર બની ઘરમાં બેસી રહેતા હતા.

પગાર ન ચૂકવી શકવાથી એક પછી એક નોકરો જવા લાગ્યા. હવે તેમના સ્ટાફમાં ભાગ્યે જ એક-બે જણા લાગણીનાં તારથી ટકી રહ્યા હતા. ચંદુલાલ તેમને પગાર આપી શકતા નહોતા અને તેમને છુટા પણ કરી શકતા નહોતા. બચતના પૈસા પણ સટ્ટામાં ગુમાવી બેઠા હતા આ સરદાર ચંદુલાલ!

તેમના ઘરનું રાચ-રચીલું, ઘોડાગાડીઓ, મોટરો, ચાલીઓ જેવી તેમની બધી મિલકતો પણ વેચાઈ ગઈ હતી. જુગાર રમવાની આદત જેટલી ઝડપથી પડી જાય તેટલી ઝડપથી છોડી  શકાતી નથી. તેનાથી બચવું શક્ય ન હોય તેવું લાગે છે. જે જુગાર યુધિષ્ઠિરને ન સદ્યો તે ચંદુલાલને ક્યાંથી સદે? એક સમય હતો કે ચંદુલાલના નામના સિક્કા પડતા હતા એ જ ચંદુલાલ આજે એક એક સિક્કા માટે લાચારી

અનુભવતા હતા. લેણદારોની લાઈન ઓછી થતી ન હતી. સવારથી જ તેમને ખોટા વાયદાઓ અને અસત્યનો આશરો લેવો પડતો હતો.

આવી સ્થિતિમાં માણસ કાં તો આપઘાત કરી લે કાં તો તે પાગલ થઇ જાય. પણ આ હતા સરદાર ચંદુલાલ શાહ! ન તો તેમણે આપઘાત કરવાનો વિચાર કર્યો કે ન તો તેમણે પોતાનું માનસિક સંતુલન ગુમાવ્યું! મુંબઈમાં હવે તેમની આબરૂના ધજાગરા થઇ ગયા હતા. એક જમાનામાં ઘણા લોકો તેમને બોલાવતા ત્યારે તેમની પાસે સમય નથી એમ કહેવું પડતું. હવે ઘણો સમય છે પણ કોઈ તેમને બોલાવતું જ નથી! વર્ષો પહેલા જે ચંદુ આગબોટમાં હતો તેવી સ્થિતિમાં તે અત્યારે આવી ગયો હતો. લાચારી અને પૈસાનો અભાવ અત્યારે તેને બહુ સાલતો હતો. ત્યારે તે નચિંત હતો, અત્યારે ચિંતામગ્ન! ત્યારે તેની પાસે યુવાની હતી અત્યારે હતી અવસ્થા, ત્યારે તેના મનમાં ઉત્સાહ હતો અત્યારે એ ઉત્સાહ મરી પરવાર્યો હતો. ત્યારે તેની પાસે સ્વમાન હતું, અત્યારે તેનું આત્મગૌરવ હણાયેલું હતું. ક્યાં જવું અને શું કરવું તેની તેમને સમજ પડતી નહોતી. તેમની મતિ કુંઠિત થઇ ગઈ હતી.

છતાં તેમણે પોતાની જુગારી માનસિકતામાંથી મુક્તિ મળી નહોતી. તેનાં મનમાં એક જ  વિચાર સળવળ્યા કરતો કે, 'કયો દાવ ખેલું તો મને ગુમાવેલું બધું પાછું મળી જાય?' એ જ તેની આશાનો છેલ્લો તાંતણો હતો. એ તંતુનાં તંતમાં તેમને કચ્છી હાઉસ છોડવું પડ્યું, ખાલી હાથે અને પહેરેલે કપડે. કોઈએ તેની દયા ન ખાધી. ન કોઈ તેની મદદે આવ્યું. તેઓ કોઈને કાંઈ પણ કહ્યા કારવ્યા વગર નીકળી ગયા.

ગૌહર સાજી હોત તો તે જરૂર તેને સાથ આપત. પરંતુ તે બહુ બીમાર હતી. અને હવે ગૌહર પાસે પણ ખાસ મિલકત જેવું રહ્યું ન હતું. કાળની કસોટીમાંથી બહાર

આવવા તેણે ચંદુલાલને જે ટેકો આપ્યો હતો તે કોઈ ન આપી શકે તેવો મૂલ્યવાન હતો. અને હમણાંથી ગૌહરની તબિયત પણ એટલી સારી નહોતી રહેતી, તેને ઘણા દિવસથી તાવ આવતો હતો એટલે તેનામાં ઊભા થવા જેટલી પણ શક્તિ નહોતી. તેની અશક્તિને લીધે તે પથારીમાં પડી રહેતી હતી. અત્યારે ચંદુલાલ અસહાય હતા. સરદાર ચંદુલાલ પોતાના મનોબળને આધારે જ ટકી રહ્યા હતા.

***

૨૧. મજબૂરી...

ચંદુલાલે ઘરમાંથી નીકળી જવું પડ્યું. ક્યાં જવું? શું કરવું? ગૌહર પાસે જાઉં? ના, ના, આવી પરિસ્થિતિમાં તેની પાસે જઈને શું કરવું? તે વધારે દુખી થશે. તેનાં ઘરે નથી જવું. દલસુખ પાસે જાઉં? પણ તે તો અત્યારે મોટો માણસ થઇ ગયો છે. હમણાંથી તેના પણ કાંઈ ખબર નથી. દાતે ક્યાં છે તેની જ ખબર નથી. મારી આવી હાલતની સહુને ખબર છે માટે બધા એવું ઈચ્છે છે કે હું તેમની સામે ન જાઉં. જે કાંઈ આત્મ-સન્માન બચ્યું હોય તેના ભોગે કોઈ પાસે હાથ લંબાવવાની ઈચ્છા નથી થતી. 'ક્યાં જાઉં?' અને 'શું કરું?' એ બે સવાલ તેમની સામે મોં ફાડીને ઊભા હતા. પોતાને માટે લોકોની આંખોમાં કેવો તિરસ્કારભર્યો દયામણો ભાવ દેખાતો હતો! તેનાથી એ દૃષ્ટિ સહન થતી નહોતી.

અન્યમનસ્કપણે ચંદુલાલ ચાલતો રહ્યો. કોઈ ગંતવ્ય સ્થાન નહોતું. ક્યાંય જવાની ઉતાવળ નહોતી! ક્યાં જાય છે તેનું પણ તેમને કાંઈ ભાન નહોતું.

એ ફિલ્મી જીવ છેવટે ગ્રાન્ટ રોડ સ્ટેશન નજીક આવેલી ઈમ્પીરીયલ સિનેમા પાસે આવીને ઊભો રહ્યો. ઉપર નજર કરી. સિનેમા ઉપર વીજળી ઝબકતી હતી પણ તેની ભીતરની વીજળી નહોતી ઝબકતી. તેની આંખોમાં હવે એ ચમક રહી ન હતી. સિનેમાની સામે આવેલા પ્રેક્ષકોને બેસવા માટે મૂકેલા બાંકડા ઉપર તેઓ બેઠા.

હા, આ ઈમ્પીરીયલ સિનેમા એક વખત તેમની જ માલિકીનું હતું. પણ તેમણે તેને જુગારમાં ગુમાવી દીધું હતું. તેમ છતાં એ વાતનો તેમને કોઈ અફસોસ નહોતો એ એક અચરજ થાય એવી વાત હતી. અડધા મુંબઈના માલિક જેવા, મુંબઈના સખાવતી કહેવાતા તેઓ આજે પોતાની રહી ન હતી તેવી ટોકીઝના બાંકડે મુફલીસ

જેવી હાલતમાં બેઠા હતા. ખિસા ખાલીખમ હતા. ભૂખ ભિખારીને પણ લાગે અને તવંગરને પણ લાગે. તેમાં કોઈ જીવ અપવાદ નથી. ચંદુલાલને પણ ભૂખ લાગી હતી. તેમના સંસ્કાર પ્રમાણે તેમને માટે માગવું અને મરવું બરાબર હતું.

આમ ચંદુલાલ ક્યાં સુધી બાંકડે બેઠા રહ્યા હશે તેની તેમને ખબર કે સૂધબૂધ નહોતી. સમય વીતતો રહ્યો. છેલ્લો શો ૯ થી ૧૨ નો હતો તે પણ પૂરો થયો. થોડીવાર માટે જ વાતાવરણમાં એકસામટા અનેક લોકોની હલચલ વ્યાપી ગઈ. પણ પછી બધું શાંત થઇ ગયું.

લાલાએ સિનેમાના દરવાજા બંધ કર્યા અને બંધ દરવાજે તાળું લગાવ્યું. તે ઘરે જવા નીકળ્યો. ચારે તરફ નીરવ શાંતિ અને બાંકડે એકલા ચંદુલાલ બેઠા હતા. તેમની નજીક આવતાં જ લાલાની નજર કચ્છી શેઠ પર પડી અને તે તરત જ તેમને ઓળખી ગયો.

તેનું મૂળ નામ તો લાલજી હતું પણ પહેલેથી જ લોકો તેને લાલો કહેતા તેથી સહુ તેને લાલા તરીકે જ ઓળખતા હતા. તેણે ચંદુલાલને પૂછ્યું, 'શેઠ તમે અહીં? અત્યારે? આ સ્થિતિમાં?'

લાલાએ સાંભળેલું હતું કે શેઠ સાવ ખુવાર થઇ ગયા છે. પણ તેઓ સાવ આવી કંગાળ સ્થિતિમાં આવી ગયા હશે તેવું તો તેણે સ્વપ્નેય વિચાર્યું નહોતું. લાલો બાંકડા પર તેમની પાસે બેઠો અને પછી હળવે રહીને પૂછ્યું, 'શેઠ કાંઈ ખાધું છે ખરું?' શેઠે માથું હલાવી ના કહી. તેમણે કહ્યું, 'અત્યાર સુધી પૈસા રળ્યા હતા અને આજે અન્ન ખાવું છે પણ પૈસા નથી. કેવી કરુણતા કહેવાય! બધું ગયું, 'મારી પાસે પહેરેલા કપડાં

સિવાય કશું જ બચ્યું નથી. જા ભાઈ, તું તારા ઘરે જા, તારી પત્ની અને તારાં બાળકો તારી રાહ જોતાં હશે. હું મારું ફોડી લઈશ, મારા નસીબમાં આ બાંકડો જ છે.'

લાલાનું હૃદય ભરાઈ આવ્યું. તેણે મહાપ્રયાસે આંસુ ખાળી રાખ્યા. તે ઊભો ન થયો. જરાવાર પછી પોતાને સંભાળી લઈને તે બોલ્યો, 'શેઠ મેં તમારું નમક ખાધું છે, હું તમને ભૂખ્યા નહીં સૂવા દઉં.'

ખૂબ મનાવીને અને બળજબરી કરીને લાલો તેમને પોતાને ઘરે લઇ ગયો. લાલાએ થાળી પીરસીને શેઠ સામે ધરી. થાળીમાં રહેલા રોટલાને જોઇને પ્રેમાએ ૫૦ વર્ષ પહેલાં પહેલીવાર આપેલા ચાર રોટલા ચંદુલાલને યાદ આવ્યા. તેમાં અને આ રોટલામાં ઘણું સામ્ય હતું. અત્યંત સંકોચ સાથે તેઓ જમ્યા. માંડ માંડ કોળિયા ગળે ઉતાર્યા. જે શેઠ ઢોલિયા ઢાળેલા પલંગમાં સૂતા તેઓ આજે ચટાઈ ઉપર સૂતા અને સવારે મોડા ઉઠ્યા. લાલાએ તો સિનેમાના દરવાજા ખોલવા જવું જ પડે તેમ હતું એટલે તે નીકળી ગયો હતો.

લાલાની સ્ત્રીએ તેમના માટે ચા-નાસ્તો તૈયાર રાખ્યા હતા. તે લઈને ચંદુલાલ ફરી ઈમ્પીરીયલને બાંકડે આવીને બેસી ગયા. આખો દિવસ ત્યાં જ બેસી રહ્યા. કોઈ તેમને ઓળખતું નહોતું, કોઈ તેમની નોંધ સુદ્ધાં લેતું નહોતું. આમને આમ ચાર-પાંચ દિવસ નીકળી ગયા. ચંદુલાલને લાગ્યું કે ગરીબ લાલાને પોતે ભારે પડે છે. એટલે તેમણે લાલાને કહી દીધું, 'આજથી હું તારે ઘેર નહીં આવું. હું અહીં બાંકડે જ સૂતો રહીશ. હું મારું ફોડી લઈશ. મારા નસીબમાં આ જ હશે તે હું માની લઉં છું.' લાલો ગળગળો થઇ ગયો, 'શેઠ, આજની રાત માટે મારે ત્યાં ચાલો. કાલથી હું તમને કોઈ

કામ અપાવી દઈશ. હું કાંઇક એવી વ્યવસ્થા કરીશ કે તમે તમારી જાતે જ તમારું પૂરું કરી શકશો. તમારે લાચારી નહીં ભોગવવી પડે. તમે મારા શેઠ હતા અને હજુ એ છો.'

ચંદુલાલે હતાશાથી જવાબ આપ્યો, 'સારું ભાઈ, કાલથી હું એમ કરીશ.'

***

રણજીત મૂવીટોનનાં બેનર નીચે ફિલ્મ નિર્માણ બંધ થઇ ગયા પછી રણજીત સ્ટુડિયોની બધી વ્યવસ્થા 'યુનાઈટેડ ટેકનિશિયન્સે' પોતાને હસ્તગત કરી લીધી. અને સ્ટુડિયોના ફ્લોર્સ બહારના નિર્માતાઓને શૂટિંગ માટે ભાડે અપાવા લાગ્યા. 'યુનાઈટેડ ટેકનિશિયન્સ' રણજીત મૂવીટોનમાં કામ કરનારા ૭ ટેકનિશિયનોનો સમૂહ હતો જેમાં વસંતરાવ બુઆ, શાહભાઇ, મોહનભાઈ, હસમુખભાઈ મિસ્ત્રી, વહાબભાઈ, કપૂરસાહબ અને માધવરાવનો સમાવેશ થતો હતો. ભવિષ્યમાં ઇન્શ્યોરન્સ કંપની એમની બધી મિલકતોની હરરાજી કરવાની હતી એવી કોઈને થોડી ખબર હતી? અને કોઈને એ પણ ક્યાં ખબર હતી કે રણજીત મૂવીતોનના બેનર હેઠળ બનેલી સાત ફિલ્મો સિવાયની બધી ફિલ્મોની નેગેટીવ આગમાં બળીને ભસ્મ થઇ ગઈ હતી. એ સાત ફિલ્મો છે: 'તાનસેન', 'જોગન', 'હમલોગ', 'પાપી', 'ફૂટપાથ', જમીન કે તારે' અને 'અકેલી મત જઈયો.'

***

૨૨. પેનિલેસ સરદાર...

નળબજારમાં એક પ્રિન્ટીંગ પ્રેસ આવેલો હતો. સવારના પહોરમાં ત્યાં બે ગ્રાહકો આવ્યા!

એ પ્રેસમાં જૂના તથા નવા સિનેમાનાં ગીતોની ચોપાનીયાં જેવી ચોપડીઓ છપાતી હતી. તેનો કાગળ પસ્તીના કાગળ જેવો હોય અને પ્રિન્ટીંગ પણ ઠીક ઠીક હોય પરંતુ તેમાં જે ગીતો છાપ્યા હોય તે સહુને ગમી જાય એવા અને સહુને ગાવાનું મન થાય. બાળકો પણ એવા ગીતો ગાવાનું પસંદ કરે. એ સમયે ફિલ્મી ગીતોનું ચલણ સારું એવું વિકસ્યું હતું. શાસ્ત્રીય સંગીતમાં બહુ ઓછા લોકોને સમજ પડતી પણ આ ફિલ્મી ગીતોનું સંગીત સાધારણ લોકોને પણ ગમતું. તેનો એક અનેરો આનંદ હતો. ફિલ્મના પ્રેક્ષકો ફિલ્મનો શો છૂટ્યા પછી કે અંદર જોવા જાય તે પહેલાં ગીતોની આવી સસ્તી ચોપડીઓ ખરીદતા, વાંચતા અને ગાતાં. અમે પણ એવી ચોપડીઓ ખરીદી છે.

ખરેખર કહીએ તો સંગીતને લોકપ્રિય બનાવનાર ફિલ્મી સંગીત કર્ણપ્રિય હતું. તેમાં રાગ, તાલ અને તાન આલાપનો જે મેળ થતો તે અદભુત હતો. તેને સાંભળવા માટે અને તેનો આનંદ માણવા માટે સંગીતના જ્ઞાનની કોઈ જરૂર નહોતી પડતી. માત્ર સંગીત પ્રત્યે પ્રેમ હોવો જ જરૂરી હતો. તે ગમે ત્યારે અને ગમે ત્યાં સાંભળી શકાય તેવું હતું. કારણ કે પાંચ-દસ મીનીટમાં જ તે પૂરું થઇ જતું. અલબત તેના માધ્યમથી શાસ્ત્રીય સંગીત પણ લોકપ્રિય થવા લાગ્યું હતું. તેને લીધે જ લોકોમાં સંગીત શીખવાનો ઉત્સાહ વધવા લાગ્યો હતો. શાસ્ત્રીય સંગીતમાં પાયાનું જ્ઞાન મળે છે. તેમાં ગાયન, વાદન અને નૃત્યનું શિક્ષણ મેળવી શકાય છે. સંગીતનું જ્ઞાન ન હોય તો પણ સંભાળીને તેનો આનંદ લઇ શકાય છે. મોર અને કોયલનાં ટહુકાઓ સાંભળવામાં કોઈ

જ્ઞાનની જરૂર નથી...પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવાઈ જાય એટલે મનનો મોર થનગનાટ ન કરે એવું બને જ નહીં. ખળખળ વહેતી સરિતા, સરસર વહેતો વૃક્ષો સાથે વાતો કરતો પવન અને પુષ્પો પર ગુંજન કરતો ભ્રમર...મન પ્રસન્ન થઇ જાય.

***

એ ગ્રાહકો હતા કચ્છી શેઠ અને લાલો. પ્રેસવાળા સાથે લાલાએ જયારે ચંદુલાલની ઓળખાણ કરાવી ત્યારે તે નવાઈ પામ્યો. આટલા મોટાં શેઠ અને આજે તેમની આવી પરિસ્થિતિ. કુદરત પણ કમાલ કરે છે! ચંદુલાલે જોયું કે તેમની ફિલ્મોનાં ગીતોની ચોપડીઓ...તેમનું જ સર્જન...અને તેમાંથી આજીવિકા મેળવતા આ લોકો સામે તે કામ મેળવવા આવ્યો હતો! મોટા માણસોના વિચારો અને વાતોની કક્ષા અલગ હોય છે. લાલાની દૃષ્ટિ કેટલે સુધી પહોંચે? લાલાએ પોતાની સમજ મુજબ ફિલ્મી ગાયનોની ચોપડી વેચવાનો ધંધો બતાવ્યો ચંદુલાલને! પ્રેસવાળાએ ચાર પૈસાની (એક આનાની) ચોપડી બે પૈસામાં આપી. અડધો આનો નફો. માલ ઉધાર મળે, બીજે દિવસે સવારે પૈસા જમા કરાવી દેવાના અને બીજો માલ લઇ જવાનો. પ્રેસવાળો ભલો હતો. તેણે ચંદુલાલને રાત્રે પ્રેસમાં સૂવાની સગવડ કરી આપી.

સવારે લાલો વહેલો આવીને ટોકીઝ ખોલે પછી ત્યાં જ નિત્યકર્મ આટોપી લેવાનું. જમવાનું લાલાને ત્યાં અને પોતાની ટૂંકી આવકમાંથી ભોજનનો ખર્ચ લાલાને આપી દેવાનો. આમ આવી સ્થિતિમાં ચંદુલાલની વ્યવસ્થા થઇ. દરરોજ એ ચોપડીઓ લાવવાની, વેચવાની અને નફો લાલાને આપી દેવાનો. બદલામાં લાલો તેની બધી કાળજી રાખતો હતો.

***

ચંદુલાલ ભૂતકાળને વાગોળતા હતા. આમ પણ તેમની પાસે એ સિવાય રહ્યું પણ શું હતું? ૧૯૬૦ માં મુંબઈનાં મરાઠા મંદિરમાં મુગલ-એ-આઝમનું પ્રિમિયર હતું. ચંદુલાલને વિચાર આવ્યો કે કેવી કમાલની વાત છે! એક સમયે પોતાની ફિલ્મોના પ્રિમિયરોમાં મુંબઈ ઉમટતું, બેન્ડવાજાં વાગતાં, મહેફિલ થતી અને જયાફત ઉડતી. ગ્રાન્ટ રોડ ચારે બાજુથી જામ થઇ ગયો હશે. કારણ કે બોલીવૂડનાં બધા જ મોટાં સિતારાઓ ત્યાં આવવાના હતા. ધીરે ધીરે બધા આવવા લાગ્યા.

મુગલ- એ - આઝમ (૧૯૬૦)




મધુબાલા અને દિલીપકુમાર (અનારકલી અને રાજકુમાર સલીમ)



પૃથ્વીરાજ કપૂર (શહેનશાહ અકબર)

કે. આસિફે દોઢ કરોડમાં બનાવેલા મુગલ-એ-આઝમ ફિલ્મે સાડા પાંચ કરોડની કમાણી કરી હતી. કમાલ અમરોહી અને બીજા ત્રણ જણાએ મળીને લખેલી કથા અને નૌશાદનાં સંગીતથી મધુબાલા અને દિલીપકુમારનો અભિનય લાજવાબ રહ્યો હતો પણ પૃથ્વીરાજ કપૂરે પણ અકબરની જે ભૂમિકા નિભાવી હતી તે કાબિલે દાદ હતી. નિગાર સુલતાનાએ ઈર્ષાળુ નૃત્યાંગના તરીકેની ભૂમિકા પણ અસરકારકપણે નિભાવી હતી. તો જોધાબાઈના પાત્રમાં દુર્ગા ખોટેએ પોતાના અનુભવને સુપેરે પ્રસ્તુત કર્યો હતો. એટલે જ આ ફિલ્મને નેશનલ ફિલ્મ એવોર્ડ અને ફિલ્મફેર એવોર્ડ મળ્યા હતા અને બોક્સ ઓફિસ પર 'ઓલ ટાઈમ' સહુથી વધારે આવક મેળવનારી ફિલ્મ બની હતી.

ચંદુલાલ દૂર ટોળામાં મોં વકાસીને વિલા મોઢે ઊભા હતા. તેઓ એ બધાના કચ્છી શેઠ હતા, કચ્છી શેઠ! કે જેનો પડ્યો બોલ સહુ ઝીલવા તૈયાર રહેતા. તેને મળવા માટે કાકલૂદી કરતાં. અને આજે તે ટોળાનો ગુમનામ હિસ્સો હતો. લાઉડ સ્પીકર ઉપરથી એનાઉન્સ થઇ રહ્યું હતું. આમંત્રિત કલાકારો આવતા જતા હતા તેમ તેમ તેમનાં નામ બોલવામાં આવી રહ્યા હતા. તેમાં ચંદુલાલને અચાનક પોતાનું નામ સંભળાયું, 'કચ્છી શેઠની રણજીત મૂવીટોનની મશહૂર અભિનેત્રી વનલતા આવી રહી છે...'ધક્કામુક્કીમાં ચંદુલાલે તેને એક નજરે જોઈ. વનલતાએ પોતાના ચાહકોની મેદની સામે પોતાનો હાથ ઊંચો કર્યો. પણ તેની ચકોર નજરે એવી હાલતમાં પણ ચંદુલાલને ઓળખી કાઢ્યા! એક ક્ષણ પૂરતી બંનેની નજરો ટકરાઈ અને ચંદુલાલ ત્યાંથી જતા રહ્યા. વનલતાએ તેને શોધવા ઘણો પ્રયાસ કર્યો પણ ચંદુલાલ ન મળ્યા.

***

મરાઠા મંદિર પાસે વનલતાએ ચંદુલાલને શોધવાનો બહુ પ્રયત્ન કર્યો પરંતુ તે ન મળ્યા. બીજે દિવસે ચંદુલાલે પ્રેસમાં આવેલું મુંબઈ સમાચાર ખોલ્યું તો પહેલા પાનાં પર તેમનો ફોટો હતો. તેની નીચે લખ્યું હતું: 'કચ્છી શેઠ તમે જ્યાં હો ત્યાંથી મારી સાથે ફોન પર વાત કરવા વિનંતી.' ચંદુલાલ સમજી ગયા કે વનલતા તેને મદદ કરવા માંગે છે. તેનું રહ્યું સહ્યું સ્વમાન તેને આડે આવતું હતું. આ એ જ સ્વમાની ચંદુલાલ છે કે જેને કોઈ સામે હાથ ફેલાવવો નથી ગમતો. એટલે જ તેઓ ન વનલતાને મળ્યા કે ન અત્યંત બીમાર ગૌહરને મળ્યા, ન મળ્યા સલીલ દાતેને કે ન મળ્યા દલસુખ પંચોલીને. તેઓ પોતાના અન્ય કોઈ મિત્રો પાસે પણ જવા માંગતા ન હતા. અરે જેને તે ક્યારેય ભૂલ્યા નથી તે નવિન સાથે ફોન પર પણ વાત કરતા ન હતા. એ તેની વિવશતા હતી કે ખુમારી હતી 'હું મારી રીતે જ જીવીશ અને મારી રીતે જ મરીશ.'

દિવસો વિતતા ગયા...ચંદુલાલની છેલ્લી ફિલ્મ 'અકેલી મત જઈયો' બન્યા પછી બાર વર્ષ વીતી ગયા હતા અને ચંદુલાલ સિત્યોતેર વર્ષનાં થયા હતા. નવેમ્બર મહિનો વિદાય લઇ રહ્યો હતો અને વાતાવરણમાં ગુલાબી ઠંડી પ્રસરતી જતી હતી...

***

એક પ્રસંગે તેઓ આખો દિવસ પ્રેસમાં જ ભરાઈ રહ્યા. કારણ કે તેમની સહુથી લોકપ્રિય અને બોક્સ ઓફિસ પર હીટ નીવડેલી ફિલ્મ 'હંટરવાલી' ત્રીસમી વાર ફરીથી રૂપેરી પડદા પર આવી રહી હતી. અને અત્યારે પણ તે હાઉસફૂલનાં પાટિયા ઝૂલાવતી હતી! તેમાં તેમના બહુ પરિચિત કલાકારો ઉપસ્થિત રહેવાના હતા. તેઓ

ઓળખાઈ જાય તો તેમના રહ્યાસહ્યા આત્મગૌરવને ઠેસ પહોંચે તેમ તેઓ માનતા હતા. અને તેઓ એવું કોઈપણ ભોગે થવા દેવા ઈચ્છતા ન હતા. તેઓ ટોકીઝ પર ન ગયા.

છેક સાંજે લાલો તેમને શોધતો શોધતો પ્રેસ ઉપર આવ્યો. તેણે શેઠના હાથમાં બે ટિકિટ મૂકી અને કહ્યું, 'શેઠ, આજે હું 'હંટરવાલી'ની બે ટિકિટ લાવ્યો છું આપણે બંને તે સાથે જોઈશું. હું તમારી સાથે સિનેમા જોઇશ. તમે તમારાં સ્વપ્ના જોજો. તે બળજબરી કરીને ચંદુલાલને ટોકીઝમાં લઇ ગયો. પોતાના ગજા ઉપરાંત તેણે આઠ આઠ આનાની બે ટિકિટ લીધેલી. પહેલી લાઈનમાં બરાબર પડદા સામે વચ્ચોવચ સીટ હતી. શેઠને તકલીફ ન પડે તે માટે લાલાએ સીટ નીચે બે અગરબત્તી રાખી હતી.

શેઠ અને લાલો બેઠા અને હંટરવાલી શરુ થયું. એક પછી એક દૃશ્યો ચંદુલાલની આંખ સામે આવતાં ગયા. શેઠ ફરી ભૂતકાળમાં સરી ગયા. ફિલ્મ ક્યારે પૂરી થઇ તેની ખબર જ ન પડી. લાલો ઊભો થયો અને શેઠને કહ્યું, 'ચાલો શેઠ આપણે જઈએ...'

પરંતુ લાલાએ કહ્યું તે પહેલાં ભગવાને શેઠને 'ચાલો...' કહી દીધું હતું. અને ભગવાનનાં આમંત્રણનો અસ્વીકાર થઇ જ ન શકે. શેઠની છાતી ઉપર તેમની પ્રિય 'હંટરવાલી' સિનેમાનાં ગીતોની ચોપડી પડી હતી. હંટરવાલી આગબોટે જ તેમને મુંબઈ પહોંચાડ્યા હતા અને આ 'હંટરવાલી' ફિલ્મે તેમને ઈશ્વર પાસે પહોંચાડી દીધા!

ટોકીઝ ખાલી થઇ ગઈ. હવે તેમાં ફક્ત ત્રણ જ વ્યક્તિઓ રહી હતી. કચ્છી શેઠ ચંદુલાલનો મૃતદેહ, લાલો અને ફર્સ્ટ ક્લાસમાં વનલતા, કે જે આ ફિલ્મની હિરોઈન હતી તે વનલતા!

ફક્કડ ચંદુલાલ એટલે કે કચ્છી શેઠના અંતિમ સંસ્કાર વખતે ત્રણ જ જણની હાજરી હતી. એક ઈમ્પિરિયલ ટોકીઝનો લાલો, બીજો હતો પ્રિન્ટીંગ પ્રેસનો માલિક લક્ષ્મણ અને ત્રીજી વનલતા.

***

સરદાર ચંદુલાલ શાહ આવ્યા ત્યારે પેનિલેસ  હતા, અઢળક સંપત્તિ મેળવી, માન - સન્માન મેળવ્યું, અનેક ફિલ્મો બનાવી પરંતુ ગયા ત્યારે એ સંપત્તિ, સન્માન કે પ્રસિદ્ધિ તેમની સાથે ન આવ્યા અને આખરે પેનિલેસ એટલે કે ખાલી હાથે ગયા! જીવન સત્ય છે અને કોઈની સાથે કાંઈ નથી આવતું એ મૃત્યુનું સત્ય છે! યશ, કીર્તિ અને નામ પણ અહીં રહે છે, એ હકીકત છે કે અનંત કાળની સરખામણીમાં લોકોની સ્મૃતિ બહુ જ ટૂંકી હોય છે...મહાકાળની એ ગર્તામાં કેટકેટલું નામશેષ થઇ જતું હશે!

-: સમાપ્ત :-

પરિશિષ્ટ : ૧

# <u>ચંદુલાલ શાહની ચલચિત્ર યાત્રા</u>

---

❖ નિર્માતા :

| | | |
|---|---|---|
| 1. | વાઈલ્ડ ફ્લાવર | ૧૯૩૦ |
| 2. | ધ ટાઈગ્રેસ | ૧૯૩૦ |
| 3. | રોમાંન્સીસ ઓફ રાધા | ૧૯૩૦ |
| 4. | રાણક દેવી | ૧૯૩૦ |
| 5. | પેટ્રિઅટ | ૧૯૩૦ |
| 6. | આઉટલો ઓફ સોરઠ | ૧૯૩૦ |
| 7. | માય ડાર્લિંગ | ૧૯૩૦ |
| 8. | મેજિક ફ્લેમ | ૧૯૩૦ |
| 9. | લવ એન્ગલ | ૧૯૩૦ |
| 10. | જવાં મર્દ | ૧૯૩૦ |
| 11. | ગ્લોરી ઓફ ઇન્ડિયા | ૧૯૩૦ |
| 12. | ડિવાઈન ડાઊરી | ૧૯૩૦ |
| 13. | કેસલ્સ ઇન ધ એર | ૧૯૩૦ |
| 14. | બિલવ્ડ રોગ | ૧૯૩૦ |
| 15. | ધ નાઇફ | ૧૯૩૧ |
| 16. | સાઈરન ઓફ બગદાદ | ૧૯૩૧ |

| | | |
|---|---|---|
| 17. | સીનીંગ સોલ્સ | ૧૯૩૧ |
| 18. | પ્રિન્સ ચાર્મિંગ | ૧૯૩૧ |
| 19. | પેન્ટેડ એન્જલ | ૧૯૩૧ |
| 20. | મિલ્કમેડ | ૧૯૩૧ |
| 21. | લવ બર્ડ્સ | ૧૯૩૧ |
| 22. | હૂર એ રોશન | ૧૯૩૧ |
| 23. | ડ્રમ્સ ઓફ લવ | ૧૯૩૧ |
| 24. | ડેઝર્ટ ડેમસલ | ૧૯૩૧ |
| 25. | બ્યૂગલ્સ ઓફ વોર | ૧૯૩૧ |
| 26. | બોમ્બે ધ મિસ્ટીરીઅસ | ૧૯૩૧ |
| 27. | ધ કેપ્ટન | ૧૯૩૨ |
| 28. | સીપહસાલાર | ૧૯૩૨ |
| 29. | લાલ સવાર | ૧૯૩૨ |
| 30. | પરદેસી પ્રીતમ | ૧૯૩૩ |
| 31. | મિસ ૧૯૩૩ ` | ૧૯૩૩ |
| 32. | કૃષ્ણ સુદામા | ૧૯૩૩ |
| 33. | ભૂલભુલૈયા | ૧૯૩૩ |
| 34. | ભોલા શિકાર | ૧૯૩૩ |
| 35. | વીર બભ્રૂવાહન | ૧૯૩૪ |
| 36. | તૂફાની તરુની | ૧૯૩૪ |
| 37. | તૂફાન મેલ | ૧૯૩૪ |

| | | |
|---|---|---|
| 38. | સિતમગર | ૧૯૩૪ |
| 39. | નાદિરા | ૧૯૩૪ |
| 40. | કાશ્મીરા | ૧૯૩૪ |
| 41. | ગુણસુંદરી | ૧૯૩૪ |
| 42. | રાત કી રાની | ૧૯૩૫ |
| 43. | નૂરે વતન | ૧૯૩૫ |
| 44. | કીમતી આંસૂ | ૧૯૩૫ |
| 45. | દેશ દાસી | ૧૯૩૫ |
| 46. | કોલેજ ગર્લ | ૧૯૩૫ |
| 47. | બેરિસ્ટર વાઈફ | ૧૯૩૫ |
| 48. | સિપાહી કી સજની | ૧૯૩૬ |
| 49. | રંગીલા રાજા | ૧૯૩૬ |
| 50. | રાજ રામાની | ૧૯૩૬ |
| 51. | પ્રભુ કા પ્યારા | ૧૯૩૬ |
| 52. | મતલબી દુનિયા | ૧૯૩૬ |
| 53. | લહેરી લાલા | ૧૯૩૬ |
| 54. | જ્વાલામુખી | ૧૯૩૬ |
| 55. | દિલ કા ડાકુ | ૧૯૩૬ |
| 56. | ચાલાક ચોર | ૧૯૩૬ |
| 57. | ઝમીં કા ચાંદ | ૧૯૩૭ |
| 58. | તૂફાની ટોલી | ૧૯૩૭ |

| | | |
|---|---|---|
| 59. | શરાફી લૂટ | ૧૯૩૭ |
| 60. | શમા પરવાના | ૧૯૩૭ |
| 61. | પરદેસી પંખી | ૧૯૩૭ |
| 62. | મીટ્ટી કા પુતલા | ૧૯૩૭ |
| 63. | દિલ ફરોશી | ૧૯૩૭ |
| 64. | સેક્રેટરી | ૧૯૩૮ |
| 65. | રીક્ષાવાલા | ૧૯૩૮ |
| 66. | પ્રોફેસર વામન એમએસસી | ૧૯૩૮ |
| 67. | પૃથ્વીપુત્ર | ૧૯૩૮ |
| 68. | ગોરખ આયા | ૧૯૩૮ |
| 69. | બિલ્લી | ૧૯૩૮ |
| 70. | બન કી ચિડિયા | ૧૯૩૮ |
| 71. | બાઝીગર | ૧૯૩૮ |
| 72. | ઠોકર | ૧૯૩૯ |
| 73. | સંત તુલસીદાસ | ૧૯૩૯ |
| 74. | નદી કિનારે | ૧૯૩૯ |
| 75. | અધૂરી કહાની | ૧૯૩૯ |
| 76. | પાગલ | ૧૯૪૦ |
| 77. | મુસાફિર | ૧૯૪૦ |
| 78. | હોલી | ૧૯૪૦ |
| 79. | દિવાલી | ૧૯૪૦ |

| | | |
|---|---|---|
| 80. | અછૂત | ૧૯૪૦ |
| 81. | આજ કા હિન્દુસ્તાન | ૧૯૪૦ |
| 82. | ઉમ્મીદ | ૧૯૪૧ |
| 83. | શાદી | ૧૯૪૧ |
| 84. | સસુરાલ | ૧૯૪૧ |
| 85. | પરદેસી | ૧૯૪૧ |
| 86. | ઢીંઢોરા | ૧૯૪૧ |
| 87. | રીટર્ન ઓફ તૂફાન મેલ | ૧૯૪૨ |
| 88. | મહેમાન | ૧૯૪૨ |
| 89. | ઈકરાર | ૧૯૪૨ |
| 90. | ફરિયાદ | ૧૯૪૨ |
| 91. | દુખ સુખ | ૧૯૪૨ |
| 92. | ધીરજ | ૧૯૪૨ |
| 93. | ચાંદની | ૧૯૪૨ |
| 94. | ભક્ત સુરદાસ | ૧૯૪૨ |
| 95. | અરમાન | ૧૯૪૨ |
| 96. | વિષકન્યા | ૧૯૪૩ |
| 97. | તાનસેન | ૧૯૪૩ |
| 98. | શંકર પાર્વતી | ૧૯૪૩ |
| 99. | નર્સ | ૧૯૪૩ |
| 100. | ગૌરી | ૧૯૪૩ |

| | | |
|---|---|---|
| 101. | બંસરી | ૧૯૪૩ |
| 102. | અંધેરા | ૧૯૪૩ |
| 103. | શહેનશાહ બાબર | ૧૯૪૪ |
| 104. | પગલી દુનિયા | ૧૯૪૪ |
| 105. | મુમતાઝ મહલ | ૧૯૪૪ |
| 106. | કારવાં | ૧૯૪૪ |
| 107. | ભંવરા | ૧૯૪૪ |
| 108. | પ્રભુ કા ઘર | ૧૯૪૫ |
| 109. | મૂર્તિ | ૧૯૪૫ |
| 110. | ચાંદ ચકોરી | ૧૯૪૫ |
| 111. | રાજ્પુતાની | ૧૯૪૬ |
| 112. | ફૂલવારી | ૧૯૪૬ |
| 113. | ધરતી | ૧૯૪૬ |
| 114. | વોહ ઝમાના | ૧૯૪૭ |
| 115. | પિયા ઘર આજા | ૧૯૪૭ |
| 116. | લાખો મેં એક | ૧૯૪૭ |
| 117. | કૌન હમારા | ૧૯૪૭ |
| 118. | દુનિયા એક સરાઈ | ૧૯૪૭ |
| 119. | છીન લે આઝાદી | ૧૯૪૭ |
| 120. | બેલા | ૧૯૪૭ |
| 121. | પરદેસી મેહમાન | ૧૯૪૮ |

122. મીટ્ટી કે ખિલૌને ૧૯૪૮

123. જય હનુમાન ૧૯૪૮

124. બિછડે બલમ ૧૯૪૮

125. નઝારે ૧૯૪૯

126. ગરીબી ૧૯૪૯

127. ભૂલભુલૈયા ૧૯૪૯

128. નીલી ૧૯૫૦

129. મધુબાલા ૧૯૫૦

130. જોગન ૧૯૫૦ (અનક્રેડીટેડ)

131. હમલોગ ૧૯૫૧

132. પાપી ૧૯૫૩

133. ફૂટપાથ ૧૯૫૩

134. બહાદુર ૧૯૫૩

135. ધોબી ડોક્ટર ૧૯૫૪

136. ઔરત તેરી યહી કહાની ૧૯૫૪

137. અકેલી મત જઈયો ૧૯૬૩

❖ સ્ક્રીપ્ટ રાઈટર :

1. સતી સાવિત્રી ૧૯૩૨ (સ્ટોરી)
2. ગુણસુંદરી ૧૯૩૪
3. સિપાહીની સજની ૧૯૩૬
4. સિપાહી કી સજની ૧૯૩૬

5. પ્રભુ કા પ્યારા ૧૯૩૬
6. અછૂત ૧૯૪૦
7. પાપી ૧૯૫૩ (સ્ટોરી, સિનેરિયો અને સંવાદ)
8. અકેલી મત જઈયો ૧૯૬૩

❖ દિગ્દર્શન (ડિરેક્ટર) :

1. ટાઈપીસ્ટ ગર્લ ૧૯૨૫
2. પાંચ દાદા ૧૯૨૫
3. વિમલા ૧૯૨૫
4. ફાઈવ ડિવાઈન વોન્ડસ ૧૯૨૫
5. માધવ કામ કુંડલા ૧૯૨૬
6. સિંધ ની સુમારી ૧૯૨૭
7. ગુણસુંદરી ૧૯૨૭
8. વિશ્વમોહિની ૧૯૨૮
9. ગૃહલક્ષ્મી ૧૯૨૮
10. રાજ્પુતાની ૧૯૨૯
11. પતિ પત્ની ૧૯૨૯
12. ચંદ્રમુખી ૧૯૨૯
13. ભિખારન ૧૯૨૯
14. રાજ લક્ષ્મી ૧૯૩૦
15. માય ડાર્લિંગ ૧૯૩૦
16. દીવાની દિલબર ૧૯૩૦

17. દેવી દેવયાની ૧૯૩૧
18. શૈલબાલા ૧૯૩૨
19. સતી સાવિત્રી ૧૯૩૨
20. રાધા રાની ૧૯૩૨
21. મિસ ૧૯૩૩ ૧૯૩૩
22. ગુણસુંદરી ૧૯૩૪
23. તૂફાની તરુની ૧૯૩૪
24. કીમતી આંસૂ ૧૯૩૫
25. દેશ દાસી ૧૯૩૫
26. બેરીસ્ટર્સ વાઈફ ૧૯૩૫
27. સિપાહીની સજની ૧૯૩૬
28. સિપાહી કી સજની ૧૯૩૬
29. પ્રભુ કા પ્યારા ૧૯૩૬
30. પરદેસી પંખી ૧૯૩૭
31. અછૂત ૧૯૪૦
32. પાપી ૧૯૫૩
33. ઊટ પતંગ ૧૯૫૫
34. ઝમીં કે તારે ૧૯૬૦

---

## પરિશિષ્ટ : ૨

## ગૌહર મામાજીવાલાની ચલચિત્ર યાત્રા :

| | | |
|---|---|---|
| 1. | ફોર્ચ્યુન એન્ડ ફૂલ્સ | ૧૯૨૫ |
| 2. | ઘર જમાઈ | ૧૯૨૫ |
| 3. | લંકાની લાડી | ૧૯૨૫ |
| 4. | બ્રીફ્લેસ બેરિસ્ટર | ૧૯૨૬ |
| 5. | લાખો વણજારો | ૧૯૨૬ |
| 6. | મીના કુમારી | ૧૯૨૬ |
| 7. | મુમતાઝ મહલ | ૧૯૨૬ |
| 8. | પૃથ્વી પુત્ર | ૧૯૨૬ |
| 9. | રા કાવત | ૧૯૨૬ |
| 10. | સમ્રાટ શિલાદિત્ય | ૧૯૨૬ |
| 11. | સતી જસમા (ઓડણ) | ૧૯૨૬ |
| 12. | શીરીં ફરહાદ | ૧૯૨૬ |
| 13. | થીફ ઓફ દિલ્હી | ૧૯૨૬ |
| 14. | ટાઈપીસ્ટ ગર્લ | ૧૯૨૬ |
| 15. | એજ્યુકેટેડ વાઈફ | ૧૯૨૭ |
| 16. | ગુણસુંદરી | ૧૯૨૭ |
| 17. | સતી માદ્રી | ૧૯૨૭ |
| 18. | સુમારી ઓફ સિંધ | ૧૯૨૭ |

| | | |
|---|---|---|
| 19. | ગૃહલક્ષ્મી | ૧૯૨૮ |
| 20. | પુરન ભગત | ૧૯૨૮ |
| 21. | વિશ્વમોહિની | ૧૯૨૮ |
| 22. | બેગર ગર્લ | ૧૯૨૯ |
| 23. | ચંદ્રમુખી | ૧૯૨૯ |
| 24. | ગુલશન એ અરબ | ૧૯૨૯ |
| 25. | મેજિક ફ્લૂટ | ૧૯૨૯ |
| 26. | પતિ પત્ની | ૧૯૨૯ |
| 27. | પંજાબ મેલ | ૧૯૨૯ |
| 28. | રજપુતાની | ૧૯૨૯ |
| 29. | શીરીં ખુસરૂ | ૧૯૨૯ |
| 30. | માય ડાર્લિંગ | ૧૯૩૦ |
| 31. | રાજલક્ષ્મી | ૧૯૩૦ |
| 32. | ધ કોન્કરર | ૧૯૩૦ |
| 33. | વાઈલ્ડ ફ્લાવર | ૧૯૩૦ |
| 34. | દેવી દેવયાની | ૧૯૩૧ |
| 35. | રાધા રાની | ૧૯૩૨ |
| 36. | સતી સાવિત્રી | ૧૯૩૨ |
| 37. | શૈલ બાલા | ૧૯૩૨ |
| 38. | મિસ ૧૯૩૩ | ૧૯૩૩ |
| 39. | વિશ્વમોહિની | ૧૯૩૩ |

| | | |
|---|---|---|
| 40. | ગુણસુંદરી | ૧૯૩૪ |
| 41. | તારા સુંદરી | ૧૯૩૪ |
| 42. | તૂફાની તરુની | ૧૯૩૪ |
| 43. | બેરિસ્ટર્સ વાઈફ | ૧૯૩૫ |
| 44. | દેશ દાસી | ૧૯૩૫ |
| 45. | કીમતી આસૂ | ૧૯૩૫ |
| 46. | ડર્બી કા શિકાર | ૧૯૩૬ |
| 47. | ગુનેહગાર | ૧૯૩૬ |
| 48. | પ્રભુ કા પ્યારા | ૧૯૩૬ |
| 49. | રાજ રમની | ૧૯૩૬ |
| 50. | સિપાહી કી સજની | ૧૯૩૬ |
| 51. | પરદેસી પંખી | ૧૯૩૭ |
| 52. | અછૂત | ૧૯૪૦ |
| 53. | ઉષા હરન | ૧૯૪૦ |

==================================================

# પરિશિષ્ટ : 3

## ફિલ્મી દુનિયાને લગતા કેટલાક રસપ્રદ સવાલ-જવાબ

૧. સવાલ: ભારતીય સિનેમાની કોઈપણ ફિલ્મના પહેલા ડીરેક્ટર કોણ હતા?

જ. દાદા સાહેબ ફાળકે (તેમણે જ ભારતીય સિનેમાના જનક કહેવામાં આવે છે.)

૨. સ. ભારતની પહેલી ફિલ્મ કઈ હતી?

જ. રાજા હરિશ્ચન્દ્ર (આ ફિલ્મ ૩-૫-૧૯૧૩ નાં રોજ મુંબઈમાં રીલીઝ થઇ હતી.)

૩. સ. ભારત બહાર વિદેશમાં દેખાડવામાં આવેલી પહેલી ભારતીય ફિલ્મ કઈ હતી?

જ. રાજા હરિશ્ચંદ્ર.

૪. સ. રાજા હરિશ્ચંદ્ર ફિલ્મ સહુ પહેલા કયા થીએટરમાં દેખાડવામાં આવી?

જ. કોરેનેશન  થીએટરમાં.

૫. સ. ભારતની પહેલી રંગીન ફિલ્મ કઈ હતી?

જ. કિસાન કન્યા.

૬. સ. ભારતની પહેલી બોલતી ફિલ્મના દિગ્દર્શક કોણ હતા?

જ. અરદેશર માર્વન ઈરાની.

૭. સ. ભારતની પહેલી બોલતી ફિલ્મ કઈ હતી?

જ. આલમઆરા.

૮. સ. ભારતમાં પડદા પર દેખાડવામાં આવેલી પહેલી ફિલ્મ કઈ હતી?

જ. મેજિકલેમ્પ. (આ ફિલ્મ ભારતમાં નહોતી બની)

૯. સ. કઈ ભારતીય ફિલ્મનું પોસ્ટર સહુ પહેલા પ્રદર્શિત કરવામાં આવ્યું હતું?

જ. વત્સલા હરણ.

૧૦. સ. ભારતીય ફિલ્મમાં પહેલું ગીત કયા ગાયકે ગાયું હતું?

જ. ડબલ્યુ. એ. ખાન

૧૧. સ. ભારતીય ફિલ્મનું પહેલું ગીત કયું હતું?

જ. દે દે ખુદા કે નામ પે પ્યારે દેને કી ગર તાકત હો.

૧૨. સ. ભારતની પહેલી અંગ્રેજી બોલતી ફિલ્મ કઈ હતી?

જ. કર્મા.

૧૩. સ. ભારતની પહેલી ૩-ડી ફિલ્મ કઈ હતી?

જ. છોટા ચેતન.

૧૪. સ. કઈ ફિલ્મના ડાયલોગની પહેલી કેસેટ બહાર પડી હતી ?

જ. શોલે.

૧૫. સ. ઓસ્કાર પુરસ્કાર માટે પહેલી કઈ ફિલ્મનું નામ નોંધાવવામાં આવ્યું હતું?

જ. મધર ઇન્ડિયા.

૧૬. સ. ભારતની પહેલી પ્રતિબંધિત ફિલ્મ કઈ હતી?

જ. ભક્ત વિદુર જેને મદ્રાસ અને સિંધમાં પ્રતિબંધિત કરવામાં આવી હતી.

૧૭. સ. ભારતની પ્રથમ પ્રમાણિત ફિલ્મ કઈ હતી?

જ. ઓર્ફન્સ ઓફ ધ સ્ટોર્મ.

૧૮. સ. ભારતની એવી પહેલી ફિલ્મ કઈ હતી જેમાં સ્વપ્નનું દૃશ્ય દેખાડવામાં આવ્યું હતું?

જ. આવારા (૧૯૫૧)

૧૯. સ. બે ભાષાઓમાં રીલીઝ થયેલી પહેલી ફિલ્મ કઈ હતી?(ડબલ વર્ઝન)

જ. અયોધ્યેચા રાજા (મરાઠી)

૨૦. સ. કઈ ફિલ્મને સહુથી પહેલા રંગીન ફિલ્મ બનાવવાની કોશિશ કરવામાં આવી હતી?

જ. સૈરન્ધ્રી.

૨૧. સ. ઇંગ્લેન્ડમાં દેખાડવામાં આવેલી પહેલી ભારતીય બોલતી ફિલ્મ કઈ હતી?

જ. કર્મ

૨૨. સ, પ્રથમ સીનેમાસ્કોપ ફિલ્મ કઈ હતી?

જ. કાગઝ કે ફૂલ

૨૩. સ. ભારતનો પહેલો સંપૂર્ણપણે એરકન્ડીશન્ડ સિનેમાહોલ ક્યાં ખોલવામાં આવ્યો?

જ. મુંબઈમાં રીગલ સિનેમાહોલ (૧૯૩૩)

૨૪. સ. ઓનલાઈન પ્રીમિયરવાળી પહેલી ભારતીય ફિલ્મ કઈ હતી?

જ. વિવાહ (૨૦૦૬)

૨૫. સ. ભારતના પહેલા પાર્શ્વ ગાયક કોણ હતા?

જ. કે. સી. ડે.

૨૬. સ. ભારતમાં પહેલી રંગીન ફિલ્મનાં દિગ્દર્શક કોણ હતા?

જ. જે. જે. મદન.

૨૭. સ. ઓસ્કાર પુરસ્કાર મેળવનારી પહેલી ભારતીય કોણ હતી?

જ. ભાનુ  અથૈયા.

૨૮. સ. ઈલોરાની ગુફાઓમાં જેનું શુટિંગ થયું હતું એવી પહેલી ફિલ્મ કઈ હતી?

જ. સતી મહાનંદા (૧૯૩૩)

૨૯. સ. ભારતીય ફિલ્મની પહેલી સ્ત્રી દિગ્દર્શક કોણ હતી?

જ. જદ્દનબાઈ (તેમણે પોતાની સ્વ-નીર્મિત્ત ફિલ્મ તલાશ-એ-હક માટે

સંગીત પોતે જ આપ્યું હતું.)

૩૦. સ. ભારતીય ફિલ્મમાં પહેલીવાર બેવડી ભૂમિકા કરનાર અભિનેતા કોણ હતો?

જ. માસ્ટર વિઠ્ઠલ.

૩૧. સ. હોલીવુડની તાલીમ મેળવેલો પહેલો ભારતીય ટેકનિશિયન કોણ હતો?

જ. સુચેત સિંહ.

૩૨. સ.ભારતમાં સહુથી પહેલીવાર કેમેરાની ટ્રોલીનો ઉપયોગ કઈ ફિલ્મમાં કરવામાં આવ્યો હતો?

જ. ૧૯૩૧ માં પ્રભાત કંપનીના બેનર હેઠળ બનેલી મૂંગી ફિલ્મ ચંદ્રસેન માટે.

૩૩. સ. ભારતની પહેલી મહિલા સિનેમેટોગ્રાફર કોણ હતી?

જ. બી. આર. લક્ષ્મી.

૩૪. સ. 'નાસા' માં શૂટિંગ થયેલી પહેલી ભારતીય ફિલ્મ કઈ હતી?

જ. સ્વદેશ.

૩૫. સ. ભારતની પહેલી ફિલ્મ નિર્માત્રી કોણ હતી?

જ. ફાતિમા બેગમ.

૩૬. સ. ભારતીય ફિલ્મની પહેલી અભિનેત્રી કોણ હતી?

જ. એ હકીકત છે કે કોઈ ભારતીય ફિલ્મની પ્રથમ અભિનેત્રી કોઈ સ્ત્રી નહીં પણ સાલુંકે નામનો એક યુવક હતો. તેણે ૧૯૯૩ માં બનેલી પહેલી ભારતીય ફિલ્મ રાજા હરીશ્ચન્દ્રમાં રાણી તારાબાઈની ભૂમિકા આબેહૂબ ભજવી હતી.

૩૭. સ. એક જ અંશથી નીર્મિત્ત પહેલી ભારતીય ફિલ્મ કઈ હતી?

જ. ઓપરેશન અંકુશ. (સામાન્ય રીતે ફિલ્મોનું ફિલ્માંકન કેમેરાને ૦ થી ૩૬૦ અંશ સુધી ફેરવીને કરવામાં આવે છે પરંતુ એચ. વાસુદેવની ફિલ્મ ઓપરેશન અંકુશનું નિર્માણ કેમેરાને ૧૮૦ અંશ સુધી મર્યાદિત રાખીને બનાવવામાં આવી હતી.

૩૮. સ. ભારતની એવી પહેલી ફિલ્મ કઈ હતી જેમાં કોઈ હરતું ફરતું પાત્ર ન હતું?

જ. ધ ટોકિંગ ટ્રી. (આ ફિલ્મમાં કોઈ પણ માણસ અથવા પશુ પાત્ર નથી પરંતુ એક વૃક્ષ જ વાર્તાનાં મુખ્ય પાત્રની ભૂમિકા ભજવે છે.

૩૯. સ. પ્રસિદ્ધ સ્ટુડિયો બોમ્બે ટોકીઝ દ્વારા નીર્મિત્ત પહેલી ફિલ્મ કઈ હતી?

જ. જવાની કી હવા.

૪૦. સ. ભારતીય ફિલ્મની પહેલી સ્ત્રી અભિનેત્રી કોણ હતી?

જ. કમલા. (ફિલ્મ ભષ્માસુર મોહિની - ૧૯૧૩)

૪૧. સ. ભારતીય ફિલ્મની પહેલી બાળ કલાકાર (બાલિકા) કોણ હતી?

જ. મંદાકિની.

૪૨. સ. ભારતીય ફિલ્મનો પહેલો બાળ કલાકાર કોણ હતો (બાલક)?

જ. બાલકદાસ

૪૩. સ. ભારતમાં પહેલું ચલચિત્ર ક્યારે દેખાડવામાં આવ્યું?

જ. ૭ જુલાઈ, ૧૮૯૬.

૪૪. સ. ભારતમાં સહુથી પહેલું થીએટર ક્યારે અને કોણે બનાવ્યું?

જ. ૧૯૦૭ માં જે.એફ.મદને કલકત્તામાં પહેલું થીએટર બનાવ્યું હતું.

૪૫. સ. એવી કઈ પહેલી ભારતીય ફિલ્મ હતી કે જેમાં ફક્ત એક જ કલાકાર હતો?

જ. યાદેં.

---

લીલીયન ગીશ મૂંગી ફિલ્મોની એવી મુખ્ય અભિનેત્રી હતી કે જેની કારકિર્દી

સહુથી લાંબી હતી: ૧૯૧૨ થી ૧૯૮૭ સુધી તે કાર્યરત હતી! (૭૫ વર્ષ)



Lillian Gish was a major star of the silent era with one of the longest careers, working from 1912 to 1987

# પરિશિષ્ટ : ૪

## કેટલાક ભારતીય અભિનેતાઓની પહેલી ફિલ્મ:

| | | |
|---|---|---|
| 1. | અશોકકુમાર | જીવન નૈયા |
| 2. | રાજેશ ખન્ના | આરાધના |
| 3. | કિશોર કુમાર | શિકારી (૧૯૪૬) |
| 4. | દેવ આનંદ | હમ એક હૈ (૧૯૪૬) |
| 5. | દિલીપ કુમાર | જવારભાતા (૧૯૪૪) |
| 6. | ગુરુદત્ત | ચાંદ (૧૯૪૪) |
| 7. | સુનીલ દત્ત | રેલવે પ્લેટફોર્મ (૧૯૫૫) |
| 8. | મનોજ કુમાર | ફેશન |
| 9. | રાજ કુમાર | રંગીલી (૧૯૫૨) |
| 10. | મહેમૂદ | દો બીઘા જમીન (૧૯૫૩) |
| 11. | અમોલ પાલેકર | બાતોં બાતોં મેં (હિન્દી)/સંતતા કોર્ટ ચાલુ આહે (મરાઠી) |
| 12. | ફિરોઝ ખાન | દીદી |
| 13. | અમિતાભ બચ્ચન | સાત હિન્દુસ્તાની |
| 14. | ધર્મેન્દ્ર | દિલ ભી તેરા હમ ભી તેરે |
| 15. | અમજદ ખાન | હિન્દુસ્તાન કી કસમ |
| 16. | જેકી શ્રોફ | સ્વામી દાદા |
| 17. | આમીર ખાન | કયામત સે કયામત તક |

| | | |
|---|---|---|
| 18. | અજય દેવગણ | ફૂલ ઔર કાંટે |
| 19. | અક્ષય કુમાર | સૌગંધ |
| 20. | અભિષેક બચ્ચન | રેફ્યૂજી |
| 21. | અનીલ કપૂર | હમારે તુમ્હારે |
| 22. | અક્ષય ખન્ના | હિમાલયપુત્ર |
| 23. | અમરીશ પૂરી | પ્રેમ પુજારી |
| 24. | શાહરૂખ ખાન | દીવાના |
| 25. | સલમાન ખાન | બીવી હો તો ઐસી |
| 26. | સંજય કપૂર | રાજા |
| 27. | શાહિદ કપૂર | ઈશ્ક વિશ્ક પ્યાર વ્યાર |
| 28. | વિનોદ મેહરા | રાગની |
| 29. | વિનોદ ખન્ના | મન કા મિત |
| 30. | સંજય દત્ત | રેશ્મા ઔર શેરા |
| 31. | રજનીકાન્ત | અંધા કાનૂન |
| 32. | ઋષિ કપૂર | મેરા નામ જોકર |
| 33. | જીતેન્દ્ર | નવરંગ |
| 34. | ઋતિક રોશન | આશા (બાળપણમાં ભૂમિકા કરી હતી) |
| 35. | બોબી દેઓલ | ધર્મ વીર (બાળપણમાં ભૂમિકા કરી હતી) |
| 36. | સન્ની દેઓલ | બેતાબ |

==================================================

# પરિશિષ્ટ : ૫

# મધુબાલાની ચલચિત્ર યાત્રા

| | | |
|---|---|---|
| 1. | બસંત | ૧૯૪૨ |
| 2. | મુમતાઝ મહલ | ૧૯૪૪ |
| 3. | ધન્ના ભગત | ૧૯૪૫ |
| 4. | રાજપૂતાની | ૧૯૪૬ |
| 5. | પુજારી | ૧૯૪૬ |
| 6. | ફૂલવારી | ૧૯૪૬ |
| 7. | સાત સમુદ્રો કી મલ્લિકા | ૧૯૪૭ |
| 8. | મેરે ભગવાન | ૧૯૪૭ |
| 9. | ખૂબસૂરત દુનિયા | ૧૯૪૭ |
| 10. | દિલ કી રાની | ૧૯૪૭ |
| 11. | ચિતૌડ વિજય | ૧૯૪૭ |
| 12. | નીલકમલ | ૧૯૪૭ |
| 13. | પરાઈ આગ | ૧૯૪૮ |
| 14. | લાલ દુપટ્ટા | ૧૯૪૮ |
| 15. | દેશ સેવા | ૧૯૪૮ |
| 16. | અમર પ્રેમ | ૧૯૪૮ |
| 17. | સિપૈયા | ૧૯૪૯ |
| 18. | સિંગાર | ૧૯૪૯ |

| | | |
|---|---|---|
| 19. | પારસ | ૧૯૪૯ |
| 20. | નેકી ઔર બદી | ૧૯૪૯ |
| 21. | મહલ | ૧૯૪૯ |
| 22. | ઈમ્તહાન | ૧૯૪૯ |
| 23. | દુલારી | ૧૯૪૯ |
| 24. | દૌલત | ૧૯૪૯ |
| 25. | અપરાધી | ૧૯૪૯ |
| 26. | પરદેસ | ૧૯૫૦ |
| 27. | નિશાના | ૧૯૫૦ |
| 28. | હંસતે આંસૂ | ૧૯૫૦ |
| 29. | બેકસૂર | ૧૯૫૦ |
| 30. | મધુબાલા | ૧૯૫૦ |
| 31. | નિરાલા | ૧૯૫૦ |
| 32. | તરાના | ૧૯૫૧ |
| 33. | સૈંયા | ૧૯૫૧ |
| 34. | બાદલ | ૧૯૫૧ |
| 35. | નાદાન | ૧૯૫૧ |
| 36. | આરામ | ૧૯૫૧ |
| 37. | નાઝનીન | ૧૯૫૧ |
| 38. | ખજાના | ૧૯૫૧ |
| 39. | સાકી | ૧૯૫૨ |

| | | | |
|---|---|---|---|
| 40. | સંગદિલ | ૧૯૫૨ | |
| 41. | અરમાન | ૧૯૫૩ | |
| 42. | રેલ કા ડિબ્બા | ૧૯૫૩ | |
| 43. | બહુત દિન હુએ | ૧૯૫૪ | |
| 44. | અમર | ૧૯૫૪ | અંજુ રાય |
| 45. | તીરંદાજ | ૧૯૫૫ | |
| 46. | નકાબ | ૧૯૫૫ | |
| 47. | નાતા | ૧૯૫૫ | |
| 48. | મિસ્ટર એન્ડ મીસીસ ૫૫ | ૧૯૫૫ | અનીતા ગર્ગ |
| 49. | શીરીં ફરહાદ | ૧૯૫૬ | |
| 50. | રાજહઠ | ૧૯૫૬ | |
| 51. | ઢાકે કી મલમલ | ૧૯૫૬ | |
| 52. | યહૂદી કી લડકી | ૧૯૫૭ | |
| 53. | એક સાલ | ૧૯૫૭ | ઉષા સિન્હા |
| 54. | ગેટ વે ઓફ ઇન્ડિયા | ૧૯૫૭ | અંજુ |
| 55. | ફાગુન | ૧૯૫૮ | |
| 56. | ચલતી કા નામ ગાડી | ૧૯૫૮ | રેનૂ |
| 57. | કાલાપાની | ૧૯૫૮ | આશા |
| 58. | પુલિસ | ૧૯૫૮ | |
| 59. | હાવડા બ્રીજ | ૧૯૫૮ | એદના |
| 60. | બાગી સિપાહી | ૧૯૫૮ | |

| | | | |
|---|---|---|---|
| 61. | કલ હમારા હૈ | ૧૯૫૯ | મધુ/બેલા |
| 62. | ઇન્સાન જાગ ઉઠા | ૧૯૫૯ | ગૌરી |
| 63. | દો ઉસ્તાદ | ૧૯૫૯ | મધુશર્મા/અબ્દુલ રહમાન ખાં |
| 64. | બરસાત કી રાત | ૧૯૬૦ | શબનમ |
| 65. | મુગલ-એ-આઝમ | ૧૯૬૦ | અનારકલી |
| 66. | મહલોં કે ખ્વાબ | ૧૯૬૦ | આશા |
| 67. | જાલી નોટ | ૧૯૬૦ | રેનૂ |
| 68. | પાસપોર્ટ | ૧૯૬૧ | રીટા ભગવાનદાસ |
| 69. | ઝુમરુ | ૧૯૬૧ | અંજના |
| 70. | બોયફ્રેન્ડ | ૧૯૬૧ | સંગીતા |
| 71. | હાફ ટિકટ | ૧૯૬૨ | રજની દેવી/આશા |
| 72. | શરાબી | ૧૯૬૪ | કમલા |
| 73. | જ્વાલા | ૧૯૭૧ | |

------------------------------------------------------------------------

# પરિશિષ્ટ : ૬

# યે હૈ બમ્બઈ મેરી જાન...

❖ મુંબઈના ફિલ્મ સ્ટુડિયો :

| | |
|---|---|
| 1. ફાળકે ફિલ્મ્સ (૧૯૧૨) | દાદા સાહેબ ફાળકે (૧૮૭૦-૧૯૪૪) |
| 2. કોહિનૂર ફિલ્મ કંપની(૧૯૧૯) | દ્વારકાદાસ સંપટ (૧૮૮૪-૧૯૫૮) |
| 3. સાગર મૂવીટોન (૧૯૩૦) | ચીમનલાલ દેસાઈ/અંબાલાલ પટેલ |
| 4. શારદા ફિલ્મ સ્ટુડિયો (૧૯૨૫) | ભોગીલાલ દવે/નાનુભાઈ દેસાઈ. |
| 5. રણજીત મૂવીટોન (૧૯૨૯) | ચંદુલાલશાહ(૧૮૯૮- ૧૯૭૫) /ગૌહરબાનુ કયૂમ મામાજીવાલા (૧૯૧૦-૧૯૮૫) |
| 6. ઈમ્પિરિયલ ફિલ્મ કંપની (૧૯૨૬) | અરદેશર મારવાન ઈરાની (૧૮૮૬-૧૯૬૯) |
| 7. વાડિયા મૂવીટોન (૧૯૩૩) | જમશેદજી બોમન હોમી વાડિયા મન્ચેરશા બી. બિલીમોરિયા તેમજ બરજોરજી અને નાદિરશા. |
| 8. રાજકમલ સ્ટુડિયો (૧૯૪૨) | વી. શાંતારામ |

| | |
|---|---|
| 9. બસંત પિક્ચર્સ કંપની (૧૯૪૭) | હોમી વાડિયા (ચેમ્બુર) |
| 10. પ્રકાશ પિક્ચર્સ (૧૯૨૮) | વિજય જીગ્નેશ્વર ભટ્ટ (૧૯૦૭-૧૯૯૩) અને શંકરભાઈ જ. ભટ્ટ |
| 11. કારદાર સ્ટુડિયોઝ | અબ્દુલ રશીદ કારદાર (૧૯૦૪-૧૯૮૯) |
| 12. મહેબૂબ સ્ટુડિયો | મહેબૂબ ખાન |
| 13. બોમ્બે ટોકીઝ(૧૯૩૫) | હિમાંશુ રાય |
| 14. ફિલ્મીસ્તાન (૨૮-૪-૧૯૪૩) | શશધર મુખરજી |

❖ મુંબઈનાં વિવિધ નામ:

મુંબઇ-મુંબાઈ-મોંભઈ-મમ્માઈ-મન્બાઈ-મયામ્બુ-મોમ્બાઈમ-મોમ્બાયં-બોઆ બાઈમ-બોઆ વિડા-બોમ બાહિયા-બોમ્બાઈમ-બોમ્બેઈમ-બોમ્બે ચે બૂન બે-બમ્બઈ-બોમ્બે-સ્લમ્બે

❖ મુંબઈનાં ધર્મસ્થાનો :

- દેવી મુમ્બાનું મંદિર
- મહાલક્ષ્મી મંદિર
- સિદ્ધિ વિનાયક મંદિર
- ઝોરોસ્ટ્રીયન પારસી અગિયારીઓ
- ગેટ ઓફ મર્સી સિનેગોગ
- હાજી અલી દરગાહ
- જૈન દેરાસરો
- ગ્લોરિયા ચર્ચ
- અફઘાન ચર્ચ
- આમ્બ્રોલી ચર્ચ

❖ મુંબઈની ખાસ ઇમારતો :

- સર્વન્ટ્સ ઓવ ઇન્ડીયા સોસાઈટી
- રાજાબાઈ ટાવર
- વિક્ટોરિયા ટર્મિનસ
- કાલા ઘોડા
- કેફે લિયોપોલ્ડ
- બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બી.એસ.ઈ.)
- હેગ બિલ્ડીંગ

- બરફ ઘર (આઈસ હાઉસ)
- તાજમહાલ હોટેલ

❖ જૂનાં ઈરાની રેસ્ટોરાં અને બેકરીઓ

- બ્રેબોર્ન ઈરાની રેસ્ટોરાં
- સસાનીયન બેકરી
- યઝદાની બેકરી
- કયાની બેકરી
- બસ્તાની બેકરી

❖ મુંબઈનાં બંદરો :

- ➢ બોરી બંદર
- ➢ મસ્જીદબંદર
- ➢ ચીંચ બંદર
- ➢ વાડી બંદર
- ➢ કરનાક બંદર (ભાઉ ચા ધક્કા)
- ➢ કલેર બંદર (ભાઉ ચા ધક્કા)
- ➢ એલ્ફીન્સ્ટન બંદર
- ➢ કોળી બંદર
- ➢ ટાંક બંદર (ઘોડપદેવ પાસે)

➢ કોલસા બંદર

આ ઉપરાંત શિવડી અને મઝગાંવમાં પણ બંદરો છે. એ ઉપરાંત પાંચ-છ પરચૂરણ બંદરો પણ છે.

❖ અન્ય જાણવા જેવું:

- ✓ શરૂઆતમાં ચલચિત્રો તમ્બૂઓમાં દર્શાવવામાં આવતા હતાં.
- ✓ પ્રારંભિક તબકકામાં સ્ત્રીઓની ભૂમિકા પુરુષો ભજવતા હતા.
- ✓ બીજા વિશ્વવિગ્રહ પછી મુંબઈ અને ભારતના અન્ય શહેરોના ઘણા ફિલ્મ સ્ટુડિયોને તાળાં લાગી ગયા હતા.
- ✓ 'મુદ્દઈ લાખ બુરા ચાહે તો ક્યાં હોતા હૈ? વો હી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ.' (મહેબૂબ સ્ટુડિયોઃ સંગીતકાર રફીક ગઝનવીને કંઠે બોલાયેલા શબ્દો).
- ✓ મહાન વાંસળીવાદક પન્નાલાલ ઘોષ બોમ્બે ટોકીઝ સાથે સંકળાયેલા હતા.
- ✓ દેવિકારાણીએ ફક્ત બોમ્બે ટોકીઝની ફિલ્મોમાં જ અભિનય આપ્યો હતો.
- ✓ અભિનેતાઓના નામ પાછળ 'કુમાર' દર્શાવવાની પરંપરા અશોક'કુમાર' ના નામથી થઇ.

✓ દોઢસો વર્ષ પહેલાં દિલ્હીની કોઈ પ્રાથમિક શાળામાં 'બમ્બઈ કે બંદર' વિષય પર નિબંધ લખવાનું કહેવામાં આવ્યું હતું ત્યારે મોટાભાગના વિદ્યાર્થીઓએ મુંબઈના વાંદરા વિષે લખ્યું હતું! [તેને પુસ્તકીયા જ્ઞાનની - (ખરેખર તો તેને માહિતી કહેવાય, જ્ઞાન નહીં)- વ્યર્થતા કહેવાય.]

✓ પુણેનાં રાષ્ટ્રીય ફિલ્મ સંગ્રહાલયમાં જબરદસ્ત આગ લાગી હતી તેમાં સેંકડો ફિલ્મોની નેગેટીવ અને પોઝિટીવ બળીને ખાખ થઇ ગઈ હતી.

✓ દાદા સાહેબ ફાળકેના પુત્રી માઈ આઠવલે એટલે કે મંદાકિની ફાળકેએ સાત વર્ષની વયે કાલીય મર્દન (૧૯૧૯) માં બાલકૃષ્ણની ભૂમિકા ભજવી હતી તેથી તેઓ ભારતીય સેન્માના પ્રથમ સ્ત્રી અભિનેત્રી કહેવાય.

✓ દાદા સાહેબ ફાળકેનું મૂળ નામ ધૂંડીરાજ ગોવિંદ હતું. તેમનો જન્મ ૩૦ એપ્રિલ, ૧૮૭૦ માં અને મૃત્યુ ૧૬ ફેબ્રુઆરી, ૧૯૪૪ માં થયું હતું.

=======================================

# પરિશિષ્ટ : ૭


## દાદા સાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કલાકારો

| ક્રમ | વર્ષ | કલાકાર | કાર્યક્ષેત્ર | તસવીર |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૯ | દેવિકા રાણી | અભિનેત્રી |  |
| ૨ | ૧૯૭૦ | બી.એન.સરકાર | ફિલ્મ નિર્માતા |  |
| ૩ | ૧૯૭૧ | પૃથ્વીરાજકપૂર | અભિનેતા (મરણોપરાંત) |  |
| ૪ | ૧૯૭૨ | પંકજ મલિક | ફિલ્મ સંગીતકાર |  |
| ૫ | ૧૯૭૩ | સુલોચના/રૂબી માયર્સ | અભિનેત્રી |  |
| ૬ | ૧૯૭૪ | બોમીરેડ્ડી નરસિમ્હા રેડ્ડી | ફિલ્મ નિર્દેશક |  |
| ૭ | ૧૯૭૫ | ધીરેન્દ્રનાથ ગાંગુલી | અભિનેતા/ફિલ્મ નિર્દેશક |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૧૯૭૬ | કાનન દેવી | અભિનેત્રી |  |
| ૯ | ૧૯૭૭ | નીતિન બોસ | ફિલ્મ ચિત્રાંકન, નિર્દેશક, ફિલ્મ પટકથા લેખક |  |
| ૧૦ | ૧૯૭૮ | રાયચંદ્ર બોરાલ | ફિલ્મ સંગીતકાર/નિર્દેશક |  |
| ૧૧ | ૧૯૭૯ | સોહરાબ મોદી | અભિનેતા, ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૧૨ | ૧૯૮૦ | પી. જયરાજ | અભિનેતા, ફિલ્મ નિર્દેશક |  |
| ૧૩ | ૧૯૮૧ | નૌશાદ અલી | ફિલ્મ સંગીતકાર |  |
| ૧૪ - | ૧૯૮૨ | એલ.વી.પ્રસાદ | અભિનેતા, ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૧૫ | ૧૯૮૩ | દુર્ગા ખોટે | અભિનેત્રી |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૧૯૮૪ | સત્યજીત રાય | ફિલ્મ નિર્દેશક |  |
| ૧૭ | ૧૯૮૫ | વી. શાંતારામ | અભિનેતા, ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૧૮ | ૧૯૮૬ | બી. નાગીરેડ્ડી | ફિલ્મ નિર્માતા |  |
| ૧૯ | ૧૯૮૭ | રાજકપૂર | અભિનેતા, ફિલ્મ નિર્દેશક |  |
| ૨૦ | ૧૯૮૮ | અશોકકુમાર | અભિનેતા |  |
| ૨૧ | ૧૯૮૯ | લતા મંગેશકર | પાર્શ્વ ગાયિકા |  |
| ૨૨ | ૧૯૯૦ | એ. નાગેશ્વર રાવ | અભિનેતા |  |
| ૨૩ | ૧૯૯૧ | ભાલજી પેંઢારકર | ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા, ફિલ્મ પટકથા લેખક |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | ૧૯૯૨ | ભૂપેન હજારિકા | ફિલ્મ નિર્દેશક, ગાયક |  |
| ૨૫ | ૧૯૯૩ | મજરૂહ સુલતાનપુરી | ગીતકાર |  |
| ૨૬ | ૧૯૯૪ | દિલીપકુમાર | અભિનેતા |  |
| ૨૭ | ૧૯૯૫ | રાજકુમાર | અભિનેતા |  |
| ૨૮ | ૧૯૯૬ | શિવાજી ગણેશન | અભિનેતા |  |
| ૨૯ | ૧૯૯૭ | પ્રદીપ | ગીતકાર |  |
| ૩૦ | ૧૯૯૮ | બી.આર. ચોપરા | ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૩૧ | ૧૯૯૯ | ઋષિકેશ મુખર્જી | ફિલ્મ નિર્દેશક |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | ૨૦૦૦ | આશા ભોંસલે | પાર્શ્વ ગાયિકા |  |
| ૩૩ | ૨૦૦૧ | યશ ચોપડા | ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૩૪ | ૨૦૦૨ | દેવ આનંદ | અભિનેતા, ફિલ્મ નિર્દેશક, ફિલ્મ નિર્માતા |  |
| ૩૫ | ૨૦૦૩ | મૃણાલ સેન | ફિલ્મ નિર્દેશક |  |
| ૩૬ | ૨૦૦૪ | અદૂર ગોપાલકૃષ્ણન | ફિલ્મ નિર્દેશક |  |
| ૩૮ | ૨૦૦૫ | શ્યામ બેનેગલ | ફિલ્મ નિર્દેશક |  |
| ૩૮ | ૨૦૦૬ | તપન સિન્હા | ફિલ્મ નિર્દેશક |  |
| ૩૯ | ૨૦૦૭ | મન્ના ડે | પાર્શ્વ ગાયક |  |
| ૪૦ | ૨૦૦૮ | વી. કે. મૂર્તિ | છાયાકાર (કેમેરા-મેન) |  |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧ | ૨૦૦૯ | ડી. રામાનાયડુ | ફિલ્મ નિર્માતા |  |
| ૪૨ | ૨૦૧૦ | કે. બાલાચંદર | ફિલ્મ નિર્દેશક |  |
| ૪૩ | ૨૦૧૧ | સૌમિત્ર ચેટરજી | અભિનેતા |  |
| ૪૪ | ૨૦૧૨ | પ્રાણ | અભિનેતા |  |
| ૪૫ | ૨૦૧૩ | ગુલઝાર | ગીતકાર, કવિ, પટકથા લેખક,નિર્માતા,નિર્દેશક |  |
| ૪૬ | ૨૦૧૪ | શશી કપૂર | અભિનેતા અને ફિલ્મ નિર્માતા |  |

# For free downloading such unique

# Gujarati eBooks

# Visit..

અક્ષરનાદ
AksharNaad.com

અંતરની અનુભૂતિનો અક્ષર ધ્વનિ